

# પડ જુઓ પાંચાળ

(ભાગ-૨ મૂળી)

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર




શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રી બી.એમ. મેટાલિયા
ડૉ. ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

★ શ્રી ચિરાગભાઈ લખતરિયા
બી.આર.સી., મૂળી
★ શ્રી પ્રદીપસિંહ પરમાર
મહામંત્રી, જિ.પ્રા.શિ.સંઘ, સુરેન્દ્રનગર
★ ડૉ. મહીપાલસિંહ પરમાર
સી.આર.સી., સરલા
★ શ્રી નરવીરભાઈ મૈયરા
HTAT, ગૌતમગઢ
★ શ્રી બળવંતભાઈ કાલિયા (SRG)
★ શ્રી દિનેશચંદ્ર જોશી (લીમલી કુમાર)
★ શ્રી પીયૂષભાઇ પટેલ (સરા-૧)
★ શ્રી રવીન્દ્ર સોલંકી (રામપર)
★ શ્રી જયેશભાઇ દસાડિયા (લિયા)

## પડ જુઓ પાંચાળ...

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;
નર પટાધર નીપજે, પડ જુઓ પાંચાળ.

'પલાશ' મુખપત્રના માધ્યમથી આપ સૌની સમક્ષ ઉપસ્થિત થતાં અમોને આનંદ થાય છે. ડાયેટ - સુરેન્દ્રનગર દ્વારા NEP 2020 અંતર્ગત સાહિત્ય નિર્માણ કરવાનો એક નમ્ર પ્રયાસ કરી રહ્યાં છીએ.

NEP 2020માં Section-4 અભ્યાસક્રમ અને પધ્ધતિશાસ્ત્ર (Curriculum and Pedagogy) તથા Section 4.23 અને ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge Systems) જેવાં મુદ્દાઓમાં સ્થાનિક પર્યાવરણ, ઈતિહાસ, સંસ્કૃતિ, સ્થાનિક સાહિત્ય અને સમાજ સાથે જોડાયેલ બાબતોનો ઉલ્લેખ કરેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ની સૂચિત ભલામણોને ધ્યાને રાખી ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા આપણાં જિલ્લાના પ્રદેશ પ્રમાણેના વિશેષાંક બનાવવાની શૃંખલામાં 'વઢવાણની પરકમ્મા' તથા 'પડ જુઓ પાંચાળા' (ભાગ-૧ ચોટીલા-થાન) પ્રગટ કરી ચૂક્યા છીએ. જે શૃંખલામાં 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૨ મૂળી) પ્રગટ કરી રહ્યાં છીએ.

'પડ જુઓ પાંચાળ' (ભાગ-૨ મૂળી) મૂળી તાલુકાના ધોરણ 6થી 8ના સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપનકાર્ય કરાવતાં શિક્ષકને સંદર્ભ સાહિત્ય તરીકે પૂરક બની રહેશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરૂં છું.

મૂળી એ પ્રાચીન અને અર્વાચીન રીતે આગવો ઇતિહાસ, પર્યાવરણ અને ભૂગોળ ધરાવે છે. જેની સંસ્કૃતિ, સાહિત્ય અને પરિવેશ અલગ જ છે. આપ સૌને આ વિશેષાંક અધ્યાપન-કાર્યમાં ઉપયોગી બની રહેશે તેવાં ઉદ્દેશ સાથે 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૨) આપ સૌને અર્પણ કરૂં છું.

**ડૉ. સી.ટી. ટૂંડિયા** પ્રાચાર્ય, ડાયેટ-સુરેન્દ્રનગર

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭
E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendranagar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૨**
E-mail : dietsurendranagar@gmail.com





## પાંચાળ (મૂળી)ની જરૂરી વિગતો



✦ **ભૌગલિક સ્થાન :** ભૌગલિક રીતે મૂળી રાજય 22, 23', 45'' અને 22, 46', 45'' ઉત્તર અક્ષાંક્ષ અને 71, 25'' તથા 71, 15'' પૂર્વ રેખાંશની વચ્ચે આવેલો વિસ્તાર રાજયના કબજામાં હતો. તે કુલ 132.2 ચોરસ માઇલના વિસ્તારમાં વિસ્તરેલું હતું અને તેમાં કુલ 20 ગામો હતા.

✦ **સરહદો :** મૂળી રાજયની ઉત્તર દિશામાં તે વખતના ધ્રાંગધ્રા અને વઢવાણ રાજ્ય, દક્ષિણમાં સાયલા અને વઢવાણ રાજ્ય તથા ચોટીલાનાં થાણાના ગામો હતા. પૂર્વમાં વઢવાણ રાજ્ય હતું. અને પશ્ચિમાં ધ્રાંગધ્રા તથા સાયલા રાજ્ય તથા ચોટીલાના થાણાના ગામો હતા.

✦ **વસ્તી :** ઈ.સ. 1921ની વસ્તી ગણતરી મુજબ મૂળી રાજયની કુલ વસ્તી 16309 માણસોની હતી. તેમાં 8250 પુરૂષો અને 8059 સ્ત્રીઓ હતી. જેમાં 14474 હિન્દુઓ, 1279 જૈનો અને 556 મુસલમાનો હતા.

મૂળી ગામની વસ્તી કુલ 5366 માણસોની હતી, જેમાં 2726 પુરૂષો અને 2640 સ્ત્રીઓ હતી. તેમાં 4464 હિન્દુઓ, 617 જૈનો અને 285 મુસલમાનો હતા.

✦ **ખેતીની જમીન અને પાક :** મૂળી રાજ્યની જમીન લગભગ સપાટ અને કાળી ખુલ્લી જમીન છે. હવામાન એકંદરે સૂકું અને આરોગ્યપ્રદ છે. છતાં ઉનાળામાં ખૂબ જ ગરમી પડે છે. બાજરી, જુવાર, ચણા, કપાસ, ઘઉં, અને કઠોળ વગેરે ખેતીના પાકો થાય છે. વૃક્ષોમાં જાંબુડા, પીપળ, બાવળ, બોરડી, ખીજડા વગેરે તથા આવળ જોવા મળે છે. મૂળી રાજ્યમાં એક પણ જંગલ હતું નહી અને જંગલ ઊભું કરવાનું શક્ય પણ ન હતું. કારણ કે રાજ્યમાં નકામી-ખરાબાની જમીન વધુ ન હતી. અને જે કંઈ થોડી હતી તે સૂકી, રેતાળ અને પાણીની ખામી વાળી હતી.



✦ **રેલવે અને રસ્તા :** તે વખતની મોરબી રેલવે લાઇન પર મૂળી રોડ સ્ટેશન મૂળી ગામથી 3 માઇલ (5 કિ.મી.) દૂર છે. અને વઢવાણ-રાજકોટ ટૂંક રોડ મૂળી રાજ્યની હદમાંથી પસાર થાય છે.

✦ **આવક અને ખર્ચ :** રાજ્યને લગભગ બે લાખ રૂપિયા જેટલી વાર્ષિક આવક થતી હતી અને તેટલો જ ખર્ચ થતો હતો. બ્રિટીશ સરકારને રૂા. 7500/- ખંડણી અને જુનાગઢને રૂા. 1853/ -ભરતું હતું.

મૂળી રાજ્યના ઈ.સ. 1939-40 માં કુલ 13 શાળાઓ હતી. જેમાં 10 શાળાઓ ગામડામાં અને 3 શાળાઓ મૂળીમાં હતી.

✦ **મુખ્ય શહેર :** મૂળી રાજ્યનું મુખ્ય શહેર મૂળી હતું. ત્યાં રાજગાદી હતી. મૂળી શહેર વઢવાણના ભોગાવો તરીકે ઓળખાતી નદીના પૂર્વ કાંઠે વસેલું છે. જે હાલનાં સુરેન્દ્રનગરથી 20 કિમી. દૂર પશ્ચિમમાં છે અને તે રાજકોટ જતાં રોડ ઉપર આવેલું છે. મૂળીમાં મુસાફરી બંગલો અને બે ધર્મશાળાઓ હતી. જેમાંની એક ધર્મશાળા ગૌશાળા પાસે આવેલી છે. મૂળીમાં પરમારોનાં ઈષ્ટદેવ શ્રી માંડવરાયજી (સૂર્ય) મંદિર તથા શ્રી સ્વામિનારાયણ મંદિર, કામધેનૂ મંદિર, અલર્કવાવ અને સદાવાડી વગેરે દર્શનીય સ્થાનો છે.

મૂળી રાજ્યે મૂળીમાં એક લાયબ્રેરી કરી હતી. મૂળી રાજ્યમાં કુલ 21 ગામો હતા. જેમાં મૂળી મુખ્ય શહેર હતું. 10 ગામોની વસ્તી 1000 માણસો કરતાં ઓછી હતી. 9 ગામોની વસ્તી 1000 માણસો કરતાં ઓછી હતી. 1 ગામની વસ્તી 1 હજારથી વધુ પણ 3000થી ઓછી હતી. 1 ગામની વસ્તી 5000 થી 10000 સુધીની હતી. 21 ગામોમાંથી 12 ગામો સુવાંગ ભાયાતી ગામ હતા. તેનાં મૂળી રાજ્યે પોતાનો ગરાસ ખરીદીને રાખ્યો હતો. 9 ગામ મજમુ અને ખાલસાના ગામો હતા.

મૂળી રાજ્યમાં એક જેલ હતી. જેનું મકાન પાકા પથ્થરોનું બનેલું હતું. તેમાં 10 રૂમો હતા. જે રાજ્યના કેદીઓ માટે પૂરતા હતા. રાજ્યના ન્યાયધીશ જેલના સુપ્રિટેન્ડન્ટ હતા. મૂળી રાજયમાં કુલ 4 પોસ્ટ ઑફિસ હતી. તેમાં મૂળીમાં પોસ્ટ ઑફિસ અને તાર ઑફિસ





ભેગી હતી. અને ત્રણ બ્રાંચ પોસ્ટ ઑફિસો-દિગસર, દાણાવડ અને ટીકરમાં હતી. જે તે શાળાના શિક્ષકના ચાર્જમાં હતી.

મૂળીનાં બગીચાનો કૂવો પાકો બાંધેલો હતો. જે 28 ફૂટ પહોળો, 40 ફૂટ લાંબો, 30 ફૂટ ઉંડો હતો. અને તે 7 કોશનો હતો. મૂળી રાજ્યના કેટલાંક ગામડામાં ખાદીનું વણાટકામ થતું હતું. કપડા ઉપર રંગકામ અને ડાંઈગ કામ વિશેષ કરીને મૂળીમાં થતું હતું અને તેની માંગ આજુબાજુની પ્રદેશમાં હતી. મૂળીમાં કપાસનું જીન અને પ્રેસ હતા. મૂળી રાજયને પોતાની મિલિટરી ન હતી. પણ પોલીસ દળ હતું. જેમાં કુલ 51 નો સ્ટાફ હતો. 1 મુખ્ય કોન્સ્ટેબલ, 1 જમાદાર, 1 હવાલદાર, 6 ઘોડેસ્વાર, 30 પાયદળ પોલીસ, 10 પાયદળ અંબિકા નિવાસના, 2 પોલીસ પરગણાના કુલ 51 પોલીસ હતા.

મૂળીથી પશ્ચિમ તરફ એકાદ માઈલ દૂર ટીડાણાના માર્ગે એક તેતર પક્ષી માટે થયેલ લડાઇનું સ્થળ ‘ગાગડીયા’ તરીકે ઓળખાય છે. જ્યાં તેતરની રક્ષા માટે વીરગતિ પામેલ કુંવર મુંજાજી અને તેના સાથીદારોના મળી કુલ 140 પાળિયાઓ છે. કુંવર મુંજાજીનો પાળિયો અને માતા જોમબાઇના હાથના પંજાનો એક પાળિયો દેરીમાં હાલમાં પણ મોજુદ છે.

✦ **ખંડણીની વિગત :** મૂળી રાજ્ય બ્રિટિશ સરકારને રૂપિયા 7501/- આપતું હતું અને જુનાગઢના નવાબને જોરતલલીના રૂા. 1853/- ભરતું હતું.

✦ **મૂળીના રાજ્ય સાથે બ્રિટિશ સરકારે કરેલ સંધિ કરારો :**

(1) 1821 નો અફીણનો ચોરી ન થવા દેવાનો કરાર.
(2) તા. 15/2/1887થી આવનારી રેલવે ટ્રેનો ઉપર બ્રિટિશ સત્તા સ્વીકારવાનો નિર્ણય.
(3) તા. 15/11/1895 થી મીઠાનો કરાર.

સૌરાષ્ટ્રમાં 222 રજવાડાઓ હતા. તેમાં મૂળી એક જ પરમાર ક્ષત્રિયોનું રાજ્ય હતું અને તે મૂળી રાજ્યની સ્થાપનાથી છેક દેશની આઝાદી (ઈ.સ. 1947) સુધી ટકી રહ્યું હતું. તે ચોથા વર્ગનું બિનસલામી રાજ્ય હતું. મુંબઈના નામદાર ગર્વનર સાહેબ મૂળીના રાજવીની મુલાકાત બીજા અને ચોથા વર્ગના રાજાઓ સાથે એકત્ર લે એવો હકક તે ધરાવતું હતું.

(મૂળી રાજ્યના એડમિનિસ્ટ્રેશન રીપોર્ટ ઉપરથી તથા કાઠિયાવાડ ડિરેકટરી ભાગ-4 થો પુસ્તક 1 લું પાનું-128 રચયિતા - રતનજી પેસ્તનજી)

મૂળી રાજ્યને ભારત સરકાર તરફથી રૂા. 53000/- સાલિયાણા તરીકે મળતા હતા. જે રકમ ઈ.સ. 1970 સુધી મળતી હતી અને પછી તે નાબૂદ થયું છે.

## ✦ માંડવરાયજી મંદિર–મૂળી :



માંડવરા મૂળી વસે, અને પારકરો પાદશાહ ।
ત્રણ લોક તેને નમે, આપત સુખ અથાહ ।।

હાલના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું મૂળી ગામ પરમારોની સોઢા શાખાના ક્ષત્રિયોનું ગામ છે. મૂળી ગામ વિ. સંવત 1500 થી વિ.સં. 2004 સુધી સોઢા પરમારોની રાજધાનીનું નગર હતું. હાલમાં પણ આ ગામમાં ક્ષત્રિયોની વસતિ મુખ્ય છે. અને તાલુકાનું મુખ્ય મથક છે. આ ગામની વચ્ચે પરમારો અને વણિક પટેલોના ઈષ્ટદેવ શ્રી માંડવરાયજી દાદાનું ભવ્ય મંદિર છે. મંદિર પૂર્વાભિમુખ છે અને મંદિર પાસેનો વિસ્તાર માંડવરાયજીની પોળ તરીકે ઓળખાય છે.

મંદિરમાં પ્રતિષ્ઠિત થયેલી પાંચ મૂર્તિઓ વિ.સં. 1215 નાં કારતક સુદ પાંચમને રવિવારના રોજ પંચાળ પ્રદેશમાં આવેલાં 'માંડવ'ના ડુંગરમાંથી મળેલ છે. તેથી સૂર્ય ભગવાનના આ મંદિરનું નામ માંડવરાયજી મંદિર રાખેલ છે. જેને સમર્થન આપતો એક દુહો મળે છે.

વસીયા આય પંચાળ બિચ, માંડવરી ધર માંય ।
નામ તેથી ધરીયું નકકી, મહી પર માંડવરાય ।।

જે દિવસે આ મૂર્તિઓ માંડવાના ડુંગરામાંથી પ્રાપ્ત થઇ તેજ દિવસથી નિયમિત ધૂપ, દીપ, પૂજા અને આરતી થાય છે અને અખંડ દીવો બળે છે. મૂળી વસાવનાર લગધીરજી (બીજા) પરમારે વિ. સંવત 1475 ના કારતક સુદ પાંચમનાં રોજ મૂળીમાં આ મંદિર બંધાવ્યું છે ત્યારબાદ વિ.સંવત 1685ના મહાસુદ એકાદશીને રવિવાર તા. 25-1-1629 ના પરમાર રાજા ચમોજીના વિજયરાજમાં નંદવાણા ગોપાલે માંડવરાય મંદિરનો જીર્ણોધ્ધાર અને વિકાસ કરાવ્યો છે. આ બાબતને લગતો શિલાલેખનું લખાણ પરિશિષ્ટમાં આપેલ છે. ફરી પાછું વિ.સં. 1991ના અષાઢ સુદ ત્રીજના રોજ તે વખતના મૂળીના ઠાકોર હરિશ્ચંદ્રસિંહજીએ જીર્ણોધ્ધાર કરાવેલ અને આગળના બે ઘુમટો નવા બંધાવ્યા છે.

નિજ મંદિરમાં ચાંદીના પાલખમાં મુખ્ય પાંચ મૂર્તિઓ બિરાજે છે. જેમાં વચ્ચે માંડવરાયજી દાદા (સૂર્ય)ની મૂર્તિ છે. તેમની ડાબી તરફ સૂર્ય ભગવાનના રાણી રાંદલમાની મૂર્તિ





છે તેની બાજુમાં ડાબી તરફ કાળા રંગની મૂર્તિ ચત્રભુજ ભગવાન (વિષ્ણુ)ની છે. માંડવરાયજીથી જમણી બાજુએ પ્રથમ પીંગળાજીની મૂર્તિ અને તેની બાજુમાં સૂર્યનાં ગુરૂ બૃહસ્પતિજીની મૂર્તિ છે. નિજ મંદિરમાં અંદરનાં દરવાજાથી દક્ષિણ બાજુમાં પ્રાચીન શિલાલેખ છે. જેનું લખાણ પરિશિષ્ટમાં આપેલ છે. શિલાલેખ પાસે ગણેશજીની મૂર્તિ છે. ઉત્તર દિશામાં હનુમાનજી બિરાજે છે. મોટા ઘુમટવાળા ભાગની ઉત્તર તરફ ભગવાન શંકર બિરાજમાન છે.

છેલ્લા દશેક વરસથી આ મંદિરના જીર્ણોધ્ધારનું કાર્ય ગુજરાતના રત્નસમા અને જેણે દાનની સખાવત ખોલી છે એવા દાનવીર તરીકે ખૂબજ જાણીતા દીપચંદભાઇ ગાર્ડી સાહેબે શરૂ કરાવ્યું છે અને લાખો રૂપિયા ખર્ચીને મંદિરની અંદર તથા બહારનાં ભાગમાં સંપૂર્ણ સફેદ આરસ ફીટ કરાવ્યો છે. સફેદ આરસનું શોભતું હાલનું મંદિર ખૂબ જ સુંદર અને મનોરમ્ય લાગે છે. મંદિરના ઉંચા શિખરે સુવર્ણ કળશ શોભે છે અને બાવન ગજની ધોળી ધજા ફરકે છે. મંદિરનો જીર્ણોધ્ધાર થયા પછી તા. 11, 12 અને 13 ડીસેમ્બર-1999 એમ ત્રણ દિવસ સુધી ઉત્સવો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યા છે.

ભગવાન માંડવરાય દાદાના મંદિરનો જીર્ણોધ્ધારનું કાર્ય કરાવીને શ્રી દીપચંદભાઇ ગાર્ડી સાહેબે માંડવરાયજીની શ્રધ્ધા ભકિત ઉપરાંત મૂળીની શોભા અને ગૌરવ વધાર્યા છે. મંદિર નિર્માણકાર્ય કમિટિનાં શ્રી દિપચંદભાઈ ગાર્ડી સાહેબ અને શ્રી જુવાનસિંહજી જીલુભા પરમાર અને શ્રી ભરતભાઇ રતિલાલ શેઠ વગેરેએ મંદિરને સોળે કળાએ શોભાવ્યું છે. રથના ઘાટના મંદિરમાં મૂર્તિઓ પણ રથારૂઢ કરેલી છે. મંદિરના મોટા ઘૂમટમાં ઐતિહાસિક પ્રસંગોના ચિત્રો તેને લગતું લખાણ તથા અન્ય દેવો વગેરેની મૂર્તિઓ મૂકીને ઘૂમટની શોભા પણ ખૂબ જ અનેરી બની ગઇ છે. મંદિરની ઉંડાઈ 100 ફૂટ છે અને પહોળાઇ 40 ફૂટ જેટલી છે. મંદિર ઊંચા પગથાર ઉપર ઉભેલું છે. અને ફરતો કોટ બાંધેલો છે. મંદિરમાં આવતા યાત્રિકો માટે રહેવાનું મહેમાન ગૃહ તેમજ પથારી પાગરણ વગેરે સગવડતાઓ છે.

માંડવરાયજીનાં હાલનાં મહંત દાદા શ્રી શાંતિગિરિજી છે. મૂળી ચોવીસીના પરમારો તરફથી મંદિરમાં દિવા-દિવેલ માટે અને પુજારીની આજીવિકા માટે 500 વીઘા જેટલી જમીન આપવામાં આવે છે. આ ઉપરાંત પણ દર વર્ષે પરમારો તરફથી એક સાંતી દીઠ એકમણ બાજરો અને એક મણ કાલા આપવામાં આવે છે. મૂળી ચોવીસીના પરમારોમાં જયારે દીકરીના લગ્ન થાય છે ત્યારે માંડવરાયજી દાદાને 'સવાધો' ચડાવવવામાં આવે છે. આ સવાધો એટલે વાઘા-વસ્ત્રો. જેમાં આંગડી, કેડીયું અને સૂરવાળ તથા પાઘડી મુખ્ય હોય છે, અને મંદિર ઉપર બાવન

ગજની ધજા ચડાવવાની હોય છે. પરમાર કુટુંબમાં દીકરાના લગ્ન થાય ત્યારે વર-કન્યાની છેડાછેડી મંદિરમાં જ છોડવામાં આવે છે.

હાલમાં દર રવિવારે તો અસંખ્ય દર્શનાર્થીઓ દર્શન કરવા માટે આવે છે. મંદિરમાં ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે.

મૂળી જવા માટે સુરેન્દ્રનગરથી અમદાવાદથી, રાજકોટથી, જામનગરથી વગેરે અનેક શહેરોથી બસ મળે છે. આ પવિત્ર ધામની મુલાકાત લઈ માંડવરાયજી દાદાના દર્શન કરી શ્રધ્ધા વ્યકત કરીએ તે પણ એક તીર્થયાત્રા જ છે. માંડવરાયજી દાદા અર્થાત્ ભગવાન સૂર્યનારાયણને પ્રાર્થના કરીએ:

નમઃ સૂર્યાય શાન્તાય, સર્વ રોગ વિનાશિને ।
આયુઃ આરોગ્યું ઐશ્વર્ય, દેહિ દેવ જગત્પતે ।।

### ✦ રથારૂઢ સૂર્યદેવનું સ્વરૂપ :

રથારૂઢ માંડવરાયજી (સૂર્ય)ના સ્વરૂપ અંગે એક ગૂઢાર્થ દોહો છે, જે નીચે પ્રમાણે છે :

।। ગુઢાર્થ દોહો ।।
નૈન અઢાર રૂ શિશ નૌ, ખટ ચરણ ભૂજ ચાર ।
તીન લોક તિનકું નમે, ગુણીજન કરો વિચાર ।।

ભાવાર્થ : જેઓના નેત્રો અઢાર છે મસ્તક નવ છે. છ ચરણ છે. અને ભૂજાઓ ચાર છે. એવા દેવને ત્રણેય લોક (સ્વર્ગ, મૃત્યુ, પાતાળ) નમસ્કાર કરે છે. હે ! સદ્‌ગુણી સજજનો તે દેવનું નામ શું ? તેનો વિચાર કરી જવાબ આપો. જવાબ-શ્રી સૂર્યનારાયણ દેવ

જવાબની સમજુતી : ભગવાન શ્રી સૂર્યનારાયણ (માર્તંડરાય, માંડવરાય) પોતાના રથ મધ્યે બિરાજી ઉદયાચળ પર્વત ઉપરથી જગતના અંધકારનો નાશ કરી, પોતાના મહાન પ્રકાશમાન કિરણો પૃથ્વી ઉપર ફેલાવતા પધારે છે. તે સમયનું વર્ણન ઉપરના દોહામાં છે.

| નામ | નેત્ર | મસ્તક | ચરણ | ભુજાઓ |
|---|---|---|---|---|
| શ્રી સૂર્યનારાયણ દેવ | ૨ | ૧ | ૨ | ૨ |
| અરૂણ-સારથિ | ૨ | ૧ | ૦ | ૨ |
| ઉચ્ચશ્રવા અશ્વ | ૧૪ | ૭ | ૪ | ૦ |
| કુલ | ૧૮ | ૯ | ૬ | ૪ |





આવા પ્રત્યક્ષ પ્રભુ (સૂર્યદેવ)ને ત્રણ લોક નમસ્કાર કરે છે. આ મૃત્યુ લોકમાં કોઇ દેવ-દેવી પ્રત્યક્ષ પોતાનું દર્શન આપતા હોય તો માત્ર સૂર્યદેવ એક જ દેવ છે. શંકર પાર્વતી (ઉમા)ના સંવાદમાં પણ સૂર્યને પ્રત્યક્ષ દેવ ગણવામાં આવે છે. જેને લગતો દોહો છે :

ઉમા કહે ઇશર સૂનો, એ તા લોગ અજાણ ।
સૂરજ પ્રત્યક્ષ દેવ હૈ, લોગ પૂજે પાષાણ ।।

('શ્રી મૂળી માંડવરાયજીનો પ્રાચીન ઇતિહાસ' લેખક-રાજકવિ માવદાનજી રત્નું-માંથી સાભાર સંકલિત કર્યું)

### ✦ શ્રી સ્વામિનારાયણ મંદિર-મૂળી :



સદ્‌ગુરૂ શ્રી બ્રહ્માનંદજી સ્વામીએ પોતાના ગ્રંથ 'ધર્મ વંશ પ્રકાશ'માં મૂળીના મંદિર વિશે લખ્યું છે.

મૂળીમાં મંદિર ભયો, મંદિર સબકો મોર,
દૂજી માનું દ્વારિકા, કીની ધર્મ કિશોર.

મૂળીની પવિત્ર ભૂમિમાં ભોગવાને કાંઠે આવેલ પ્રાચીન અને ઐતિહાસિક એવી અલર્કની વાવની સામે જ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભવ્ય મંદિર શોભી રહ્યું છે. સદ્‌ગુરૂ શ્રી બ્રહ્માનંદજી સ્વામીના આ પૃથ્વી ઉપરના અંતિમ સર્જન કાર્યની ભવ્યતા અને દિવ્યતાના દર્શન આપણે આ મંદિરમાં કરી શકીએ છીએ.

મૂળીમાં આ મંદિર બાંધવા માટે એ વખતના મૂળીના ઠાકોર પરમાર રામાભાઇએ શ્રી સહજાનંદ સ્વામીને જેટલી જોઈએ તેટલી જમીનનો લેખ યાવદ્‌ચંદ્ર દિવાકરો કરી આપ્યો હતો.

આ જમીન ઉપર સંવત 1879 ના મહાસુદી પાંચમ (વસંત પંચમી) ના પવિત્ર દિવસે સ્વયં શ્રી સહજાનંદ સ્વામીએ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કર્યો હતો. અને એજ જમીન ઉપર નવનિર્મિત મંદિરમાં સંવત 1888માં સદ્‌ગુરૂ શ્રી બ્રહ્માનંદજી સ્વામીએ એ જ પ્રસાદીના રાધાકૃષ્ણદેવની મૂર્તિ પધરાવી પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી.

મંદિર સંકુલમાં જવાના ભવ્ય પ્રવેશદ્વાર ઉપર ત્રણ માળવાળી કાષ્ઠકલાની વિભૂષિત ચિત્તાકર્ષક હવેલી છે. જેમાં પ્રવેશદ્વારમાં દાખલ થઇએ ત્યાં જ આકાશમાં ઉડતા ગરૂડની

આકૃતિ જેવું દેવમંદિર આપણાં મનને આકર્ષી જાય છે. ચારેય બાજુએ વિશાળ ચોકમાં મધ્યમાં ત્રણ શિખરોવાળું ભવ્ય મંદિર શોભે છે. શિખર ઉપર સુવર્ણકળશ અને સુવર્ણ ધ્વજદંડ સાથે કલ્યાણનો કોલ આપતી શ્વેત ધજાના દર્શન થાય છે. મંદિરની આગળની બાજુએ ઊંચા પડથાર ઉપર 64 સ્તંભો પર બનેલો વિશાળ ઘુમટ છે અને મંદિર ફરતો વિશાળ પ્રદક્ષિણા પથ છે. મંદિરના પ્રવેશદ્વારે બે વનકેસરી સિંહો સાથે મૂળીના ઠાકોર રામાભાઇ અને તાવીના દરબાર જેષ્ઠજીતજીની પ્રતિમાઓ દ્વારપાલ તરીકે શોભે છે. ત્યાર પછી જમણી બાજુએ સિધ્ધિદાયક ગણેશજી અને ડાબી તરફ કષ્ટભંજન હનુમાનજીની પ્રતિમાઓ છે. ત્યાંથી આગળ વધી ઉપર જઇએ તો સેંકડો દર્શનાર્થીઓ એકી સાથે જોઇ શકે તેવો મંદિરનો અગ્રભાગ શ્રીજીમહારાજની લીલાની ચિત્રાવલિઓથી શોભી રહ્યો છે.

વચ્ચેનાં મંદિરમાં મૂળીના આ મંદિરને અક્ષરધામ બનાવતી રાધાકૃષ્ણદેવ અને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ બિરાજમાન છે. ઉત્તર તરફના મંદિરમાં શ્રી ધર્મદેવ અને ભકિતમાતાની અલંકૃત મૂર્તિઓ શોભે છે. દક્ષિણ તરફના મંદિરમાં રણછોડરાય અને શ્રી વિક્રમરાયજીની મૂર્તિઓ બિરાજે છે. બાજુના એક મંદિરમાં સુખસૈયા પર શ્રીજી મહારાજની પટ પ્રતિમા પધરાવેલી છે. ભગવાન શંકર અને માતા પાર્વતીનું મંદિર પણ છે. મંદિરની ચારે બાજુએ મેડીબંધ ઊંચી મહેલાતો નજરે પડે છે. જેમાં સંતો, હરિભકતો અને પાર્ષદોના આશ્રય સ્થાનો અને અતિથિગૃહ છે. મંદિરની આગળ ચોકમાં રહેલી આરસની છત્રી અને તેની નજીકનું લીંમડાનું વૃક્ષ શ્રીજી મહારાજનું સ્મરણ કરાવતું શોભી રહ્યું છે.

જેનું નામ દશ દિશે, હરિભકતો ગાયે હર્ષથી,
એવા સર્વાવતારી હરિને, પાયે નમું હું પ્રેમથી.

### ✦ સદ્‌ગુરૂઓની સ્મારક છત્રીઓ :

મૂળીના સ્વામિનારાયણ મંદિરના સ્વામીઓએ સેવા કરતા કરતા પોતાના જીવનનો અંત પણ મૂળીમાં જ કર્યો હતો. તેવા સ્વામીઓમાં સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. દેવાનંદ સ્વામી, સ.ગુ. તદ્રુપાનંદજી સ્વામી તથા સ.ગુ. હરિનારાયણ દાસજી સ્વામીએ પોતાનો ભૌતિક પાર્થિવ દેહ મૂળીમાં જ છોડયો હતો. તેઓના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર ભોગવતી નદીને કાંઠે કરવામાં આવ્યો હતો. આ ચાર સ્થળોએ સ્મારકરૂપ પથ્થરની દેરીઓ કરી છત્રીઓ બનાવવામાં આવી છે. જે મૂળીનાં ભોગવાના પુલથી નજીકમાં જ છે. અને સદ્‌ગુરૂઓની છત્રીઓ તરીકે દર્શનીય છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ અને અન્ય ભાવિકો આ છત્રીના દર્શને આવે છે અને પોતાની શ્રધ્ધા વ્યકત કરે છે.





### ✦ સ્વામિનારાયણ મંદિરની હવેલી :



ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાનો મરાઠાકાળ દરમ્યાન થયા છે. આ સંપ્રદાયના મંદિરો સાધુ-સંતોના નિવાસની હવેલીઓ અને દરવાજાઓ કાષ્ઠકલાના ઉત્તમ નમૂનાઓ છે.

મૂળીના સ્વામિનારાયણ મંદિરના ચોથા મહંત સ.ગુ.શ્રી નિર્દોષાનંદજી સ્વામીએ બનાવરાવેલી હવેલી મંદિર સંકુલમાં મંદિરના પાછળના ભાગમાં છે. આ હવેલી બે માળવાળી ઊંચી બેનમુન કારીગીરીવાળી અદ્‌ભૂત કોતરણી તથા નકશીકામવાળી અદ્‌ભૂત શોભાવાળી છે. હવેલી સંપૂર્ણ સાગના કાષ્ટમાંથી ઉત્તમ કારીગરોની કાર્યકુશળતાનો ઉપયોગ કરી બનાવડાવેલી છે. હવેલીનું નિર્માણ વિ.સંવત 1932 માં થયેલ છે. એમાં રહેલા કાષ્ઠકલાનાં ઉત્તમ નમૂના ભારતીય સંસ્કૃતિના પ્રતીકરૂપ, ધાર્મિકવૃત્તિ તથા કલાકારોની કલાના યશોગાન ગાય છે. આ હવેલીના વચ્ચેના ચોકમાં પાણીના ફુવારા તથા હરિયાળી વગેરે હવેલીની શોભામાં અનેકગણો વધારો કરે છે. લોકકલા અને કાષ્ટકલાથી ભરપૂર આ હવેલી દર્શનીય છે.

### ✦ બ્રહ્માનંદસભા મંડપ :

સદ્‌ગુરૂ બ્રહ્માનંદજી સ્વામીની ઓળખ માટેની પંકિતો જાણીતી છે.

બ્રહ્માનંદ મુનિ-કવિ અતિભલા, જે સીઘ્ર કાવ્યો કરે,
હે તે હાસ્ય રચી હસાવે, હરિને ધ્યાને છબિ ઉર ધરે.

મૂળીમાં ભગવાનશ્રી સ્વામિનારાયનણ મંદિરની દક્ષિણ તરફ વિશાળ સભા મંડપ છે. જે 'શ્રી બ્રહ્માનંદ સભા મંડપ' તરીકે ઓળખાય છે. અદ્‌ભૂત કોતરણી તથા નકશીકામથી અંકિત વિશાળ ત્રણ માળવાળો સભામંડપ છે.

આ સભા મંડપમાં શ્રી ઘનશ્યામ મહારાજની પૂરા કદની મૂર્તિ બિરાજે છે અને મૂર્તિ શ્રીજી મહારાજના પ્રસાદીના વૃક્ષમાંથી સર્જન પામેલી છે. આ મૂર્તિની બાજુમાં બે બાજોઠ છે જે પણ પ્રસાદીના છે. આજ સભામંડપમાં શ્રીજી મહારાજની પ્રસાદીની બીજી અનેક વસ્તુઓ ભાવિકોને દર્શન માટે ગોઠવેલી છે. તેમાં શિયાણીનું ગાડું પણ મુકેલું છે. આ સભામંડપ અને

મંદિરને જોતા જ સદ્ગુરૂ શ્રી બ્રહ્માનંદ સ્વામીની અદ્ભૂત સ્થાપત્ય દષ્ટિનો ખ્યાલ આવી જાય છે. શ્રીજી મહારાજ અને પરમહંસના અનેક સ્મરણોથી અલંકૃત આ મંડપનું ગૌરવ વર્ણવવાનું કામ સહેલું નથી અર્થાત્ અદ્ભૂત છે.

### ✦ ભાયાજી ભગતનો આશ્રમ :

મૂળીમાં આવેલા લીમલીપાવાળા ભાયાજી મઘાજી પરમાર કે જેઓ સમાજમાં ભાયાજી ભગત તરીકે પ્રસિધ્ધિને વર્યા છે તે બાપુનું મોસાળ પાલીતાણા તાલુકાના રંડોળા ગામમાં હતું. ભાયાજી બાપુ ઘણુંખરૂ મોસળના ગામ રંડોળમાં રહ્યા હતા. તેઓ પાલીતાણામાં આશ્રમવાળા હરિરામબાપુના શિષ્ય બન્યા હતા અને ત્યાં રહી ભકિતનું ભાથું બાંધતા હતા. ભાયાજી બાપુએ પોતાની જીવનયાત્રા પાલીતાણાના આશ્રમમાં અને રંડોળમાં પૂરી કરી હતી. ભાયાજી ભગતના સેવકો અને ભાવિકોએ રંડોળમાં ભાયાજી ભગતના ખાસ શિષ્ય મૂળીના લીમલીપાવાળા પરમાર અજીતસિંહજી હતા. ભાયાજી બાપુના સ્વર્ગવાસ પછી અજીતસિંહજી બાપુએ ગુરૂનું ભજન-ભાવ અને પોતાના ગુરૂજી ભાયાજી ભગતના વતનના ગામ મૂળીમાં ભાયાજી ભગતનો આશ્રમ નિર્માણ કરાવ્યો અને મૂળીમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. મૂળીમાં ભાયાજી ભગતનો આશ્રમ ભોગાવો નદીના પૂર્વે કાંઠા ઉપર અલર્કની વાવ પાસે જ છે. આ આશ્રમનું સંચાલન તેમના સેવકો, ભાવિકો અને યુવાનો વ્યવસ્થિત રીતે કરી રહ્યા છે. અજીતસિંહજી બાપુનું સમાધિ મંદિર આ આશ્રમમાં જ છે.

ભાયાજી ભગતના પુત્ર દિલુભા પણ ભગત તરીકે જાણીતા થયા છે. હાલમાં ભાયાજી બાપુના વંશજો (રાજેન્દ્રસિંહ) તથા સત્યજીતસિંહ કે જેઓ રાજકીય અને સામાજિક આગેવાન તથા સમગ્ર જિલ્લામાં એક અદકેરૂ સ્થાન ધરાવે છે. જેઓ મૂળીમાં જ વસે છે અને સમાજ સેવાના કાર્યમાં, મંદિરના ઉત્સવ પ્રસંગ કે અન્ય ધાર્મિક પ્રસંગે ખડે પગે સતત સેવા કરતા હોય છે.



### ✦ અલર્કવાવ :

મૂળીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર સામે ભોગાવો નદીના કાંઠા ઉપર 'અલર્કની વાવ' આવેલી છે. પ્રાચીન સમયમાં ભગવાન દત્તાત્રયે આશ્રમ





બાંધીને નદીને કાંઠે ઘણાં વર્ષો સુધી તપ કર્યુ હતું. એ સમયે આ ભૂમિના રાજવી અલર્ક શ્રી દત્તાત્રેય ભગવાનના શિષ્ય હતાં. અલર્ક રાજાએ એક અંધ બ્રાહ્મણને પોતાના નેત્રનું દાન કરી દીધું હતું. પછી દત્તાત્રેય ભગવાનની કૃપાથી અલર્ક રાજાને દિવ્ય નેત્રો મળ્યા હતાં. (ભગવાન વેદ વ્યાસે 'માર્કન્ડેય પૂરાણ'માં આ વાતનો ઉલ્લેખ કર્યો છે.)

શ્રી દત્તાત્રેય ભગવાને અલર્ક રાજાને એ આશ્રમમાં એક વાવ બાંધવાની આજ્ઞા કરી હતી. જેથી અલર્ક રાજાએ આ વાવ બંધાવી હતી અને હજારો સાધુ-સંતોને તેડાવીને છુટા હાથે દાન-દક્ષિણા આપ્યા હતાં. બ્રાહ્મણોએ પ્રસન્ન થઇને વાવનું નામ 'અલર્કવાવ' એવું રાખ્યું હતું. આ વાવ મૂળીનો પ્રાચીન ઈતિહાસ બતાવે છે. આ અલર્કવાવમાં ભગવાન સ્વામિનારાયણ સંતો સાથે સ્નાન કરવા માટે પધારતા હતાં અને કથા-કીર્તન કરતાં હતાં. તેથી વાવ અને તેની આસપાસની ભૂમિ ભગવાન સ્વામિનારાયણના ચરણકમલના સ્પર્શથી પવિત્ર થયેલી છે. આ વાવમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે. ખાસ કરીને ઉત્તરાયણના દિવસે 'અલર્કવાવ'માં સ્નાન કરવાનું મોટું મહાત્મ્ય છે. વાવ ત્રણ મજલાવાળી છે અને છેક સુધી ઉતરવાના પગથિયા પણ છે.

### ✦ ગોરબાઈની વાવ :

મૂળીની ગાદીએ જયારે રતનસિંહજી (પ્રથમ) પરમાર બિરાજમાન હતાં ત્યારે તેમના દિવાન તરીકે કૃષ્ણાજી હતા. તેમના બહેનને હળવદના રાજવી રાજચંદ્રસિંહજી સાથે પરણાવ્યાં હતાં. તેમના કુંવરી એટલે કે કૃષ્ણાજીના ભાણીબાને ઇડર પરણાવ્યાં હતાં. તે ભાણીબા સાથે તેમના એક બહેનપણી બ્રાહ્મણ બાઈ જે વિધવા હતી અને નામ ગોરબાઇ હતું. તે ભાણીબા સાથે ઈડરમાં રહેતા હતાં. વિક્રમ સંવત 1650માં એમની યાદમાં મૂળીમાં આ વાવ બંધાવી છે. જે તેના નામ ઉપરથી 'ગોરબાઈની વાવ' તરીકે ઓળખાય છે.

મૂળી ગામમાં જયાં હાઇસ્કૂલ છે તેની બાજુમાં રસ્તા ઉપર જે પુરાતન વાવ છે તે 'ગોરબાઇની વાવ' કહેવાય છે. આ વાવ ત્રણ માળની છે અને તેમાં ઉતરવાના પાકા પગથિયા બાંધેલ છે. વાવમાં બ્રાહ્મણોના કુળદેવી માત્રી માતાનું સ્થાનક છે. આ વાવમાં પુષ્કળ પાણી છે અને તે પાણી મીઠું છે. મૂળી ગ્રામ પંચાયત પાણીનો ઉપયોગ કરે છે.

### ✦ પરાક્રમી પરમારોની નગરી-મૂળી :

ભૌગોલિક રીતે મૂળી ગામ 22, 23 ઉત્તર અશાંશ અને 71, 25 પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે. અગાઉ તે પરમાર વંશના મૂળી રાજયનું મુખ્ય નગર હતું. આ ગામ વઢવાણના ભોગાવા



તરીકે ઓળખાતી નદીના પૂર્વ કાંઠે વસેલું છે અને હાલના સુરેન્દ્રનગરથી રાજકોટ જતા રોડ પર 2 1 કિ.મી. દૂર આવેલું છે. હાલના મૂળી તાલુકાનું મુખ્ય મથક છે.

આ એજ ભૂમિ છે. જયાં ભગવાન દત્તાત્રયે આશ્રમ બનાવીને દીર્ઘકાળ સુધી નિવાસ કર્યો હતો. આ એજ ભૂમિ છે કે જયાં અલર્ક નામના ધર્મવીર રાજાએ બંધાવેલ અલર્કની વાવ આજે પણ મોજુદ છે. આ એજ ભૂમિ છે કે જયાં કૃતવીર્યનો પુત્ર અર્જુન તપ કરીને સહસ્ત્રાર્જુન બન્યો હતો. આ એજ ભૂમિ છે કે જયાં શ્રીકૃષ્ણ ભગવાન મથુરાથી દ્રારકા તરફ જતી વખતે છએક માસ રહ્યા હતા અને અહીં રોકાઇને દ્રારકા નગરીની રચના વિચારી હતી. આમ આ ભૂમિ શ્રી કૃષ્ણ ભગવાનના અંકપાદથી પવિત્ર થયેલ છે. આ એજ ભૂમિ છે જ્યાં એક પક્ષી (તેતર) કાજે સેંકડો પોતાના પ્રાણની આહુતિ આપી છે. આ એજ ભૂમિ છે જ્યાં વચન કાજે દાનવીર શેશોજી પરમારે સિંહનું દાન આપેલ છે.આ એજ ભૂમિ છે કે જયાં સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામીએ નિવાસ કરેલ અને અહિંયા રહીને જ મંદિર નિર્માણનો પ્રથમ સંકલ્પ કરીને પોતાને વરદ્ હસ્તે જ મૂર્તિ પ્રતિષ્ઠા કરી હતી અને આ ભૂમિને ગૌરવશાળી બનાવી છે. મૂળીધામમાં શ્રી સહજાનંદ સ્વામી કુલ 21 વખત પધાર્યા હતા અને સતસંગનો લાભ આપ્યો હતો. તેથી મૂળી તીર્થધામ એક વિશેષ મહત્વ ધરાવે છે. નદીઓમાં પવિત્ર ગણાતી એવી પૂર્વ વાહિની અને કુંવારી ગણાતી ભોગાવો નદી મૂળીના પાદરને પવિત્ર કરતી આગળ વહે છે. આ એજ ભૂમિ છે કે જે શ્રી માંડવરાય દાદા (સૂર્ય) ના મહાધામ તરીકે પ્રસિધ્ધ થયેલ છે.

આમ પરમાત્માના ત્રણ અવતારો દતાત્રેય, કૃષ્ણ અને સહજાનંદ પ્રભુના ચરણકમલના સ્પર્શથી આ ભૂમીની રજેરજ પવિત્ર બનેલ છે. આપણે જયારે મૂળી નગરની વાત કરીએ ત્યારે કવિ દલપતરામ ની પંક્તિઓ યાદ કરવી જ પડે:

પુર મૂળી પરમાર કુળ, એ જગત બધામાં જાણ,<br>
નર ધીંગા ધોરી વળી, કવિઆને કેંકાણ,





આમ મૂળીની ધરતી ઐતિહાસિક ભૂમિ છે. સદ્ગુરૂશ્રી બ્રહ્માનંદ સ્વામીના સત્સંગ અને સાહિત્ય વારસાથી પણ આ નગરી સમૃધ્ધ છે.

પરમારોની જનેતા જોગમાયા જોમબાઈના સપૂતોએ પારકરમાંથી આવીને મૂળીને બહાદુરીના બિરૂદ બક્ષ્યા છે. ખમીરવંતા પરાક્રમી પરમારોએ પોતાના બાવડાના બળે ભોંમાં ભાલા ભેરવીને બાંધે તેની તલવાર હતી એ જમાનામાં અહીં આવીને વસવાટ કર્યો. એકબાજુ કાઠીઓ અને બીજી બાજુ વાઘેલાઓની વચ્ચે પરાક્રમી પરમારોએ પોતાના બાવડાના બળે વાઘેલા શાસક પાસેથી જાગીર મેળવી હતી. તેમાં માથા વાવીને હાડકાંના ખાતર પૂરી, લોહીના સિંચન કરી બારમી સદીથી વીસમી સદી સુધી અડગ શાસન કરી ટકાવી રાખી હતી અને ફુલ્યા-ફાલ્યા છે. લખધીરજી પરમારે આ ભૂમિમાં આવીને ચાર ચોવીસી પોતાના બાવડાના બળે મેળવી હતી, આ ભૂમીમાં એક તેતર પક્ષીનો જીવ બચાવવા માટે પરમારો અને તેમના સાથીદારો સહિત 140 (સાત વિસું) શૂરવીરો વીરગતિ પામ્યા છે. જેની સાબિતી આપતા પાળિયાઓ આજે પણ મૂળીની પશ્ચિમે ઘાઘડીયા વિસ્તારમાં ઊભા છે. આમ શિબી રાજા અને હોલાની વાર્તા જે પૂર્વેથી ચાલી આવતી શરણાગતિ ધર્મની સાંસ્કૃતિક પરંપરાના વહેણને ચાલુ રાખવા લોહી રેડ્યા છે.

જત મુસલમાનની એક સુમરી કન્યાની ઈજ્જતની રક્ષા ખાતર મૂળીને પાદર પરમારોએ હોળીના દિવસે રંગના બદલે લોહીની હોળી ખેલી હતી અને શરણાગત ધર્મની ઉજળી ગાથા કંડારી છે. એક ગઢવી અને બ્રાહ્મણ કન્યાની રક્ષા માટે લખધીરજી (બીજા) એ વીરગતિ વહોરી લીધી હતી. એક બહેનડીનાં મેણા ભાંગવાને ખાતર કવિ મિસણજીને કરોડ પસાવનું દાન આપનાર રતનજી પરમાર આ ધરતીનું રતન છે. ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યા પછી પણ ધંધુકાની સીમમાં ગાયોની વહારે મોતને મીઠું કરનારો હાલાજી પરમાર પણ આ ભૂમિનું સંતાન છે. સ્વામિનારાયણ ભગવાનનું મંદીર બાંધવા માટે જોઇએ તેટલી જમીન અને મંદિરના નિભાવ માટે બે સાંતીની વાડીની જમીન દાનમાં આપનાર ઠાકોર રામોજી પરમાર આ ભૂમિનું ભૂષણ છે. પોતાની ટેક પાળવા ખાતર ચારણને જીવતા સાવજનું દાન આપનાર શૂરવીર દાતાર સેંસાજી પણ આ ભૂમીનો શણગાર છે. આ બાબતની સાક્ષી પૂરતો દૂહો પ્રચલીત છે :

સેંસે સિંહ સમર્પિયો, કેસર જાલી કાન,<br>
હવે રમતા મેલે રાન, પહોંચ્યો પરમારા ધણી,

હાલમાં પણ મંદીરો માટે, ધર્મના કાર્યો માટે, ધર્મશાળા માટે, શિક્ષણ માટે, દવાખાના માટે, ગૌશાળા માટે કે સમાજની જરૂરીયાત માટે છુટે હાથે દાન દેનાર દાતા દિપચંદભાઇ ગાર્ડી અને તેઓશ્રીનો પરિવાર આ ભૂમિને ઉજળી કરી રહ્યા છે. ગુજરાતના ભામાશા ગણાયેલા શ્રેષ્ઠી શ્રી દિપચંદભાઈએ મૂળીની પ્રગતિ માટે અઢળક નાણાં વાપર્યા છે.

આ ભૂમિનાં પરમાર ભાયાજી ભગત, તેમના શિષ્ય અજીતસિંહજી ભગત તથા નાયકા ગામના (ગૌતમગઢ) વખતસંગબાપુએ લોકહિત અને ધર્મના કાર્યો તથા પ્રભુ ભકિત કરીને અમર નામના કરી ગયા છે.

સ.ગુ.શ્રી બ્રહ્માનંદજી મુનિએ તો આ નગરીને પોતાની તપોભૂમિ અને કર્મભૂમિ બનાવી હતી અને પોતાની દીર્ઘદષ્ટિનો ઉપયોગ કરી ભગવાન સ્વામિનારાયણના મંદિરનું નિર્માણ કરાવ્યું છે. અહીં રહીને ઉચ્ચ કોટીનું ભકિત સાહિત્ય આપ્યું છે. સ.ગુ.શ્રી બ્રહ્માનંદ મુનિના શિષ્ય ભીમજીભાઈ રત્નુંએ જામનગરના રાજકવિની પદવી શોભાવી હતી અને ચારણી સાહિત્ય રચ્યું હતું. અને ચારણ કવિઓ માટે મૂળી છોટી કાશી તરીકે જાણીતું હતું. મૂળીની આવી પવિત્ર ભૂમિમાં કવિ રવિરાજ સીંઢાયચ, પ્રભુદાનજી બોક્ષા, શિવદાનજી બોક્ષા, વ્રજમાલજી શામળ અને પથાભાઈ વિગેરે ઘણા કવિઓ થઇ ગયા છે.

કાઠિયાવાડનું કુરૂક્ષેત્ર ગણાયેલાં ભૂચર મોરીના યુધ્ધમાં જામસતાજીની મદદમાં જઇને 90 વર્ષની ઉંમરે પણ યુવાનને શરમાવે તેવું યુધ્ધ કરી વીરગતિ વહોરીએ વાસાજી પરમાર મૂળીમાં પાક્યા હતાં. આજે પણ તેમની યાદ આપતો મૂળીનો એક વિસ્તાર વાસાણી પા કહેવાયો છે.

મૂળીમાં જન્મેલાં સ્વ. ત્રંબકલાલ નંદેકરસ્વર દવે (ડો. ટી.એન. દવે) અમેરિકાની કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષામાં પીએચ.ડી. થઈ ત્યાં જ વ્યાખ્યાતા અને પેપર સેટર તરીકે રહ્યા અને પછી રાજકોટની શ્રી ધર્મેન્દ્રસિંહજી કોલેજનાં પ્રથમ પ્રિન્સીપાલ તરીકે રહીને મૂળીનું નામ રોશન કરી ગયા છે.

આજે પણ મૂળીમાં શ્રી માંડવરાયજી દાદાનું મંદિર, શ્રી સ્વામિનારાયણજીનું મંદિર, સદાવાડીનું પ્રાણનાથ મહાદેવનું મંદિર, કામધેનું મંદિર, અલર્કની વાવ, ભાયાજી ભગતનો આશ્રમ, લાલાસરના હનુમાન તથા સતી જોમબાઈની દેરી અને તેતર કાજે શહીદ થયેલા શૂરવીરોના પાળિયા વગેરે દર્શનીય છે.ખરેખર મૂળીની ભૂમિના દર્શન માત્રથી જ જીવનમાં ધન્યતા અનુભવાય છે.





## રાજવી લખધીરજીએ મૂળી નગર વસાવ્યું

'કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;
નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ.'

સૌરાષ્ટ્રની દેવભૂમિ ગણાતા પાંચાળ પ્રદેશમાં સુરેન્દ્રનગર ઢેંકડું મૂળી નામનું ગામ. પરમાર રાજપૂતોનાં પરાક્રમો અને માંડવરાયજી અર્થાત્ માંડવરાદાદાના સ્થાનકને કારણે મૂળી લોકજીભે ચડેલું નામ છે. અહીંના મંદિરના અધિષ્ઠાતા દેવ માર્તંડરાય અથવા માંડવરાય. આ માંડવરાય એ બીજા કોઈ નહીં પણ પોતાના પ્રકાશપુંજ વડે જગત આખાને અજવાળનાર આકાશીદેવ 'સૂરજદાદો' છે. માઁ રાંદલના એ સ્વામીદેવ ગણાય છે. પૌરાણિકકથા અનુસાર રિસાયેલ રાંદલ ઘોડીનું સ્વરૂપ લઈને ચાલી નીકળ્યાં. સૂર્ય એમને મનાવવા માટે ઘોડાનું રૂપ લઈ પાછળ-પાછળ ગયા અને રાંદલને રિઝવવા માટે અશ્વ સ્વરૂપે વૃક્ષ નીચે છંદેછંદે નાચ્યા. કહેવાય છે કે ત્યારથી રાંદલપૂજા વખતે ઘોડો ખૂંદવાનો રિવાજ બહેનોમાં આરંભાયો. પ્રાચીન ગ્રંથ રાસમાળાની નોંધ મુજબ 'મૃતંડનો વંશજ સૂર્ય છે તેથી તેનું નામ માર્તંડ પડ્યું છે.' શ્રી ઝવેરચંદ મેઘાણી નોંધે છે કે, 'માંડવરાય' શબ્દ 'માર્તંડરાય'નો અપભ્રંશ હોવો સંભવતો નથી, પણ માંડવરાય નામ તો સોરઠમાં પરમારોના આગમન પછી માંડવ ડુંગર ઉપરથી પડ્યું હોવાનું લાગે છે.

આ માર્તંડરાયને લોકજીવન માંડવરાદાદા તરીકે ઓળખે છે. માંડવરાદાદાની પૂજા એ લોકજીવનની સૂર્યપૂજા જ છે. આલમની અઢારે વરણ માંડવરાદાદાના દેવળે દર્શન કરવા અને બાધા-માનતા પૂરી કરવા આવે છે. જે બાઈઓને બાળકો ન ઊછરતા હોય, જેને ગડગૂમડ ન મટતાં હોય, જેને દેહનાં મોટાં દર્દો વળગેલાં હોય એ લોકો શ્રદ્ધાપૂર્વક માંડવરાદાદાની બાધા-માનતા રાખે છે. આ માત્ર લોકજીવનની અંધશ્રદ્ધાની અહીં વાત નથી પણ આજનું વિજ્ઞાન પણ સ્વીકારે છે કે સૂર્ય, આયુર્વેદરક્ષક અને પોષકદેવ છે. સૂર્યકિરણોના વિધવિધ પ્રયોગો દ્વારા આયુર્વેદ, નિસર્ગોપચાર અને ઍલોપથીવાળા ડૉક્ટરો અનેક રોગીઓને નવું જીવન બક્ષે છે. આથી હજારો-લાખો વર્ષથી સૂર્યની આ શક્તિને પિછાણીને લોકજીવન આરોગ્યના દેવતા તરીકે એની ઉપાસના આજેય કરે છે.

સૌરાષ્ટ્રના લોકજીવનમાં મૂળીના માંડવરાદાદાની પૂજાની પરંપરા લગભગ 582 વર્ષ જેટલી પુરાણી હોવાના પુરાવા પ્રાપ્ત થાય છે. લખધીરજી પરમારે મૂળીમાં માંડવરાયજીની સ્થાપના

કરેલી. એ પછી આજે તો આરસપહાણમાંથી આખું મંદિર નવા રૂપરંગ પામ્યું છે. આ દેવળમાં માંડવરાદાદા, એમના ભાઈઓ અને રાણી રન્નાદે અર્થાત્ એમનાં પત્ની રાંદલની મૂર્તિ જોવા મળે છે. રથઘાટના દેવળમાં આવેલી માંડવરાયજીની મૂર્તિ પથ્થરમાંથી કંડારેલી અને રથારૂઢ છે એ એની વિશેષતા છે.

માંડવરાયજીના પૂજારી હાલ જીતેન્દ્રગીરી બાપુ છે. મૂળીનાં પરમાર કુટુંબો તરફથી મંદિરના દીવાદિવેટ માટે અને પૂજારીની આજીવિકા માટે એમને 500 વીઘા જેટલી જમીન કાઢી આપવામાં આવી છે. આ ઉપરાંત દર વર્ષે પરમાર કુટુંબ તરફથી સાંતીદીઠ 1 મણ બાજરો અને 1 મણ ઘુંમર (ઠાલિયા સાથેના) કાલા આપવામાં આવે છે. મૂળીમાં પરમાર કુટુંબોમાં જ્યારે કન્યાનાં લગ્ન થાય છે ત્યારે માંડવરાદેવને 'સવાઘો' ચડાવવામાં આવે છે. સવાઘો એટલે વાઘા વસ્ત્રો. આ વાઘામાં આંગડી, સુરવાળ, કેડિયું, પાઘડી વગેરે મુખ્ય હોય છે. આ ઉપરાંત દેવળ ઉપર બાવન ગજની ધજા પણ ચડાવવામાં આવે છે. પરમાર કુટુંબનો દીકરો પરણીને આવે ત્યારે વર-કન્યાની છેડાછેડી પણ આ દેવના દેવળમાં જ છૂટે એવો વણલખ્યો નિયમ પણ ખરો.

માંડવરાયજીના સ્થાનકનો ઇતિહાસ પણ એટલો જ રસપ્રદ રહ્યો છે. એમનું મૂળ સ્થાનક તો સિંધમાં આવેલા થરપારકરના પીલુ નામના ગામમાં હતું. પીલુ મૂકીને આ દેવ સૌરાષ્ટ્રમાં શી રીતે આવ્યા તેની કથા પારકરા પરમાર લખધીરજીની જોડે જોડાયેલી છે. પરમાર રાજપૂતોની ઉત્પત્તિ અંગેની પૌરાણિક કથા પ્રમાણે પરશુરામે પૃથ્વીને 21 વાર નક્ષત્રી કરી. એ પછી અસુરોનો ત્રાસ વધી પડ્યો, ત્યારે આબુના પર્વત ઉપર મહર્ષિ વશિષ્ઠે અગ્નિકુંડ પ્રગટાવીને તેમાં જવના દાણા નાખ્યા. એમાંથી ચાર શૂરવીરો બહાર આવ્યા. ચારભુજામાં હથિયાર ધારણ કરીને નીકળેલ 'ચહુવાણ' કહેવાયો. કંડમાંથી નીકળવા જતા પડી ગયેલ તે પઢિયાર' કહેવાયો. સોળે કળાએ શોભતો તેજસ્વી નર 'સોલંકી' કહેવાયો અને છેલ્લે અગ્નિકુંડમાંથી મારમાર કરતો બહાર આવ્યો ને 'પર' નામના રાક્ષસને હણ્યો તે પરમાર કહેવાયો.

આ પરમારોના મૂળ પુરૂષ સોઢાજી સિંધમાં થઈ ગયા. તેમના વંશજોના હાથમાં થરપારકરની ગાદી હતી પણ કુદરતને કરવું તે ત્યાં સાત સાત વર્ષ લગી સળંગ દુષ્કાળ પડ્યો. પછી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને તીડોના ત્રાસથી લોકો ત્રાહિમામ્ પોકારી ગયા. પ્રજાનું દુઃખ નજરે ન જોવાતા મહારાણા રતનસિંહ પરમાર આઘાતથી મૃત્યુ પામ્યા.





સંવત 1474ની એ સાલ હતી. આ સાલમાં રતનસિંહના પુત્ર લખધીરજી, નાનો ભાઈ મુંજાજી અને એમનાં માતા જોમબાઈ અને નાની બહેન પોતાના કુટુંબ-કબીલા, ઢોરઢાંખર અને 2000 સોઢા પરમારો સાથે સૌરાષ્ટ્રની ફળદ્રુપ ભૂમિ તરફ આવવા નીકળ્યા. લખધીરજી પરમાર વંશપરંપરાથી માર્તંડરાયના પરમ ભક્ત હતા. પારકરના પીલુ ગામમાં આવેલ ભગવાન સૂર્યનારાયણની પ્રતિમાનાં દર્શન કર્યા પછી જ જમવાનો એમનો નિયમ. લખધીરજી કાઠિયાવાડ તરફ જવા નીકળ્યા એ પછી માર્તંડરાયનાં દર્શન માટે પ્રશ્ન ઊભો થયો. આથી જ્યાં એમના મુકામે પડાવ નાખ્યો હોય ત્યાંથી પોતાની ઘોડી ઉપર રોજ પીલુ ગામે પાછા જઈને માર્તંડરાયનાં દર્શન કરી આવતા. જેમજેમ પંથ લાંબો થતો ગયો તેમ તેમ પીલુ પહોંચવામાં મોડું થવા માંડ્યું. ક્યારેક બબ્બે ત્રણ-ત્રણ દિવસના ઉપવાસ પડવા લાગ્યા. દંતકથા અનુસાર એ પ્રસંગે પોતાના આ ઇષ્ટદેવે સ્વપ્નમાં આવીને કહ્યું : 'કાલે સવારના તને ગાયોનું ધણ સામું મળશે. એ ગાયમાંથી 'કાન કુંવર્ય નામની ગાય મોર્ય ચાલતી હશે, ઈ ગાય જ્યાં જઈને ઊભી રહે ઈ ધરતી માથે ખોદજે. ત્યાંથી તને મારી મૂર્તિ મળશે. ઈ મૂર્તિને રથમાં પધરાવીને આગળ વધજે. રથ જ્યાં અટકી જાય ને આગળ ન વધે ઈ ધરતી માથે ગામ બાંધજે. ત્યાં મારૂં સ્થાપન કરજે. તારી ફતેહ થશે.'

બીજે દિવસે કાઠિયાવાડ તરફ પરમારોની વણજાર વહેતી થઈ. શિરામણના સમયે ગાયોનું ધણ સામું મળ્યું. તેમાંથી એક ગાય મોર્ય મોર્ય વહી આવે છે. નામ પૂછતાં ગોરીએ 'કાનકુંવર' તરીકે એની ઓળખ આપી. પરમારોનો રસાલો ગાયોના ધણની પાછળ-પાછળ ચાલવા લાગ્યો. એમ કરતા-કરતા ગાય થાનના માંડવ પર્વત પાસે પહોંચી. અહીં આવી કાનકુંવર મોયલો પગ ઊંચો કરીને જમીન ખોતરવા માંડી. સ્વપ્નની નિશાની મળી જતાં લખધીરજીએ ત્યાં ખોદકામ કરાવ્યું. ઊંડું ખોદતા પથ્થરની મૂર્તિ મળી આવી. આ મૂર્તિ માંડવરાયજીના નામે ઓળખાઈ. પોતાના ઇષ્ટદેવ-કુળદેવની મૂર્તિને જોમબાઈમાવાળા રથમાં પધરાવીને સૌ ચાલતા થયા.

આગળ ચાલતા મારગ માથે મોટી નદી આડી આવી. નદીમાં જતાં માંડવરાયની મૂર્તિવાળો રથ થંભી ગયો. ઘણા બળવાન બળદો જોડ્યા. નાડા બાંધીને રથને તાણ્યો. નાડાં તૂટી ગયા પણ રથ ચસક્યો નહીં. (આ જગા આજેય 'નાડા તોડિયું'ના નામે ઓળખાય છે.) એ વખતે કહેવાય છે કે લખધીરજીએ માથાની પાઘડીનો આંટો ઉકેલીને ગળે નાખ્યો, બે હાથ જોડીને ઈષ્ટદેવને વિનંતી કરી. 'હે દેવ ! તમે રથ રોકાય ત્યાં ગામનું તોરણ બાંધવાનું કહેલું, પણ આ નદીના પટમાં

ગામ શી રીતે બંધાય ? આપ આજ્ઞા આપો તો રથ આગળ ચાલે.' આટલું બોલીને રથને ધક્કો માર્યો તો રથ તો રૂમઝૂમ કરતો આગળ ચાલવા માંડ્યો. પછી નદીકાંઠે જઈને નેસ બાંધ્યો. મૂળીથી નૈઋત્ય દિશામાં આવેલી એ નેસવાળી જગા આજે 'ઘાઘડિયા' ગામના નામે ઓળખાય છે.

એ કાળે આ મુલક વઢવાણના રાજવી વિશળદેવ વાઘેલાની હકૂમતમાં હતો. માંડવરાયજીના અનન્ય ઉપાસક લખધીરજી એમને જઈને મળ્યા. વાઘેલાએ એમના રાજમાં નેસ બાંધીને રહેવા ને ઢોર ચરાવવાની પ્રેમપૂર્વક રજા આપી. પછી તો વિશળદેવ વાઘેલા અને લખધીરજીને અંતરે હેતપ્રીતની એવી તો હીરલાગાંઠ બંધાઈ ગઈ કે બંને જણ સાથે મળીને રાત્રે ચોપાટ ન રમે ત્યાં સુધી એકબીજાને નિંદર ન આવે. એકબીજા વગર ઘડીએ ચેન ન પડે.

આમ વિશળદેવ અને લખધીરજીના મૈત્રી સંબંધો વિશળદેવની રાણીને ન રૂચ્યા. એના અંતરમાં ઈર્ષાની ચિનગારી પ્રગટી. એવામાં કોઈ દાસીએ આવીને રાણીને કાન ભંભેરણી કરતાં કહ્યું કે: 'સિંધમાંથી લખધીર નામનો જુવાન આવ્યો છે. એની સંગાથ એની રૂપરૂપના અંબારરોખી જુવાનજોધ બહેન પણ છે. આપણા બાપુનો ડોળો ઈ રૂપવતી માથે છે. એની હાર્યે લગ્ન કરવા માટે તો એને હરખે હુલાવે ફૂલાવે છે ને લખધીરજીને પાડાના કાંધ જેવી જમીન કાઢી આલી છે. માટે સાચવજો.' આટલી વાત સાંભળતા જ વાઘેલી રાણીનો ક્રોધ સાતમા આસમાને પહોંચી ગયો. આંખ્યું લાલ હિંગળા જેવી થઈ ગઈ. એણે પોતાના પિયર સાયલાથી ચભાડ રાજપૂતોને તેડાવ્યા. રાજમાં વધતા જતાં સોઢા પરમારોના વર્ચસ્વને અટકાવી એમને સિંધમાં પાછા ખદેડી મૂકવાનું બીડું ચભાડોએ ઝડપ્યું.

## લખધીરજીએ મૂળી નગર વસાવ્યું

એક દિવસનો વખત છે. લખધીરજી વઢવાણમાં વિશળદેવ વાઘેલા સાથે ચોપાટ રમવા માટે ગયા છે. એ વખતે ચભાડ રાજપૂતો કજિયો કરવાના ઇરાદાથી તેતરના શિકારે નીકળ્યા. એમના તીરના ઘાથી ઘવાયેલું તેતર પરમારોના પડાવ તરફ દોડ્યું.

હવે અહીં પ્રભાતનો પોર છે. જોમબાઈમા પોતાના ઇષ્ટદેવ માંડવરાયની પૂજામાં બેઠાં છે. પોતે શરણાયા સાધાર અર્થાત્ શરણે આવેલાને રક્ષણ આપનારાં હતાં. એવામાં ઘવાયેલું તેતર દોડતું આવીને જોમબાઈના ખોળામાં લપાઈ ગયું. ચભાડોએ પાછળ દોડતા આવીને તેતરની







માગણી કરી. જોમબાઈમાએ શાંતચિત્તે એટલો જ જવાબ વાળ્યો : 'શરણે આવેલાને સોંપીએ તો રાજપૂતાઈ લાજે. તેતર વિના તમે માગો ઈ આપું પણ શરણાગતને કોઈ કાળે નહીં સોંપું.'

જોમબાઈની વાત સાંભળીને ચભાડો એલફેલ બોલવા માંડ્યા. એ તો કોઈ બહાનું શોધીને ધિંગાણું કરવા જ આવ્યા હતા. એ વખતે કહેવાય છે કે લખધીરજીના ભાઈ મુંજાજી અને અન્ય રાજપૂતોએ તલવાર્યું લઈને મોતના કૂંડાળા તાણ્યાં. ચભાડ અને સોઢા રાજપૂતો વચ્ચે તરવાફૂંની બટાઝોટી બોલવા માંડી એનું એક કાવ્ય આ મુજબ મળે છે:

'સંવત ચૌદ ચુમોતરે સોઢાનો સંગ્રામ;<br>
રણઘેલો રત્નાવત નવખંડ રાખ્યું નામ<br>
વાર શનિચર સુદ પખે ટાઠા પુરણ ત્રીજ<br>
પણ બાંધે રત્નાવતો ધાવણ મુંજો ધીજ<br>
પડ્યા ચભાડા પાંચસો, સોઢા વીસું સાત<br>
એક તેતરને કારણે અલ રાખી અખિયાત.'

'સંવત 1474માં સોઢાઓએ સંગ્રામ ખેલ્યો. તેમાં રણઘેલા રતનસિંહના પુત્રે નવખંડમાં નામ રાખ્યું. ફાગણ મહિનાની શુકલ પક્ષની ત્રીજને શનિવારના રોજ રત્નાજીના પુત્રે રણતોરણ બાંધ્યું. તેમાં 500 ચભાડો કપાઈ ગયા. સાત વીસું એટલે કે 140 સોઢા રાજપૂતો કામ આવ્યા. એક તેતરનો જીવ બચાવવાના કારણે સોઢા રાજપૂતોની ઈજ્જત સદાયને માટે ઊજળી બની.'

આ ધિંગાણામાં વીરપુત્ર મુંજાજીનું અવસાન થયું. મુંજાજીની પાછળ જોમબાઈમા સતી થયાં. આજે માંડવરાયજીના મંદિરથી આથમણી દિશામાં દોઢેક માઈલ દૂર સતી જોમબાઈમાની દેરડી અને પાળિયા ઊભેલાં જોવા મળે છે. જ્યાં આ રણસંગ્રામ ખેલાયો હતો ત્યાં ઘાઘડિયા નામના સ્થળે શૂરવીરોની શહાદતની સાક્ષી પૂરતા 80 અને સતીઓના 44 જેટલા પાળિયા

આજેય ઊભા છે. જોમબાઈમાની દેરી પરમારો અહીં સ્થિર થયા પછી સંવત 1692માં બંધાઈ હોવાનું માનવામાં આવે છે. અહીંના સ્થાનિક લોકો જોમબાઈમાના સ્થાનકમાં અપાર આસ્થા ધરાવે છે. એમ માનવામાં આવે છે કે જે બાઈને ધાવણું બાળક હોય ને થાનેલામાં દૂધ ન આવતું હોય તે માની દેરીએ જઈ પોતાના કાપડાથી દેરી સાફ કરે તો એને દૂધ આવવા માંડે છે. વાંઝિયામેણું ભાંગવા પાકેલું રતન મટાડવા માટે પણ શ્રદ્ધાપૂર્વક આ સ્થાનકની બાધા રાખવામાં આવે છે.

પરમારો અને ચભાડ રાજપૂતોના સંગ્રામની સાલ સંવતનો સ્પષ્ટ ઇતિહાસ આજેય ઉપલબ્ધ નથી. ઉપરના ગીતમાં 1474ની સંવત મળે છે. જ્યારે બીજી જગ્યાએ 1215 સંવત સાંપડે છે.

'સંવત બાર પંનરોતરે, સોઢે કિય સંગરામ,
રણઘેલો રતનેસરો, અવિચળ રાખ્યો નામ.

ચભાડો સાથેના ધિંગાણાને કારણે એ ધરતી લોહિયાણ બની, આથી લખધીરજીએ નવું શહેર વસાવવાનો નિર્ણય કર્યો. એ પછી આજનું મૂળીનગર વસાવ્યું. એમ કહેવાય છે કે આ ગામનું નામ મૂળી નામની રબારણના નામ પરથી પાડવામાં આવ્યું છે. નેસમાં રહેતી મૂળી રબારણે લખધીરજીને ખૂબ મદદ કરેલી એટલે ધરમની બહેનની કીર્તિ અમર કરવા માટે મૂળી નામનું નગર સ્થાપ્યું અને એ મૂળીમાં પોતાના ઈષ્ટદેવ માંડવરાયજીની સ્થાપના કરી સુંદર મંદિર બનાવ્યું. દરબારગઢ ચણાવીને ફરતો કોટ કરાવ્યો. પછીથી પરમારોએ સ્વબળે જમીન, જાગીર અને આજુબાજુનાં ગામડાં કબજે કર્યાં. 24 ગામોની એક એવી થાનની, કંડોરણા, ચોબારી, ચોટીલા અને મૂળીની ચોવીસીઓ કમાયા. પોતાનો વિજય ઈષ્ટદેવ માર્તંડરાયજીની મહેરબાનીને આભારી છે એમ માનનારા લખધીરજી શ્રદ્ધાપૂર્વક એમની પૂજા આરાધના કરતા એ પછી પરમારોએ માંડવરાયજીની પૂજા-આરાધના ચાલુ રાખી. કહેવાય છે કે આ દેવે પછીથી પરમારોને ઘણા પરચા પૂર્યા. આ પરચાની વાતો પરમારોના બારોટોના ચોપડે મંડાયેલી આજેય જોવા મળે છે.





## પ્રસાદીના મહુડાના કાષ્ટની બનાવેલી શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ



અમદાવાદ નરનારાયણદેવની ગાદીએ વાસુદેવપ્રસાદજી મહારાજ હતા. તેઓની ઈચ્છા મૂળીમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ સ્થાપવાની હતી. તે સમયે તદ્રૂપાનંદ સ્વામીના શિષ્ય રાધામનોહરદાસજી હતા. આ રાધામનોહરદાસજીના શિષ્ય બાલકૃષ્ણદાસજી નામે સંત હતા. આ બાલકૃષ્ણદાસજી ત્રણે અવસ્થામાં શ્રીજી મહારાજની અક્ષરધામની મૂર્તિ સદા દેખતા હતા. આથી મહારાજ શ્રી વાસુદેવપ્રસાદજીએ સ્વામીને કહ્યું કે, તમો જે મૂર્તિ દેખો છો તેવી મૂર્તિ ઘનશ્યામ મહારાજની બનાવરાવો અને તે મૂળી મંદિરમાં સભા મંડપમાં પધરાવીએ.

આથી સ્વામીએ રાજકોટનાં મિસ્ત્રી શ્રી ઈશ્વરભાઈને બોલાવી કહ્યું : મને દેખાતી અક્ષરધામની મૂર્તિ જેવી જ મૂર્તિ બનાવવાની છે. આથી મિસ્ત્રી કહે, સ્વામી એ મૂર્તિ મને દેખાડો તો હું તેના જેવી જ મૂર્તિ બનાવી દઉ. આથી સ્વામીએ મિસ્ત્રીની સામું દ્રષ્ટિ કરીને તે મિસ્ત્રીને પણ મહારાજનું અક્ષરધામનું સ્વરૂપ દેખાવા લાગ્યું. તે મૂર્તિ ઘડવાનું કામ પુરૂં થયું ત્યાં સુધી અહોરાત જયારે સંભારે ત્યારે મૂર્તિ દેખાતી.

હવે આ મૂર્તિ માટેનું કાષ્ઠ કયું વાપરવું તે સંતોને પૂછ્યું. તો સ્વામીએ કહ્યું જે છપૈયા મૂળીના સંતો મંદિર બાંધવા ગયા ત્યારે જાણેલું જે શ્રીજીમહારાજ જે મીન સાગરના કિનારે છપૈયામાં બાળપણમાં રમતાં તે મહુડાંના ઝાડ ઉપર ચઢીને બેસતા તે પ્રસાદીના ઝાડનું થડ છપૈયામાં દર્શન માટે રાખેલું તે આખું આ થડ હરિનારાયણદાસજી સ્વામી રેલવે મારફત મૂળી લાવ્યા હતા. તે કાષ્ટ મિસ્ત્રીને આપી કહ્યું : આ કાષ્ટનો ઉપયોગ મૂર્તિમાં કરજો. આથી મિસ્ત્રીએ આ પ્રસાદીના કાષ્ટનો ઉપયોગ કરી અક્ષરધામનાં મહારાજના સ્વરૂપ જેવી જ મૂર્તિ આબેહુબ બનાવી અને આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજે હરિનારાયણદાસજી સ્વામીની મહંતાઈમાં સંવત 1962નાં વસંત પંચમીના શુભ દિને સભા મંડપમાં મૂર્તિની સ્થાપના કરી.

એટલે કે સભામંડપ બન્યા પછી દસ વર્ષ બાદ ઘનશ્યામ મહારાજની સ્થાપના થયેલ છે.

આ વાત આ પ્રસંગે ઘનશ્યામ મહારાજની મૂર્તિ સંબંધી જાણકારી વાંચકોને મળી રહે તે માટે લખી છે. આજે શ્રી ઘનશ્યામમહારાજ પધરાવ્યા તેને 111 વર્ષ થયા છે. આ ઘનશ્યામ મહારાજે આજ સુધી અનેક ચમત્કારો બતાવેલ છે.

**કવિ મહિકરણભાઈ ગઢવી - મૂળી**

**મૂળી દેશના શ્રીહરિને મળેલા ભક્તજનોની યાદી**

પાંડવરા : દેવાભાઈ પટેલ, રતનાભાઈ પટેલ

ધોળી : માલાભાઈ પટેલ, પીતાંબરભાઈ પટેલ

પૂ. મહારાજ પધાર્યા અને ગઢપુરથી સદ્. ગોપાળાનંદ સ્વામી પધાર્યા અને ખૂબ ધામધૂમપૂર્વક વિ.સં. 1888ના મહા સુદી પંચમી (વસંત પંચમી)ના રોજ શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીને ખૂબ જયજયકાર કર્યો.

## નાયકા ડેમ (ભોગાવો-૧)



સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના ગૌતમગઢ ગામ પાસે ભોગાવો નદી પર આ ડેમ આવેલો છે, જે ગૌતમગઢ ગામના પૌરાણિક નામ નાયકા પરથી 'નાયકા ડેમ' તરીકે ઓળખાય છે.

ડેમના પાણીનો ઉપયોગ મોટેભાગે સિંચાઈ માટે કરવામાં આવે છે. ડેમ જ્યારે પૂર્ણ સપાટીએ હોય ત્યારે તેનો ઘેરાવો 5.5 ચો. કિમી જેટલો હોય છે. ડેમની કુલ સંગ્રહશક્તિ 13.705 મિલિયન ઘન મીટર છે. ડેમમાંથી સિંચાઈ માટે બનાવેલ મુખ્ય નહેરની લંબાઈ 12.25 કિમી તથા શાખા નહેરની લંબાઈ 28.25 કિમી છે. મૂળી તથા વઢવાણ તાલુકાની આશરે 4048 હેક્ટર જમીનને ડેમના પાણીના સિંચાઈનો લાભ મળે છે.

આ ડેમ પર કુલ 34 દરવાજા છે. જે પૈકી 20 દરવાજા ઇલેક્ટ્રીક અને 14 દરવાજા ઓટોમેટીક છે. જયારે ડેમમાં પાણીની સપાટી 19 ફૂટ કરતાં વધે ત્યારે ઓટોમેટીક દરવાજા આપમેળે ખુલી જાય છે.

આ ડેમ હાલ ગુજરાત સરકારના નર્મદા અને જળસંપતિ વિભાગ હેઠળ આવે છે.



પડ જુઓ પાંચાળ (ભાગ-૨ મૂળી)

## વસંતપંચમીનો મેળો



પવિત્ર નગરી એટલે મૂળી. જ્યાં ભગવાનશ્રી સ્વામિનારાયણે બાંધેલુ મંદિર છે. જ્યાં ભગવાનશ્રી સ્વામિનારાયણનાં આદેશથી વસંત પંચમીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જે સમય જતા વસંતપંચમીના મેળા તરીકે પણ ઓળખાવાં લાગ્યો છે.

મહાસુદ પાંચમનાં દિવસે એટલે કે વસંત પંચમીના દિવસે મૂળીના આ મંદિરમાં ખૂબ જ માનવ મહેરામણ ઉમટે છે. ભગવાનના દર્શન કરી મંદિરના વિશાળ મેદાનમાં સૌ આવે છે. બપોરે 12 વાગ્યે આચાર્ય મહારાજશ્રી મેદાનની વચ્ચે રાખેલા રંગોના કુંડામાંથી વિશાળ પીચકારીઓ વડે ભક્તોને રંગે છે. સૌ શ્રધ્ધા અને ભક્તિથી રંગાય પણ છે. આ રંગના છાંટણાં લેવાનું અને ત્યારબાદ પ્રસાદ લેવાનું ખૂબ જ મહાત્મય છે. તેને કારણે જ તે એક મેળાના સ્વરૂપમાં આ પર્વ બની ગયો છે.

### શ્રી બિલેશ્વર મહાદેવનો મેળો-ઉમરડા

મૂળીથી પંદરેક કિલોમીટરના અંતરે ઉમરડા ગામ આવેલું છે. આ ગામ અતિ પ્રાચીન છે. ગામથી થોડે જ દૂર પાદરમાં ત્રણ નદીઓનો સંગમ આવેલો છે. જ્યાં ભગવાન શિવનું પ્રાચીન મંદિર આવેલું છે. લોકવાયકા એવી છે કે ભગવાન શિવ અને માતા પાર્વતી શ્રાવણ માસના પ્રથમ સોમવારે અહીં જાગરણ કરવા આવેલા અને રાતભર ચોપાટ રમ્યા હતા. તે સ્થળ પર ધ્રાંગધ્રા સ્ટેટ દ્વારા મંદિર બનાવવામાં આવેલું અને ત્યારબાદ દર વર્ષે મૂળીના ઠાકોર સાહેબ દ્વારા ત્યાં ધજા ચઢાવવામાં આવે છે.

શ્રાવણ માસના પ્રથમ સોમવારે આજુબાજુના ગામડામાંથી લોકો અહીં ભરાતા મેળામાં આવે છે. ભગવાન શિવને માથું ટેકવવા માટે મોટી સંખ્યામાં શ્રધ્ધાળું ઉમટી પડે છે. આ મેળો દર વર્ષે શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે ભરાય છે. આ મંદિર બિલ્વગંગા નદીના કિનારે આવેલું શ્રધ્ધાની દ્રષ્ટિએ ખૂબ મહત્વ ધરાવે છે. મંદિરનું બાંધકામ પ્રાચીન હોવાના કારણે રાજ્ય સરકાર દ્વારા તેને સ્મારક જાહેર કરવામાં આવ્યું છે.

## ધાર્મિક અને પુરાતન સ્થળોની સંક્ષિપ્ત માહિતી :

મૂળી તાલુકો વરસો પહેલાં મૂળી ચોવીસી તરીકે ઓળખાતો હતો. આ તાલુકામાં જોવા લાયક ધાર્મિક સ્થળોમાં માંડવરાયજી દાદાનું મંદિર, ભગવાન સ્વામિનારાયણનું મંદિર અને ત્યાંથી બાર જ કિલોમીટરના અંતરે આવેલું દૂધઈ ગામ. જે રબારી સમાજની આસ્થાનું પ્રતીક છે. મેઘસ્વામી નામના રબારી સંતે સ્થાપેલું આ ભવ્ય મંદિર આમ તો સૌરાષ્ટ્રમાં જે જગ્યાઓ આવેલી છે એમાંની એક નામી જગ્યા છે. આ જગ્યામાં દરરોજ હરિહરનો સાદ પડે છે. ગામના પાદરમાં જ મેઘ તલાવડી આવેલી છે. જે સંતો અને આવેલા ભક્તો દ્વારા ગાળવામાં આવેલી છે. આ તળાવની પાળ પર અનેક વૃક્ષો આવેલાં છે.

ત્યાંથી એ જ રસ્તા ઉપર મૂળીનું સમૃધ્ધ ગામ સરા આવેલું છે જે આજ મેલડી માના મંદિરને કારણે ખૂબ જ પ્રખ્યાત છે. અહીંની લોકવાયકા મુજબ દેવીપૂજકની મેલડીમાતાને હાલ વાણિયા જ્ઞાતિના લોકો પોતાના ઈષ્ટદેવી માને છે. અને અન્ય લોકો પણ અહીં દર્શન કરવા દર રવિવારે મોટા પ્રમાણમાં આવે છે. તેને સરાવાળી મેલડીમા તરીકે ઓળખવામાં આવે છે.

ત્યાંથી થોડેક દૂર કુંતલપુર નામનું નાનકડું અને રળિયામણું ગામ આવેલું છે. અહીંની લોકવાયકા એવી છે કે પાંડવો ગુપ્તવાસ દરમિયાન અહીં રોકાયેલ અને કુંતિમાના નામ પરથી જ આ ગામનું નામ કુંતલપુર પડેલું. એની યાદી રૂપે આજે પણ આ ગામમાં અતિ પ્રાચીન કુંતીમાના મંદિરનું સ્મારક આવેલું છે. કુંતલપુરથી નજીકમાં જ આવેલું કળમાદ ગામ પણ કણબાઇમાના મંદિરને કારણે ખૂબ જ પ્રખ્યાત છે.

મૂળીથી નજીકમાં જ આવેલું ટીકર (પરમાર) ગામ પણ અતિ ઐતિહાસિક મહત્વ ધરાવતું ગામ છે. ગામનાં પાદરમાં અનેક પાળિયા આવેલા છે.

મૂળી તાલુકાના નળિયા ગામમાં તળાવની પાળ ઉપર આસ્થાના પ્રતીક સમાન શિકોતરમાનું એક ભવ્ય મંદિર આવેલું છે. દરિયાકાંઠે જગડુશા શેઠે બંધાવેલ મંદિર પછીનું શિકોતરમાતાનું મંદિર છે. એવી લોકવાયકા છે. નળિયાથી રામપરા જતા રસ્તામાં ખૂબ જ જુના જમાનાની વાવ આવેલી છે. જેને 'રાજબાઈમાની વાવ' તરીકે ઓળખવામાં આવે છે.વરસો પહેલાં બંધાયેલી આ વાવમાં નવ કોઠા અને નવ મતવાલા છે. અને ભૂલ-ભુલામણીવાળા પગથિયાં છે. કલાની દ્રષ્ટિએ, બાંધકામની દ્રષ્ટિએ જોવાલાયક આ વાવ છે. વરસો પહેલાં વણઝારાની પોઠો નીકળતી ત્યારે એ પોઠોનું ધન લુંટારૂઓથી બચાવવા આ વાવમાં સંતાડયું હોવાની અને ક્યારેક પણ પાણી ખાલી ન થતું હોવાની લોકવાયકા છે. આ વાવ રાજ્ય સરકાર પુરાતત્વ વિભાગમાં રક્ષિત છે.





## શ્રી સ્વામિનારાયણ મંદિર, મૂળીધામ



શ્રી સ્વામિનારાયણ મંદિર, મૂળીધામ એ એક ઐતિહાસિક અને પુણ્યવંત તીર્થસ્થાન છે. પ્રાચીન કાળમાં આદિ યોગાચાર્ય ભગવાન શ્રી દત્તાત્રેયનો આશ્રમ જે સ્થળે હતો, ત્યાં આ નગર વસેલું હોવાથી તેને 'મૂળી' નામ મળ્યું છે, તેમજ અન્ય લોકવાયકા મુજબ પવિત્ર રબારણ બાઈના નામ પરથી પણ ગામનું નામ 'મૂળી' પડ્યું હોવાનું મનાય છે.

સંવત 1859માં શ્રીજી મહારાજ વર્ણી સ્વરૂપે મૂળી ગામે પધાર્યા હતા અને ઘેલા જોશીને ત્યાં 15 દિવસ રોકાયા હતા. ત્યારબાદ સંવત 1865માં શ્રી હરિએ સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિર નિર્માણનો શુભ સંકલ્પ કર્યો. મંદિર માટેની ભૂમિનું દાન મૂળીના રાજા શ્રી રામાભાઈએ કર્યું હતું. મંદિરનું ખાતમુહૂર્ત સ્વયં શ્રી હરિ અને શ્રી બ્રહ્માનંદ સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. મૂળી મંદિરમાં શ્રી હરિના સ્વહસ્તે સંવત 1879માં મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી, જ્યારે મંદિરની મુખ્ય પ્રાણ પ્રતિષ્ઠા વિક્રમ સંવત 1888ના મહા સુદ પાંચમ (વસંત પંચમી)ના દિવસે કરવામાં આવી હતી.

મૂળી મંદિરના સભાખંડમાં બિરાજમાન શ્રીજી મહારાજની મૂર્તિ અત્યંત અલૌકિક છે. છપૈયામાં શ્રી હરિ જે મહુડાના વૃક્ષ પર ચઢીને બાળલીલા કરતા હતા, તે વૃક્ષનું લાકડું ખાસ ટ્રેન દ્વારા મંગાવીને રાજકોટના મિસ્ત્રી ઈશ્વરભાઈ પાસે આબેહૂબ મૂર્તિ બનાવડાવીને પધરાવવામાં આવી છે. મૂળી મંદિરમાં અનેક પ્રસાદીના સ્થાનો આવેલા છે, જે ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. જેમાં શ્રી રાધાકૃષ્ણ દેવ અને શ્રી હરિકૃષ્ણ મહારાજના આદિ સ્વરૂપો, સુખશૈયાની મૂર્તિ, શ્રી ઘનશ્યામ મહારાજ, પ્રસાદીના પથ્થરના બાજોટ, પાટ, ગાડું, ગંગાજળીયો કૂવો, પુરૂષોત્તમ બાગનો પ્રસાદીનો લીંબડો, રંગમહેલ તથા ચાર ખંડવાળી હવેલીનો સમાવેશ થાય છે.

સંવત 1876 મહા સુદ-પંચમીના દિવસે મૂળી ગામનાં પરમ ભક્ત રામાભાઈએ સ્વામીનારાયણ ભગવાનને મૂળી ગામમાં મંદિર બનાવવાં માટે 22 વીઘા જમીન આપી. આ રામાભાઈ પરમારના ધર્મપત્ની રાજબાઈએ જમીનનો લેખ કરી આપ્યો.

આ મંદિરના નિર્માણકાર્યની જવાબદારી ભગવાન સ્વામીનારાયણે બ્રહ્માનંદ સ્વામીને સોંપી.

સંવત 1877માં મૂળી ગામમાં આ મંદિરનું નિર્માણકાર્ય શરૂ કરવામાં આવ્યું. આ મંદિર માટેનાં પથ્થરો ગઢાદ ગામની બાજુમાં આવેલ ખીણમાંથી લાવવામાં આવ્યા.

આ સ્વામિનારાયણ મંદિરનાં પગથિયાની બંને બાજુએ ગણપતિ અને હનુમાનજી 12 ફૂટની આબેહૂબ મૂર્તિઓ પધરાવવામાં આવી છે. આવી ઉંચાઈવાળી દિવ્ય અને અલૌકિક મૂર્તિ બીજે ક્યાંય જોવા મળતી નથી.

આ સ્વામિનારાયણ મંદિરમાં નવ શિખરો આવેલા છે. 84 સ્તંભો પર બનાવવામાં આવ્યું છે. આ મંદિરનાં મધ્ય ગર્ભગૃહમાં રાધાકૃષ્ણદેવની મૂર્તિ પધરાવવામાં આવેલી છે.

મંદિરનાં ગર્ભગૃહ, સ્તંભો પર આબેહૂબ કોતરણી કરવામાં આવી છે.

સંવત 1879 મહા સુદી પંચમીને દિવસે સ્વામિનારાયણ ભગવાન પોતે આ મંદિરના દેવની મૂર્તિ પ્રતિષ્ઠા કરી છે.

સમય જતાં આગળના વર્ષોમાં આ મંદિરમાં સંવત 1933 માં નિર્દોષાનંદ સ્વામીએ મંદિરની બાજુમાં ચાર મજલાની કાષ્ટની હવેલી બનાવી. આ હવેલીમાં સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની અલૌકિક વસ્તુ રાખવામાં આવી છે.

આ હવેલીમાં કાષ્ઠ પર સુંદર અને બારીક કોતરણી કરવામાં આવી છે.

સંવત 1942માં સદ્ગુરૂ હરિનારાયણદાસજી સ્વામીએ મંદિરની ડાબી બાજુમાં મોટો સભામંડપ બનાવ્યો. જે અત્યારે બ્રહ્માનંદ સભામંડપનાં નામે ઓળખાય છે. આ સભામંડપ ત્રણ માળનો છે. તેમાં મુખયત્વે કાષ્ટનો વધુ ઉપયોગ કરવામાં આવ્યો છે. બારીક અને ઝીણી કોતરણીથી સભામંડપ દીપી ઊઠે છે.

આ સ્વામિનારાયણ મંદિરમાં દર વર્ષે વસંતપંચમીના દિવસે દિવ્ય રંગોત્સવનું આયોજન કરવામાં આવે છે. લાખોની સંખ્યામાં હરિભક્તો પધારે છે. આ રંગોત્સવમાં ભગવાનના વંશજ ધર્મકુળના આચાર્ય મહારાજશ્રી રંગ ઉડાડી ભક્તોને દર્શન આપે છે.

આ મંદિરનાં 200 વર્ષ પૂર્ણ થયા ત્યારે 'ઉત્સવ' નામ આપી મોટો સમૈયો કરવામાં આવ્યો હતો.

આ સુંદર અને અલૌકિક મંદિરના અત્યારે 205 વર્ષ પૂર્ણ થયા છે.





## ટમાલિયા પરિવારના પાળિયાનો ઈતિહાસ

હહરાજ બાપાએ ગામ લીમલીનું તોરણ બાંધેલ છે. પરમાર સાંસાજીના રાજ (મૂળી) સવંત 1625 માં બાંધેલ છે. સવંત 1711 માં ફાગણ વદ 11 ને મંગળવાર જયારે લીમલી ગામે સવંત 1711 માં હહરાજ બાપા તેમના દીકરાને પરણાવવા જાન લઇ જતાં ત્યારે બુંગીયો ઢોલ સંભળાય છે. ત્યારે જાનમાંથી સર્વે રબારીભાઇઓ ગાયો પાછળ ધીંગાણું કરે છે.

જેમાં વાલ્મિકી ભોળાભાઇ, તેના ભાઇઓ તથા દીકરાઓ તડઘાયો ઢોલ વગાડીને સર્વે રબારીઓને પાણી ચઢાવે છે. અને ત્યારે આ રબારીઓ ધીંગાણામાં ઉતરે છે. જે ધીંગાણું જત અને સભાડ સાથે થયેલ. જેમાં 17 જત સિપાઇ મારેલ અને 32 સભાડને મારેલ છે. જેમાં ઢોલી 7 (વાલ્મિકી) કામ આવેલ હતા. જેમાં ભોળો અને તેના ભાઇ અને દીકરા જેની ખાંભી છે.

આ ધીંગાણામાં 125 રબારીઓ કામે આવી ગયેલ. જેમાં અટક ઘિયંડ (જીડ) પરમાર, ભાંગરા, સામંડ, લુણી, ટમાલિયા, કોલા, કાસેલા, આલ. જેમાં ટમાલિયાની 20 ખાંભી છે. આ વિગત સવદાસ બાપા ટમાલિયા બારોટજીના ચોપડે સવંત 1817 લખાવેલ છે. અને ખાંભીઓનો જીર્ણોધ્ધાર સવદાસ બાપાએ ભાદરવા સુદ-14 ના રોજ કરાવેલ છે. જે બારોટજી રામબાપુના ચોપડે લખાયેલ છે. (બારોટજી મનુભાઇ ધીરૂભાઇ - સુરેન્દ્રનગર પાસે છે.)

આ વિગત બારોટજી ભરતભાઇ રતનસંગભાઇ - સુરેન્દ્રનગર પાસેથી મળેલ. જેમાં વિરભાણ બાપા, હહરાજ બાપા, હરદાસબાપા, ગંગાદાસ બાપા અને નાકાબાપા અને દેવદાસ બાપા લીમલી ગામે વસેલ. જે લીમલી ગામે ધીંગાણું થયેલ તે ખાંભીઓ છે. તે ગામની બહાર નીકળતા ડાબા હાથ ઉપર ધીંગાણું થયેલ છે.

સવંત 1745 હાલ લીમલી તા. મૂળી કહેવાય ત્યાં ગાયો લઇ સીમમાં ગયાં, જયાં ધીંગાણું થતાં એકાવન માણસો કામ આવેલા. જેમાં બે ઢોલી (વાલ્મિકી), એક રાજપૂતની ખાંભી છે. રાજપૂતના દીકરા ઘોડેસવાર છે. (ત્રણ દીકરા) જે ધીંગાણું થયું તે જોરાવરસિંહના વખતમાં થયેલ છે.

## લીમલીના દેવીપૂજક સગરામ ભગતને ઘરે શ્રી સ્વામિનારાયણ ભગવાન પધારેલ તે કૂબો



એકવાર શ્રીજી મહારાજ ગામ લોયામાં હતા. ત્યાંથી સમી સાંજમાં રિસાઈને ચાલી નિસર્યા. તે અડધી રાતે ગામ લીમલી એ આવ્યા. તે લીમલીના જાપા પાસે સગરામ દેવીપૂજકનો કૂબો હતો, ત્યાં આવીને સગરામને બોલાવ્યો. ત્યારે સગરામ ઊઠીને મહારાજને પગે લાગ્યો. ત્યારે મહારાજ કહે, 'મારે સુઈ રહેવું છે.'

સગરામ સાંખ્ય જોગીના નિયમ પાળતો હતો. અને તેની બાયડીનો કૂબો જુદો હતો ને તેનો કૂબો પણ જુદો હતો. તે એના કૂબામાં કામળી પાથરી દીધી, તે ઉપર મહારાજ સુઈ ગયા ને સગરામને કહ્યું જે, 'મૂળજી શેઠને ખબર કરી આવ, બીજા કોઈને વાત કરીશ મા, અમારે છાના રહેવા છે.' પછી સગરામ તો મૂળજી શેઠની ખડકીએ આવીને મૂળજી શેઠને જગાડીને કહ્યું : જે, 'મારા કૂબામાં તો હાથી બાંધ્યો છે.'

મૂળજી શેઠ કહે, 'કેમ હાથી?' ત્યારે સગરામ કહે, 'મહારાજ મારે ઘેર આવ્યા છે ને કૂબામાં સુતા છે અને તેમને ખબર કરવા મને મોકલ્યો છે; તે છાના આવજો, કોઈને જાણવા દેશો નહીં.' એમ કહીને સગરામ તો આવ્યો. અને મૂળજી શેઠ તો ઉતાવળા લુગડા પહેરીને હાથમાં લાકડી લઈને સગરામના કૂબા પાસે જાતા હતા. અને મહારાજ જ્યારે રિસાઈને ચાલી નિસર્યા, ત્યારે તેમની વાંસે બ્રહ્માનંદ સ્વામીને સ્વયંપ્રકાશાનંદ સ્વામી પણ વીસ સાધુ ભેગા લઈને પગેરે પગેરે (સગડે - સગડે) વાંસો - વાંસ ચાલેલા. તે પણ લીમલીએ આવીને ઊંચો ચોરો હતો, તેમાં બેઠેલા હતા.

મૂળજી શેઠ બોલ્યા જે, 'આ ચોરામાં કોણ બેઠા છે?' ક્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે,'વાણીયા નથી ઓળખતો ? અમે સાધુ છીએ.' પછી મૂળજી શેઠ તો ચોરા ઉપર ચડીને એ સર્વે સાધુને પગે લાગીને બોલ્યાઃ જે, રાતે તમે ક્યાંથી આવ્યા ? ને ક્યાં જાવ છો ?' ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, 'મહારાજ લોયેથી રિસાઈને ચાલી નિસર્યા છે. તેથી તેમની મોજડી ને સગડે સગડે આંહી આવીને હમણાં બેઠા છીએ. અને વળી તારો ભરોસો છે જે,







મૂળજીભાઈ કાંઈક વાવડ દેશે ખરા, માટે તમને કાંઈ ખબર હોય અથવા તમારે ઘેર આવ્યા હોય તો અમને ખબર આપો.'

મૂળજી શેઠ કહે, 'મારે ઘેર તો આવ્યા નથી. તમે અહીં બેસો, હું ગામમાં જાઉં છું, તે પાછો હમણાં તમારી પાસે આવું છું.' એમ કહીને મૂળજી શેઠ તો એ સગરામના કૂબામાં જઈને મહારાજને દંડવત કરીને પગે લાગીને બોલ્યાઃ જે, 'હે મહારાજ ! બ્રહ્માનંદ સ્વામી વીસ સાધુ લઈને અહીં તમારી વાંસોવાંસ આવ્યા છે ને ચોરામાં બેઠા છે. તેમણે મને મળીને કહ્યુંઃ જે, 'મહારાજ ખબર છે ?' એમ મને પૂછ્યું. તે મેં તો કાંઈ જવાબ દીધો નથી, પણ મને પાછા પૂછવા આવશે ત્યારે મારે એમને શું કહેવું ? ને એ ચાલી ચાલી ને દોડાદોડ આવ્યા છે, તે થાકી પણ રહ્યા છે.'

## અંધવિશ્વાસ નહીં, પરંતુ આસ્થાનું કેન્દ્ર એટલે લીયા વચ્છરાજદાદાનું મંદિર....




આશરે અઢીસો વરસ પહેલા રબારીની માનતા પુરી કરવા રણમાંથી લીયાના પાદરે જેના બેસણા કરેલ છે એવા વીર વચ્છરાજ-દાદાનું મંદિર સુરેન્દ્રનગર જિલ્લાના જોવાલાયક સ્થળોમાનું એક છે. જ્યાં દર રવિવારે મેળા જેવો માહોલ જોવા મળે છે. જેમાં હજારો ભક્તો પ્રસાદનો લાભ લે છે. જેમાં રોટલી, લાપશી, દાળ, ભાત, શાક, તેમજ છાસ પીરસવામાં આવે છે.

આ મંદિરની વિશિષ્ટતા એ છે કે, અહીં કોઈને બાધા આખડી નથી આપતાં, ભક્તો મનથી માનતા માને છે અને પોતાની રીતે માનતા કરીને જતા રહે છે. આ મંદિર મૂળી તાલુકાના લીયા ગામથી બે કિલોમીટર દૂર આવેલ છે.

# સરાના મેલડી માઁ



સરા ગામમાં પ્રચલિત બીજી એક લોકપરંપરા અનુસાર, ગામના પ્રતિષ્ઠિત વેપારી શ્રી આંબા ખીમજી દોશી એક વખત પોતાના વેપારના કામસર વાંકાનેર નજીક આવેલા લુણસર ગામે ગયા હતા. તે સમયે લુણસર ગામના એક પટેલ પરિવારના ઘરે શ્રી મેલડી માતાજીનો પવિત્ર તાવો યોજાયો હતો.

પટેલ પરિવારે શ્રી આંબા ખીમજી શેઠનું આત્મીયતાપૂર્વક સ્વાગત કર્યું અને તેમને તાવાની પ્રસાદી ગ્રહણ કરવા આગ્રહ કર્યો. શેઠે ભાવપૂર્વક પ્રસાદી સ્વીકારી અને મેલડી માતાજીના દર્શન કર્યા. લોકવાયકા મુજબ, દર્શન દરમિયાન તેમને માતાજીની દિવ્ય ઉપસ્થિતિનો અલૌકિક અનુભવ થયો અને તેમના અંતરમાં માતાજી પ્રત્યે અખંડ શ્રદ્ધા પ્રગટી.

વ્યાપારનું કાર્ય પૂર્ણ કરીને જ્યારે શ્રી આંબા ખીમજી શેઠ રાત્રિના સમયે સરા ગામ તરફ પરત ફરી રહ્યા હતા, ત્યારે માર્ગમાં એક અદ્‌ભુત ઘટના બની હોવાનું લોકવાયકામાં વર્ણવવામાં આવે છે. કહેવામાં આવે છે કે આશરે સોળ વર્ષની દિવ્ય કન્યાના સ્વરૂપમાં સ્વયં શ્રી મેલડી માતાજીએ તેમને દર્શન આપ્યાં. માતાજીના તેજોમય સ્વરૂપના દર્શનથી ભાવવિભોર બની ગયા. તેમણે આ દિવ્ય અનુભૂતિને માતાજીની કૃપા અને આજ્ઞા તરીકે સ્વીકારી.

લોકમાન્યતા અનુસાર, આ દિવ્ય દર્શન પછી શ્રી આંબા ખીમજી શેઠે સરા ગામમાં શ્રી મેલડી માતાજીની સ્થાપના કરવાનો સંકલ્પ કર્યો. ત્યારબાદ તેમણે વિધિવત્ માતાજીની પ્રતિષ્ઠા કરાવી અને નિયમિત પૂજા-અર્ચનાની શરૂઆત કરી. સમય જતાં આ સ્થાન ભક્તોની અખૂટ આસ્થાનું કેન્દ્ર બન્યું અને આજે તે શ્રી સરા મેલડી માતાજીના પ્રસિદ્ધ શક્તિપીઠ તરીકે ઓળખાય છે.





# દેવભૂમિ દૂધઈમાં વડેરા વડવાળા ધામ



કંકુવરણી પાંચાળ ભોમકામાં મૂળીથી 18 કિ.મી. દૂર, પવિત્ર લોકમાતા બ્રાહ્મણી નદીના તીરે પંખીના માળા જેવડું દૂધઈ ગામ આવેલું છે. અહીં દિવ્ય, ભવ્ય અને કલાત્મક એવું શ્રી વડવાળા દેવનું ત્રિશિખર મંદિર આવેલું છે. પ્રાચીન શૈલીથી બંધાયેલા વિશાળ દરવાજામાંથી પ્રવેશી મંદિરના પ્રાંગણમાં આવેલ વટવૃક્ષની છાંયામાં પગ મૂકતાં જ કોઠામાં ટાઢો શેરડો પડે એવું આ સ્થાનક રબારી જ્ઞાતિના લોકોનું આસ્થાસ્થાન છે. મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામ અહીં ઇષ્ટદેવ વડવાળા ભગવાન તરીકે પૂજાય છે. સર્વ જ્ઞાતિના લોકો આ દેવસ્થાન પ્રત્યે અહોભાવ-શ્રદ્ધાભાવ ધરાવે છે.

આ આશ્રમનો તાર જગદ્‌ગુરૂ આદિ શંકરાચાર્યની ઉજ્જવળ સંત પરંપરા સાથે જોડાયેલો છે.

| | | |
|---|---|---|
| 1. શ્રી આદિ શંકરાચાર્ય | 2. સુરેશ્વરાચાર્ય | 3. સર્વજ્ઞાચાર્ય |
| 4. સત્યાનંદ | 5. જ્ઞાનાનંદ | 6. નિર્ભયાનંદ |
| 7. સુખાનંદ | 8. અભયાનંદ | 9. સહજાનંદ |
| 10. શ્રુત્યાનંદ | 11. શિવાનંદ | 12. સચ્ચિદાનંદ |
| 13. નિત્યાનંદ | 14. નારાયણાનંદ | 15. પૂર્ણાનંદ |
| 16. અનંતાનંદ | 17. જીવાત્માનંદ | 18. કેશવાનંદ |
| 19. માધવાનંદ | 20. જગન્નાથ | 21. પદ્મનાભ |

આ પદ્મનાભના શિષ્ય શ્રી નીલકંઠ સ્વામી જેમણે હિમાલય (ઉત્તરકાશી)થી ઉતરીને દૂધરેજ આશ્રમ સ્થાપવાની પ્રેરણા કરી હતી.

'પંડ્ય કંચન, લટ પિંગળી ને હલકે ખપ્પર હાથ;
ઓતર ખંડથી ઉતર્યો, નવ નાથ માહ્યલો નાથ.'

નીલકંઠ સ્વામીના શિષ્ય રઘુનાથ સ્વામીએ ગુરૂઆજ્ઞાથી વિક્રમ સંવત 1595માં દૂધરેજ આશ્રમ સ્થાપ્યો. રઘુનાથ સ્વામીના શિષ્ય યાદવ સ્વામી અને તેમના શિષ્ય ષષ્ઠપ્રજ્ઞ સ્વામી થયા. ષષ્ઠપ્રજ્ઞ સ્વામીએ દૂધરેજ વડ વાવીને વડવાળા મંદિરની સંત પરંપરા શરૂ કરી.

આ 'રામય વૈષ્ણવ' સંપ્રદાયની સંત પરંપરામાં ષષ્ઠપ્રજ્ઞ સ્વામી પછી લબ્ધરામદાસજી,



રતનદાસજી, માનદાસજી, કૃષ્ણદાસજી અને તેમના શિષ્ય ઓધવદાસજી અને મેઘસ્વામી થયા.

મેઘસ્વામી અને તેમના ગુરૂભાઈ ઓધવદાસજીએ દૂધરેજથી પ્રસ્થાન કરી દૂધઈ પધારી એક પર્ણકુટી અને ત્યારબાદ આશ્રમની સ્થાપના કરી. આ તેજસ્વી અને પ્રતાપી સંત પૂજ્ય મેઘસ્વામી મહારાજ વિક્રમ સંવત 1907માં ગાદીએ આવ્યા. તેમના કાર્યકાળમાં દૂધઈ સ્થિત શ્રી વડવાળા મંદિરનું નિર્માણ થયું. પશ્ચિમાભિમુખ આ મંદિર ધાર્મિક અને સ્થાપત્યની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનું છે. ધ્રાંગધ્રાના પથ્થરોથી નિર્મિત 56 ફૂટની ઊંચાઈવાળું આ દેવળ ત્રણ શિખર, પાંચ ઘુમ્મટ, કલાત્મક કોતરણી, સુંદર રંગો અને ચિત્રોથી શોભે છે. મંદિરમાં પ્રવેશવાના ત્રણ દ્વારો છે. મંદિરનો વિશાળ ઘુમ્મટ શિલ્પો તથા ચોવીસ અવતારોના ચિત્રોથી સુશોભિત છે. મંદિરની વચ્ચેનો ચોક તેની ફરતે બાંધેલા કલાત્મક સ્તંભોથી ઘેરાયેલો છે. કરૂણાવાન સંત મેઘસ્વામીની લોકકલ્યાણ અને સેવાભાવનાની સાખ પૂરતા 'મેઘ તલાવડી' અને 'મીઠો કૂવો' આજે પણ દૂધઈમાં આવેલા છે. મંદિરના પ્રાંગણમાં આવેલ પવિત્ર વડ પાળીયાદના મહંત પૂજ્ય શ્રી વિસામણ બાપુએ રોપેલો છે.

'ગુરૂ ઐસો ચાહિયે, જૈસો પૂનમચંદ;<br>તેજ દિયે, તપે નહીં, ઉપજાવે આનંદ.'

હાલ દૂધઈની દૈવી સંત પરંપરાના સાતમા મહંત મેઘ મંડલેશ્વર શ્રી રામબાલકદાસજી ઈ.સ.- 2002થી ગાદીએ છે. રામબાપુ રામકથાના વિદ્વાન વક્તા, સરળ, વિનયી, વાચક અને વિચારક છે. તેમણે સમાજમાં શિક્ષણ, વ્યસનમુક્તિ અને અંધશ્રદ્ધા નિવારણ ઉપર ભાર મૂક્યો છે.

આ મંદિર દ્વારા સંચાલિત પૂરણધામ હોસ્ટેલ ચોટીલામાં આવેલ છે. જ્યાં આવશ્યકતાવાળા અને સ્થળાંતરિત થતાં માલધારી સમાજના લોકોના બાળકો માટે શિક્ષણની સુવિધા ઊભી કરાઈ છે.

દૂધઈ વડવાળાની જગ્યામાં મોટી ગૌશાળા આવેલી છે. જ્યાં દૂધરેજની 'રાંગણ અને રૂપેણ' ગાયોનો 500 વર્ષ જૂનો ઑર ચાલ્યો આવે છે. અહીં ખૂબ મોટી સંખ્યામાં અસલ ઓલાદની ગીર ગાયોનું સંરક્ષણ અને સંવર્ધન થાય છે.

'દેને કો ટૂકડા ભલા, લેને કો હરિ નામ'



પડ જુઓ પાંચાળ (ભાગ-૨ મૂળી)



આ દેહાણ જગ્યામાં રોજ 'હરિહર'નો સાદ પડે છે. ગૌશાળાના ઘી, દૂધ, છાશ વગેરે ભોજનાલયમાં ઉપયોગમાં લેવાય છે. પધારેલ સૌ ભાવિક ભક્તો નાતજાતના ભેદભાવ વગર ભોજનશાળામાં પ્રસાદ લે છે. રબારી સમાજના પરગણાઓમાંથી નક્કી થયેલ પરગણાઓમાં ઉંબરાદીઠ આ મંદિરની 'ટહેલ' (ટેલ) નીમેલી હોય છે. આ ટેલ, દાન, અન્ય આવક વગેરે થકી મંદિર, અન્નક્ષેત્ર, આશ્રમ, ગૌશાળા, છાત્રાલય વગેરેનો નભાવ થાય છે.

પૂર્વે ઘણા બધા પંથોમાં જોવા મળતી 'સનાતન ધર્મના રક્ષણ અને પ્રસાર માટે દીકરા આપવાની પરંપરા' અહીં જીવંત જોવા મળે છે. રબારી જ્ઞાતિના નિઃસંતાન દંપતી અહીં 'દીકરા'ની માનતા રાખે છે. દેવકૃપાથી તેમના ઘેર પારણું બંધાય અને 'બેવડરાશ' થાય તો મોટા દીકરાને તેઓ જગ્યામાં મૂકે છે. અહીં આવા બાળસંતોને ઉચ્ચ શિક્ષણ સાથે શાસ્ત્ર, અધ્યાત્મ વગેરેનું જ્ઞાન આપી તેમનો સુંદર ઉછેર થાય છે. પુખ્તવયે 'સંસારમાં જવું છે' કે 'સંન્યાસમાર્ગે આગળ વધવું છે' તે અંગે તેમને પૂછવામાં આવે છે. આ સન્યાસીઓ સનાતન સંત પરંપરાને આગળ ધપાવે છે. તેઓ સફેદ વસ્ત્રો પહેરે છે. માથા પર ભગવા રંગની પાઘ બાંધે છે તથા ખભે ભગવા કે ગેરૂવા રંગનું વસ્ત્ર રાખે છે. સંસારમાં પરત થાય તેઓ માર્ગી સાધુ તરીકે ઓળખાય છે. જેમાં દૂધરેજીયા, હરિયાણી, દેસાણી વગેરે શાખ બની છે.

અહીં મુખ્યત્વે હોળી મહોત્સવ, જન્માષ્ટમી મહોત્સવ અને ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવે છે.

ચિરકાળથી ભાવ, ભક્તિ, ભોજન, ભજન અને ભેખ થકી જીવનપથના વટેમાર્ગુઓનો 'વિસામો' બની રહેલ આ જગ્યામાં પ્રજ્વલિત અનેક દિવ્યાત્માઓ સમાજજીવનને પ્રકાશિત કરતા રહ્યા છે. સદૈવ સમાજની આસ્થા અને ચેતનાની નમણું લેતી દૈવી સંત પરંપરાની દૂધઈ ગાદીને પ્રણામ.

'ભલો કરવો, ભવ તરવો ને ભગવત સે રખવો ભાવ;<br>ખીમરવ કે આ ખલકમાં, સહેલો નથી સાવ.'


સંદર્ભ-1 : ધન્ય ધરા દૂધઈ ધામની - નવઘણ સાંબડ 'ચાંદ'

સંદર્ભ-2 : શ્રી સદ્‌ગુરૂ જીવનદર્શન - કેશુભાઈ બારોટ

# પંડિત સુખલાલજી



જન્મ : 8 ડિસેમ્બર, 1880

સ્વર્ગવાસ : 2 માર્ચ, 1978

જન્મ સ્થળ : લીમલી તા. મૂળી (જિ. સુરેન્દ્રનગર)

**પરિચય :**

પંડિત સુખલાલજી જૈન ધર્મ અને ભારતીય તત્વવિદ્યાના એક પ્રકાંડ વિદ્વાન હતા. જૈન વેપારી કુટુંબમાં જન્મેલા અને નાની ઉંમરે દ્રષ્ટિ ગુમાવવા છતાં (પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં) તેમણે પોતાની અજોડ જ્ઞાનસાધના દ્વારા ભારત અને વિદેશમાં એક શ્રદ્ધેય મનીષી તરીકે નામના મેળવી હતી.

**સાહિત્યિક કૃતિઓ અને સંપાદન :**

તેમનું સૌથી મૂલ્યવાન પ્રદાન સિદ્ધસેન દિવાકર રચિત 'સન્મતિતર્ક'નું સંપાદન છે જે તેમણે 1920 થી 1932 દરમિયાન પંડિત બેચરદાસ દોશીના સહયોગમાં છ ભાગમાં પૂર્ણ કર્યું હતું. આ ઉપરાંત, તેમણે 1930માં 'તત્વાર્થસૂત્ર'નું પણ સચોટ સંપાદન કર્યું હતું. તેમના અન્ય નોંધપાત્ર ગ્રંથોમાં નીચે મુજબના સર્જનોનો સમાવેશ થાય છે :

દર્શન અને ચિંતન (1957) : બે ભાગમાં વિભાજિત આ ગ્રંથમાં ધર્મ, સમાજ, રાજનીતિ અને કેળવણી જેવા વૈવિધ્યસભર વિષયો પરના તેમના ગહન લેખો સંગ્રહિત છે.

તાત્વિક કૃતિઓ : 'અધ્યાત્મવિચારણા' (1956), 'ભારતીય તત્વવિદ્યા' (1959) અને 'જૈન ધર્મનો પ્રાણ' (1962).

**ચરિત્ર લેખન અને આત્મકથા :**

તેમણે મહાન વિભૂતિઓના જીવન ચરિત્રો પણ આલેખ્યા છે, જેમાં 'ચાર તીર્થંકર' (1959) અને 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' (1961) મુખ્ય છે. તેમના અવસાન બાદ 1980માં તેમનું આત્મવૃત્તાંત 'મારું જીવનવૃત્ત' પ્રકાશિત થયું હતું. જે તેમના જીવનસંઘર્ષ અને વિદ્વતાનો પરિચય આપે છે.

ટૂંકમાં, પંડિત સુખલાલજીએ પોતાની શારીરિક મર્યાદાઓને ઓળંગીને જૈનદર્શન અને ભારતીય ચિંતન જગતને અમૂલ્ય વારસો આપ્યો છે.





# આલેક કરપડો



ભાડલામાં લાખા ખાચરની ડેલીએ એક દિવસ સવારે ડાયરો જામ્યો હતો. કસુંબાના રંગ દેવાતા હતા. એ વખતે આપા લાખાના બે કાઠીઓ એક ખૂણામાં બેઠા બેઠા ધીરે સાદે વાતે વળગ્યા હતા.

'જસા ગીડા !' વીકા ગીડાએ કહ્યું : 'આ ઉકલું હમણાં ભારે ફાટ્યું છે, હો !' 'આવડી બધી ફાટ્ય શેની આવી છે ઈ ખબર્ય છે ને ? આપા લાખાએ મોઢે ચઢાવ્યો છે, બા! આપો તો એને દેખે એટલે આંધળોભીંત!'

'તે હવે ઉકલાનાં લાડ ઉતારી નાખીએ.'

બેય કુટિલ કાઠીઓએ ઉકા નામના લાખા ખાચરના માનીતા કાઠીનું કાસળ કાઢવાનો મનસૂબો કર્યો. ડાયરા સામે જોઈને જસા ગીડાએ ઊંચે સાદે કહ્યું : 'એ આપાઓ ! હમણે સાંભળ્યું છે કે સરલાની પાડિયુંને મૂછ્યું આવી છે.'

'તે બા, સરલામાં વળી કોનીયું પાડિયું?'

'બીજા કોનીયું ? રાણા કરપડાની. જેને ઘેર આલેક કરપડા જેવો જોધારમલ દીકરો હોય એનાં જ ઢોર ફાટફાટ આઉ લઈને ફરે ને, બા !'

'ઓહો ! રાણાની ભેંસ્યુંને માથે તો કાંઈ લોહીના થર ચડ્યા છે ! ચીંટિયો લઈએ તો ધાર થાય.'

હોકાની ઘૂંટ લેતાં લેતાં આપો લાખો બોલ્યા : 'તઈં તો, બા, આલેકનાં વારણાં લેવા જાવું પડશે.'

'આપા લાખા, ઈ વાતું થાય !' લાખા ખાચરને રઢ ચડાવવાના ઇરાદાથી વીકો ગીડો દાઢમાંથી બોલ્યો.

'ઠીક તઈ, બા ! માંડો પલાણ. એનાં કાંઈ મૂરત જોવાય છે ?' કહીને લાખો ખાચર બગલાની પાંખ જેવું પાસાબંધી કેડિયું પહેરીને તૈયાર થયા. પાણીનું છાપવું ભરીને બેય બાંયોની કરલ ચડાવી લીધી. દાઢીના કાતરા ઝાપટીને મોસાળિયું બાંધી વાળ્યું. દોઢસો ઘોડે લાખો ખાચર સરલા ભાંગવા ચડ્યા. રસ્તામાં જસા ગીડાએ અને વીકા ગીડાએ ઉકાના ઘાટ ઘડવા માંડ્યા. એને ખબર હતી કે આલેક કરપડો હંમેશાં દુશ્મનોની ફોજમાં જે મોવડી હોય તેનેજ માથે ત્રાટકે છે. ઉકાને મોવડી બનાવવાનું તરકટ મંડાણું.

'અરે ઉકા !' વીકે આદર કર્યો : 'માણસમાં કે'વાય કે રાજા જેને માથે ત્રૂઠે, એનાં તો દળદર ભુક્કા થઈ જાય. પણ બા, આપા લાખાની તારે માથે આવડી બધી મહેરબાની તોય તારા કરમમાંથી આ ટારડી નો ટળી, હો !'

'અરે બોલ્ય મા, બોલ્ય મા, વીકા !' જસાએ મહેણું દીધું : 'નકર હમણે જ આપો લાખો ઉકાને એની કાળુડી દઈ દેશે.'

'એ બા, બહુ નો દાઢીએ, હો ! મરમનાં વેણ કાળજાં વીંધે, બા! લ્યો, તમારે બહુ હોંશ હોય તો કાળુડી ઉકાને દીધી !' એમ બોલીને આપો લાખો ઉકા ભણી બોલ્યા : 'લે ઉકા! હેઠો ઊતર્ય. આ લે કાળુડી, લાવ્ય તારી ટારડી મારી રાંગમાં.'

કાળુડી તે કેવી ? જાંબુડાવરણીઃ કાયા ઉપર ગલ ઊપડતા આવેઃ ઊંટ જેટલી તો ઊંચીઃ હજાર ઘોડાંમાંથી નોખી તરીને નજરમાં વસી જાય.

ઠકો ભોંઠો પડ્યો. ગીડો બોલ્યો : 'ઉક ા! હવે લઈ લે, લઈ લે. ધણીને પોરસ આવે ઈ ટાણે મોઢું ફેરવીએ, માળા મૂરખ ?'

દરબાર ટારડી ઉપર બેઠા, ઉકો કાળુડી ઉપર ચડ્યો. થોડોક પંથ કપાણો એટલે વળી કાવતરૂં આગળ વધ્યું.

'ભણે, આપા લાખા ! આવે હથિયારે હવે તો બાપડો ઉકો ભૂંડો લાગે, હો ! ચાકરને શોભાવીએ, તો પૂરેપૂરો શોભાવીએ. કાળુડીના ચડનારને તો સોનાની ખોભળે ભાલો હોય, સોનાને કૂબે ઢાલ હોય અને સોનાની મૂઠચે તલવાર શોભે, બાપ ! આજ તારે તો બક્ષિસ કરવાની વેળા છે.'

લાખા ખાચરને હોંશ આવી, પોતાનાં હથિયાર છોડતાં છોડતાં એ બોલ્યા : 'ભણેં ઉકા ! આ લે, બાંધુ લે આ ત્રણેય વાનાં, ને લાવ્ય તારાં કાટલ હથિયાર માળી આગળ.'

ઉકો શરમાણો, વળી ગીડો બોલ્યો : 'ઉકા, લ્યો ! ધણીની કસું તૂટતી હોય, ઈ તો મોટો



પડ જુઓ પાંચાળ (ભાગ-૨ મૂળી)

ભાગ્ય કે'વાય ને, મૂરખા ! બાંધી લે.'

ઉકાએ હથિયાર બાંધ્યાં. 'ઓહો! શું ઉકાને અરઘે છે ને !' એમ બોલતી બોલતી સવારી આગળ વધી.

વળી ગીડો બોલ્યો : 'આપા લાખા ! તું તો લાખણ મહારાજ કે'વાછ. અને હવે શું ઉકાને માથે આવો તૂટલફાટલ તરફાળ હોય ? અરે ભૂંડા! તાળે તો હવે કાંઈ ઘલઢેગઢપણે નગરનો ફાળિયો અરઘે, બા?'

પોતાને માથે નગરનું ફાળિયું, સોનેરી તાર ભરેલા કાળા છેડાવાળું હતું, તે ઉતારીને લાખા ખાચરે ઉકાને માથે બંધાવ્યુંઃ પોતે ઉકાનો લીરો વીંટી લીધો. આજ પોતાના માનીતા ચાકરને આવી નવાજેશ કરીને લાખા ખાચરનું હૈયું ખૂબ હરખાણું, ઘાટ પણ પૂરેપૂરો ઘડાઈ ગયો !

સરલાની સીમમાંથી લાખા ખાચરના અસવારોએ ભેંસોવાળી, ગોવાતીઓની ડાંગો આંચકી લીધી. ગોવાતીઓ ચીસો દેતા દેતા રાણા કરપડા પાસે પહોંચ્યા. રાણાના ત્રણ મોટા દીકરા શેલાર, વાઘો અને ભોકો ઘેર હતા. પણ નાનેરો આલેક કણબાવ્ય ગામે ગયેલા.

★ ★ ★

સાંજ ટાણે આલેક ચાલ્યો આવે છે, ઘોડી ઉપર ફક્ત ડળીભર બેઠો આવે છે. જાંઘ નીચે તરવાર દબાયેલી છે. ત્યાં તો એણે સરલાનો બૂંગિયો ઢોલ સાંભળ્યો.

'મારા ગામને પાદર બૂંગિયો !' આલેક બબડ્યો. ચમકીને એણે ઘોડીને એડી મારી પલક વારમાં પાદર આવ્યું, પણ ઝાંપો બંધ દેખ્યો. અંદર રાણો કરપડો ઊભેલો. આલે સાદ કર્યો : 'ઝાંપો ઉઘાડો.'

'બાપ આલેક, ઝાંપો શી રીતે ઉઘાડું ? જીવતર કડવું ઝેર થઈ ગયું, અને તું બે આપણી હાથણિયું લઈને લાખો ખાચર સરલાનો સીમાડો છાંડે તે દી હું સમજીશ કે આલે પથરો પડ્યો'તો.'

'લ્યો બાપુ, ત્યારે રામરામ !'

'બાપ, ઊભો રહે, બે વેણ ભણવાં છે.'

'બોલો.'

'આલગા, ખબર છે ને ? વડ્યે વાદ, અને નાંભે નાતરૂં હોય, હો કે ! તારો વડિયો જ ગોતજે. ઘેંસના હાંડલાં ફોડીશ મા.'

'પણ બાપુ, આપા લાખાને તો કે દીયે દીઠા નથી, એનું કેમ ?'

'અરે, મારા પેટ ! લાખા ખાચરને ઓળખવો પડે ? દોઢસો ઘોડાંમાં સહુથી કાઠાળી જાંબુડાવરણી ઘોડી; હેમની ખોભળે ભાલો; મોઢું કળાય એવી હેમને કૂબે ઢાલ; હેમની મૂઠવાળી પ્યાલા જેવી તરવાર; અને માથે મેકરઃ ઈ આપા લાખાનાં એંધાણ.'

'બસ, બાપુ !!' કહીને આલેકે ઘોડીની વાગ હાથમાંથી છોડી દીધી; ઘોડીના પડખામાં એડીનો ઘા કર્યો. ઉબરડાની સીમમાં આંબ્યો. લાખા ખાચરનાં દોઢસો ઘોડાંની કતાર ચીરીને આલેક સોંસરવો પડ્યો. આઘે ઉકો કાઠી, આપા લાખાનાં એંધાણ ધારણ કરીને ઊભો હતો તેને ઝપાટામાં લીધો. ઉકાની કાળુડી ભાગી. ભાગતી કાળુડીએ આલેકની બરછી ઉકાને માથે પડી. ઉકાના રામ બોલી ગયા. બીજા કાઠી બીકના માર્યા તરી ગયા. લાખો ખાચર હેબતાઈ ગયા. ગીડાઓને તો ઉકાનું જ કાસળ કાઢવું હતું. લાખા ખાચરને લઈને એ ચાલ્યા ગયા. આલેક પોતાની ભેંસો વાળીને ઘેર આવ્યો.

★ ★ ★

મોરબીના દરબારગઢમાં જીવોજી ઠાકોર એક ચારણની સાથે ચોપાટ રમે. 'આવજે, આલેકડા સીસાણા !' એમ બોલીને ચારણ પાસા ફેંકે, ગોઠણભેર થઈને જેમ ચારણ 'આવજે, આલેકડા સીસાણા !' એમ કહી ઘા કરે, તેમ તેમ એવા દાવ આવે કે ઉપરાઉપરી ઠાકોરની સોગઠીઓ ઢિબાતી જાય. સીંચાણો બાજ જેમ પંખી ઉપર ઝપટ કરે તેવી રીતે ચારણના દાવ ઠાકોરની સોગઠી ઉપર આવવા લાગ્યા. ખિજાઈને ઠાકોર બોલ્યા : 'ગઢવા, એ તારો આલેકડો સીસાણો વળી કોણ છે ?'

ચારણ કહે : 'દરબાર, ઈ સીસાણો તો સરલા ગામનો આલેક કરપડો રાણા કરપડાનો દીકરો.'

આલગ વાઘાં ઉપડ્યે, ઝાક્યો કણરો ન જાય,
મેંગળ મૂઠીમાંય, રે' કી ધખિયો રાણાઓત.

(જે વખતે ઘોડા ઊપડે છે તે વખતે આલેક કોઈનો રોક્યો રોકાય નહિ. માતેલો હાથી કાંઈ મૂઠીમાં રહી શકે છે?)

'અરે રંગ રે, ગઢવા! નાની એક ગામડીનો બાપડો કાઠી તારો સીસાણો !' ખડખડ હસીને ઠાકોર બોલ્યા.

'તો કરો પારખું. પણ ચેતી જાજો હો, બાપુ ! આલેકડો આખી ફોજમાંથી મોવડીને જ





વીણી લે છે; બીજા ઉપર એનો ઘા નોય!'

ગઢવીએ આવીને સરલામાં આલેક કરપડાને ખબર દીધા કે જીવોજી ઠાકોર ત્રાટકશે.

આલેકે જવાબ દીધો : 'ભણેં ગઢવા ! ઠાકોરને કે'જો કે તમે આવશો ત્યારે પાણીનો કળશિયો ભરીને સરલાને પાદર હુંય ઊભો રહીશ; બીજું તો અમારૂં ગજું શું ?'

સેના લઈને મોરબીના ઠાકોરે સરલા ગામ ઉપર સવારી કરી. સાંજ ટાણે ગામની સીમમાં દાખલ થયા. બરાબર એ જ ટાણે એક વેલડું એ ફોજની આગળ સરલાને માર્ગે ચાલ્યું જતું હતું. ઠાકોરે પડકાર કર્યો : 'કોણ છે માફામાં?'

વોળાવિયાએ કહ્યું : 'સરલાવાળા આલેક કરપડાની મા છે.'

જીવાજી ઠાકોરને એટલી જ જરૂર હતી. મોરબીનો મેલીકાર બે ભાગમાં વહેંચાઈ ગયો. વચ્ચે બરાબર વેલડું રાખ્યું. એમ આખી સવારી ચાલી આવે છે. રાણા કરપડાએ સરલાના કોઠા ઉપરથી નજર કરી, વેલડું ઓળખ્યું. એણે કહ્યું : 'ઝટ આલગને બોલાવજો, બા !'

આલેકની આંખે ભરણ ભરેલું. મોં ધોઈને દુખતી આંખે એ આવ્યો. રાણાએ આંગળી ચીંધાડીને કહ્યું : 'બાપ આલગ ! આ જોયો ? તારી માની જાન હાલી આવતી સે. ફુલેકો ચડ્યો સે. આવે ટાણે આલગા જેવો દીકરો ભારે રૂડો દેખાતો સે, હો ! આલગને જણ્યોય પરમાણ !'

આલેકને તો આટલા મહેણાનીય જરૂર નહોતી. એ હથિયાર લઈને ચડ્યો. ધાર ઉપર ચડીને જોયું તો સામે ઠાકોરની સેના ઊભેલી. મોરબીનાં પાંચસો ભાલાં સૂરજનાં છેલ્લાં કિરણોની સાથે દાંડિયારાસ રમતાં હતાં. એક ઘોડી સહુથી એક મૂઠ ચડિયાતી મોખરે ઊભી હતી. ઉપર બેઠેલ અસવારના હાથમાં સોનાની કુંડળે ભાલું હતું. માથા ઉપર કનેરીબંધ નવઘરૂ હતું.

'એ જ ઠાકોર !' એમ બોલીને આલેકે ઘોડીને છૂટી મૂકી દીધી : બંદૂકની ગોળી જેમ નિશાન ઉપર જાય તેમ એ ગયો. સામેથી સામટી બંદૂકોનો તાશેરો થયો. વીંધાતે શરીરે આલેકે એ મોવડી ઘોડેસવારને ઘોડી ભેટાડી દીધી. નવઘરાંનો પહેરનારો આલેકને પહેલે જ ભાલે પડ્યો.

પણ એ નવઘરાંવાળો અસવાર મોરબીનો ઠાકોર નહિ. ઠાકોરને કાને તો જ્યારથી ચારણનું વેણ પડ્યું હતું ત્યારથી એ ચેતી ગયેલા : આલેક આવ્યો તે પહેલાં જ પોતાનો પોશાક એણે એક ખવાસને પહેરાવીને પોતાની ઘોડી ઉપર બેસાડેલો હતો.

ખવાસ પડ્યો. ઠાકોરે આલેકનું પારખું કરી લીધું. એને તો એટલું જ કામ હતું. ફોજ લઈને એણે મોરબીને માર્ગે ઘોડાં વહેતાં કર્યાં.

★ ★ ★

આંહીં આલેકને તો પાંત્રીસ ઘા થયેલા. સરલાના કાઠીઓએ આલેકને ઝોળીમાં નાખ્યો. ઝોળી ઉપાડતાં જ આલેકે આંખો ઉઘાડી. 'અરે ફુટ્, આલેક ઝોળીએ હોય કદી ? એમ કહી પેટે ભેટ કસકસાવીને આલેક ઘોડેસવાર થઈને ઘેર આવ્યો. આવીને બાપુને પગે લાગ્યો : 'બાપુ ! હવે રામરામ કરૂં ! બહુ વસમું લાગે છે. ઝટ જમીન લીંપો.'

બાપુ કહે : 'અરે બેટા ! ઘરનો ડાયરો ઘેર નહિ; આપણાં સગાંવહાલાં નથી આવ્યાં અને આલગ જેવો દીકરો એમ મળ્યા વન્યા જાશે ?'

આલેક કહે : 'ભલે બાપુ.'

એની પીડા વધતી હતી, પણ એ ચૂંકારો કર્યા વિના પડ્યો રહ્યો; બાપુને કહે : 'બાપુ, હવે તો કાળી આગ લાગી છે, હો !'

'તો આપણે કસુંબો કાઢીએ.' એમ કહી કસુંબો કાઢી બાપુએ આલેકને ત્રણ ધોબા લેવરાવ્યા. કણબાવ્ય, ધોળિયું, અપાળિયું, વેળાવદર વગેરે આજુબાજુને ગામડેથી સગાંવહાલાં આવી પહોંચ્યાં. સહુને આલેકે રામરામ કરીને પૂછ્યું : 'લ્યો બાપુ, હવે ભેટ છોડું ? છે રજા ?'

'અરે મારા બાપ ! મહેમાનને વાળુ વન્યા આલેકડો રાખશે ? માણસો વાતું કરશે કે આલેકડે સહુને ભૂખ્યા-તરસ્યા મસાણ ઢસરડ્યા. મારો આલગો ગામતરૂં કરે, ને પરોણા વાળુ વન્યા રહે ?'

'ઠીક બાપુ !' કહી મરણને ખાળતો આલેક બેઠો રહ્યો. મહેમાનોએ વાળુ કર્યાં. હોકા પીધા. આલેકે સહુની સાથે હસીને વાતો કરી; પછી પૂછ્યું : 'હવે બાપુ? હવે તો મારે ને જમને વાદ થાય છે, હો !'

'અરે આલગા ! મારો આલગો તે અધરાતે જાય ? ગાથના ગાળા તો છૂટવા દે, બાપ ! હવે વાર નથી.'

બાપ-દીકરો દાંત કાઢે છે. વાતો કરે છે, એમ કરતાં પ્રાગડ વાસી. ગાયો છૂટી. આલેક બોલ્યો : 'બાપુ, હવે તો લાજ જાશે હો ! મારા શ્વાસ તૂટે છે !'

'મારો બેટો ! કાઠિયાણીનો દીકરો ડાયરાને કસુંબાની અંતરાય પાડે કોઈ દી ? હમણાં ડાયરાને કસુંબા લેવરાવીને પછે છાશું પાઈ દઈએ. પછી સહુ હાલીએં, નીકર ડાયરો વગોવશે કે આલગના મરણમાં દુ:ખી થ્યા !'

કસુંબો ને શિરામણ ઊકલી ગયાં. આલેક પૂછે છે : 'બાપુ ! હવે ?'

'બસ, હવે ખુશીથી જા, મારા બાપ ! પણ બેટા આલગડાને કાંઈ પાલખી હોય ? એ તો





હાલીને જ સુરાપરીમાં જાય ને ! એ તો અસમેરનાં પગલાં ભરે.'

આલેક કહે : 'બાપુ, તમે તો ગજબ આદર્યો !'

બાપુ બોલ્યા : 'હોય, બાપ, હોય; શૂરવીરને તો જીવે ત્યાં લગીયે ગજબ, ને મરે ત્યારેય ગજબ !'

આલેક ઊઠ્યો. એને હાથમાં ભાલો લેવરાવ્યો. ભેટમાં તરવાર આપી, પગમાં કોરી મોજડી પહેરાવી, કપાળે કેસરચંદનનું તિલક કર્યું, ગળામાં હાર નાખ્યો. ગાજતે ઢોલે ડાયરો હાલ્યો. આખા ડાયરાની મોઢા આગળ આલેક કરપડો હાલ્યો. સ્મશાને પહોંચ્યો. ચેહ ખડકાઈ. આલેક ચિતામાં બેઠો. સહુએ રામરામ કર્યાં.

બાપુએ પૂછ્યું : 'બેટા, કાંઈ કહેવું છે ?'

'હા બાપુ ! મારો કૉલ છે કે મારા વંશનો હશે તેને કોઈ દી ધીંગાણામાં ઉનત્ય (ઊલટી) નહિ આવે.'

એટલું બોલીને એણે ઉત્તર દિશાનું ઓશીકું કર્યું, ભેટ છોડી નાખી. આત્મારામ ઊડી ગયો.

એનું વરદાન આજ સુધી પણ ફળતું આવે છે.

★ ★ ★

મોરબીના દરબારગઢમાં એ જ ઠાકોર એ જ ચારણની સાથે સોગઠે રમે છે. ગોઠણભેર બનીને ચારણ પાસા ફગાવતો ફગાવતો બોલે છે : 'આવજે, આલેકડા સીસાણા !'

ખિજાઈને ઠાકોર કહે છે : 'તારો સીસાણો તો ગયો ઊંચો !'

'હા ઠાકોર, હા ! આંહીં તો તમે ખવાસનો વેશ પહેરીને એને છેતરી આવ્યા, પણ ત્યાં સ્વર્ગાપરમાં તમારા બાપુ કાંયાજી ભાગીને ક્યાં જશે ? ત્યાં આલેકડો તમારા બાપુને નહિ જંપવા દે. આજ રાતે જ હું આભમાં બોકાસાં સાંભળતો હતો.' એમ કહીને લલકાર્યું

આલેકડો આકાશ, વાળો વઢવાડ્યું કરે,<br>
કાઠી કાંયા પાસ, રાડ્ય ન મેલે રાણાઓત.

(હવે તો આલેક આકાશમાં તારા પિતા કાંયાજીની સાથે યુદ્ધ કરતો હશે. એ રાણાનો પુત્ર ત્યાં કાંયાજીની પાસે પોતાનો વિરોધ નહિ મૂકે.)

# અણનમ માથાં



આ સંસારની અંદર ભાઈબંધો તો કંઈક ભાળ્યા, પ્રાણને સાટે પ્રાણ કાઢી દેનાર દીઠા, પણ જુગજુગ જેની નામના રહી ગઈ એવા બાર એકલોહિયા દોસ્તો તો સોરઠમાં આંબરડી ગામને ટીંબે આજથી સાડા ચારસો વરસ ઉપર પાક્યા હતા.

બે નહિ, ચાર નહિ, પણ બાર ભાઈબંધોનું જૂથ. બારેય અંતર એકબીજાને આંટી લઈ ગયેલાં. બાર મંકોડા મેળવીને બનાવેલી લોઢાની સાંકળ જોઈ લ્યો. બાર ખોળિયાં સોંસરવો એક જ આત્મા રમી રહ્યો છે.

સૂરજ-ચંદ્રની સાખે બેસીને બારેય ભાઈબંધોએ એક દિવસ સમી સાંજને પહોરે કાંડ બાંધ્યાં. છેલ્લી વારની ગાંઠ વાળી. બારેયનો સરદાર વીસળ રાબ્બો: પરજિયો ચારણ: સાતા ગામડાંનો ધણી: હળવદના રાજસાહેબનો જમણો હાથ: જેના વાંસામાં જોગમાયાનો થાપો પડ્યો છે: જેણે પોતાની તલવાર વિના આ ધરતીના પડ ઉપર બીજા કોઈને માથું ન નમાવવાનાં વ્રત લીધાં છે: દેવતા જેને મોઢામોઢ હોંકારા દે છે: એવા અણનમ કહેવાત વીસળ રાબાએ વાત ઉચ્ચારી : 'ભાઈ ધાનરવ ! ભાઈ સાજણ ! ભાઈ નાગાજણ ! રવિયા લખમણ ! તેજરવ ! ખીમરવ ! આલગા ! પાલા ! વેરસલ! અને કેશવગર ! સાંભળો.'

'બોલો, વીહળભા !' એમ હોંકારો દઈને શંકરના ગણ સરખા અગિયાર જણાએ કાન માંડ્યા.

'સાંભળો, ભાઈ ! જીવતાં લગી તો દુનિયા બધી દોસ્તી નભાવતી આવે છે. પણ આપણા વ્રતમાં તો માતાજીએ વશેકાઈ મેલી છે. આપણને શાસ્તરની ઝાઝી ગતાગમ નથી. આપણું શાસ્તર એક જ કે જીવવું ત્યાં સુધીય એકસંગાથે, ને મરવું તોય સંગાથે – વાંસા-મોર્ય નહિ. છે કબૂલ ?'

''વીહળભા ! રૂડી વાત ભણી. સરગાપરને ગામતરે વીહળ ગઢવી જેવો સથવારો ક્યાંથી મળશે ? સહુ પોતપોતાની તલવારને શિર ઉપર ચડાવીને સોગંદ ખાઓ કે જીવવું ને મરવું એક જ સંગાથે.'







ડાલાં ડાલાં જેવડાં બારેય માથાં ઉપર બાર ઝગારા મારતાં ખડગ મંડાયા. અને બારેયનું લોહી ભેળું કરીને લખત લખ્યાં કે 'જીવવું-મરવું બારેયને એક સંગાથે – ઘડી એકનુંય છેટું ન પાડવું.

અગિયાર પરજિયા ચારણ અને એક કેશવગર બાવો : મોતને મુકામે સહુ ભેળ થાવાના છીએ, એવા કોલ દઈને આનંદે ચડ્યા છે: વિજોગ પડવાના ઉચાટ મેલીને હવે સહુ પોતપોતાના ધંધાપાણીમાં ગરકાવ છે : કોઈ ગૌધન ચારે છે, કોઈ સાંતીડાં હાંકે છે, કોઈ ઘોડાની સોદાગરી કેળવે છે, અને કેશવગર બાવો આંબરડીના ચોરામાં ઈશ્વરનાં ભજન-આરતી સંભળાવે છે.

બીજી બાજુ શો બનાવ બન્યો ?

અમદાવાદ કચેરીમાં જઈને વીસળ ગઢવીના એક અદાવતિયા ચારણે સુલતાનના કાન ફૂંક્યા કે 'અરે, હે પાદશાહ સલામત ! તેં સારાય સોરઠ દેશને કડે કર્યો. મોટા મોટા હાકેમ તારા તખતને પાયે મુગટ ઝુકાવે, પણ તારી પાદશાહીને અવગણનારો એક પુરૂષ જીવે છે.'

'કોણ છે એવો બેમાથાળો. જેની માએ સવાશેર સૂંઠ ખાધી હોય ?' પાદશાહે પોતાના ખૂની ડોળા ફેરવીને પૂછ્યું.

'આંબરડી સુંદરીનાં સાત સાંજણ ગામનો ધણી વીસળ રાબ્બો. જાતનો ચારણ છે.'

'લા હોલ વલ્લાહ ! યા ખુદા તાલા ! યા પાક પરવરદિગાર !' એવી કલબલી ભાષામાં ધૂંવાડા કાઢતા, ઝરખિયાના ઝાંપા જેવી દાઢીને માથે હાથ ફેરવતા, ધોમચખ આંખોવાળા, પાડા જેવી કાંધવાળા, વસમી ત્રાડ દેવાવાળા, અક્કેક ઘેટો હજમ કરવાવાળા, અક્કેક બતક શરાબ પીવાવાળા, લોઢાના ટોપ બખ્તર પહેરવાવાળા મુલતાની, મકરાણી, અફઘાની અને ઈરાની જોદ્ધાઓ ગોઠણભેર થઈ ગયા.

'શું સાત ગામડીનો ધણી એક ચારણ આટલી શિરજોરી રાખે? એની પાસે કે ફોજ ?'

'ફોજ બોજ કાંઈ નહિ, અલ્લાના ફિરસ્તા ! એક પોતે ને અગિયાર એના ભાઈબંધો. પણ એની મગરૂબી આસમાનને અડી રહી છે. પાદશાહને બબ્બે કટકા ગાળ્યું કાઢે છે !'

સડડડડ ! સુલતાનની ફૂલગુલાબી કાયાને માથે નવાણું હજાર રૂંવાડાં બેઠાં થઈ ગયાં. ફોજને

હંકારવાનો હુકમ દીધો. અલ્લાનો કાળદૂત ધરતીને કડાકા લેવરાવતો આંબરડી ગામ પર આવ્યો. ગામની સીમમાં તંબૂ તાણીને ફરમાસ કરી કે 'બોલાવો વીસળ રાબાને.'

એક હાથમાં ત્રિશૂળ, બીજા હાથમાં બળદની રાશ, ખભે ભવાની, ભેટમાં દોધારી કટારી, ગળામાં માળા ને માથે ઝૂલતો કાળો ચોટલો - એવા દેવતાઈ રૂપવાળો વીસળ રાબો પોતાની સીમમાં સાંતીડું હાંકે છે. આભામંડળનું દેવળ કર્યું છે; સૂરજના કિરણની સહસ શિખાઓ બનાવી છે. નવરંગીલી દસ દિશાઓના ચાકળા-ચંદરવા કલ્પ્યા છે, અને બપોરની વરાળો નાખતી ધરતી દેવીના યજ્ઞ-કુંડ જેવી સડસડે છે. માંહી પવનની જાણે ધૂપદાની પ્રગટ થઈ છે ! એવા ચૌદ બ્રહ્માંડના વિશ્વને મંદિર સરજી, માંહે ઊભો ઊભો ભક્ત વીસળો મહામાયાનું અઘોર આરાધન ગજાવી રહ્યો છે:

જ્યોતે પ્રળંબા, જુગદમ્બા, આદ્ય અંબા ઈસરી,
વદનં ઝળંબા, ચંદ બંબા, તેજ તમ્બા તું ખરી,
હોતે અથાકં, બીર હાકં, બજે ડાકં બમ્મણી,
જગમાંય પરચો દીઠ જાહેર રાસ આવડ રમ્મણી.

જીય રાસ આવડ રમ્મણી
જીય રાસ આવડ રમ્મણી.

ભેરવે હલ્લા, ભલ્લ ભલ્લં ખાગ ઝલ્લાં ખેલીયં,
હોતે હમલ્લાં, હાક હલ્લાં, ઝુઝ મલ્લાં ઝેલ્લીયં,
ગાજે તબલ્લાં, બીર ગલ્લાં, ખેણ ટલ્લાં ખમ્મણી,
જગમાંય પરચો દીઠ જાહેર રાસ આવડ રમ્મણી.

ગમમમ ગમમમ આભનો ઘુમ્મટ ગુંજે છે, દિશાની ગુફાઓ હોંકારા દિયે છે, અને સાંતીની કોશને જાણે શેષનાગની ફેણ માથે પહોંચાડીને પારસમણિના કટકા કરવાનું મન હોય એવાં જોર કરીને બેય ઈંડા જેવા ધોળા બળદ સાંતીડું ખેંચે છે. ભક્તિના નૂરમાં ભીંજાયેલી આંખે વીસળ પાછો ત્રિભુવનની ઈસરી શક્તિના આરાધન ઉપાડે છે:

આકાશ પાતાળ તું ધર અંબર નાગ સુરંનર પાય નમે,
ડિગપાલ ડગમ્બર, આઠહી ડુંગર, સાતહીં સાયર તેણ સમે,
નવનાથ અને નર ચોસઠ નારીએ હાથ પસારીએ તેમ હરી,
રવરાય રવેચીએ, જગ્ગ પ્રમેસીએ વક્કળ વેસીએ ઈસવરી.
દેવી વક્કળ વેસીએ ઈસવરી,
માડી વક્કળ વેસીએ ઈસવરી.







મેઘમાળા ગાજી હોય એવો ભુલાવો ખાઈને મોરલા મલ્લાર ગાવા લાગે છે. વીસળને અંગે અંગે ભક્તિની પુલકાવળ ઊપડી આવી છે.

એવે ટાણે ઘોડેસવારે આવીને વાવડ દીધા કે 'વીહળભા ! પાતશા તમારે પાદર આજ પરોણા થઈને ઊતરેલ છે.'

'પાતશાની તો પરવા નથી, પણ પરોણો એટલે જ પાતશા.' એમ બોલીને ચારણ સાંતીડે ઘીંસરૂં નાખી, બળદ હાંકી ઘેર પહોંચ્યો. બળદ બાંધી, કડબ નીરી, કોઈ જાતની ઉતાવળ ન હોય એમ પાતશાહને મળવા ચાલ્યો.

'વીસળભા, સંભાળજો ! ચાડી પહોંચી છે.' બજારના માણસોએ શિખામણ સંભળાવી.

'હું તે બેમાંથી કોને સંભાળું, ભાઈ ? પાતશાને કે ચૌદ લોકની જગજનનીને ?' એટલો જવાબ વાળીને વીસળ ગઢવી સુલતાનના તંબૂમાં દાખલ થયા. સિત્તેરખાં અને બોતેરખાં ઉમરાવ પણ જ્યાં અદબ ભીડી, શિર ઝુકાવી ગુલામોની રીતે હુકમ ઝીલતા બેઠા છે, સોરઠના રાજરાણાઓ જ્યાં અંજલિ જોડી આજ્ઞાની વાટ જોતા ઊભા છે, ત્યાં સાત ગામડીના ધણી એક ચારણે, રજેભર્યે લૂગડે, અણથડકી છાતીએ, ધીરે ધીરે ડગલે પાતશાહના તખ્તા સામા આવીને એક હાથે આડી તલવાર ઝાલીને બીજે હાથે સલામ દીધી. એનું માથું અણનમ રહ્યું.

'વીસળ ગઢવી !' સુલતાને નાખોરાં ફુલાવીને પડકારો કર્યો. 'સલામ કોની કરી?'

'સલામ તો કરી આ શક્તિની - અમારી તલવારની, ભણેં, પાતશા !' વીસળે ઠંડે કલેજે જવાબ વાળ્યો.

'સોરઠના હાકેમને નથી નમતા ?'

'ના, મોળા બાપ ! જોગમાયા વન્યા અવરાહીં કમણેહીં આ હાથની સલામું નોયા કે આ માથાની નમણ્યું નોય; બાકી તોળી આવરદા માતાજી ક્રોડ વરસની કરે !'

'કેમ નથી નમતા ?'

'કાણા સારૂં નમાં ? માણહ માણહહીં કેવાનો નમે ? હાથ જોડવા લાયક તો એક અલ્લા અને દૂજી આદ્યશક્તિ: એક બાપ અને દૂજી માવડી; આપણ સંધા તો ભાઈયું ભણાયે બથું ભરીને ભેટીએ, પાતશા ! નમીએં નહિ. તું કે મું, બેમાં કમણેય ઊંચ કે નીચ નર્સે તો પછેં, બોલ્ય

પાતંશા, કાણા સારૂં નમાં ?'

ચારણને વેણે વેણે જાણે સુલતાનની મગરૂબી ઉપર લોઢાના ઘણ પડ્યા. નાના બાળકના જેવી નિર્ભય અને નિર્દોષ વાણી સુલતાને આજ પહેલવહેલી સાંભળી. અદબ અને તાબેદારીના કડક કાયદા પળાવતો એ મુસલમાન હાકેમ આજ માનવીના સાફ દિલની ભાષા સાંભળીને અજાયબ થયો. પણ સુલતાન બરાડ્યો : 'કાં સલામ દે, કાં લડાઈ લે.'

'હા ! હા ! હા ! હા !' હસીને વીસળભા બોલ્યો : 'લડાઈ તો લિયા; અબ ઘડી લિયા. મરણના ભે તો માથે રાખ્યા નસેં. પણ પાતશા ! મોળો એક વેણ રાખ્ય.'

'ક્યા હૈ ?'

'ભણે પાતશા, તોળી પાસેં દૂઠ દમંગળ ફોજ, અને મોળી પાસે દસ ને એક દોસદાર: તોળા પાસે તોપું, બંધૂકું, નાળ્યું-ઝંઝાળ્યું, અને અમણી પાસે અક્કેક ખડગ: ભણેં લડાઈ લિયાં; પણ દારૂગોળે નહિ; આડહથિયારે. તોળા સૈકડા મોઢે લડવૈયા, અમું બાર ભાઈબંધ: આવી જા. અમણાં હાથ જોતો જા, અણનમ માથાં લેને કીમ કવળાસે જવાય ઈ જોતો જા !'

સુલતાને બેફિકર રહીને કેવળ તલવાર ભાલાં જેવાં અણછૂટ આયુધોનું યુદ્ધ કરવા કબૂલાત આપી.

'રંગ વીસળભા ! લડાઈ લેને આદો ! રંગ વીરાળભા ! પાતશાની આગળ અણનમ રૈને આદો !'

એમ હરખના નાદ કરતા દસ ભાઈબંધોએ સામી બજારે દોટ દીધી, વીસળને બાથમાં લઈ લીધો. દસ ને એક અગિયાર જણા કેસરિયાં પાણી કરીને લૂગડાં રંગે છે. સામસામા અબીલ-ગુલાલ છાંટે છે. માથાના મોટા મોટા ચોટલા તેલમાં ઝબોળે છે.

મોરલા જેવા બાર ભાઈબંધોનાં મોતના પરિયાણની આવી વાતો જે ઘડીએ સુલતાન તંબૂમાં પહોંચી તે વખતે દાઢીએ હાથ ફેરવીને પોતે પસ્તાવો કરવા લાગ્યો કે 'ભૂલ થઈ, જબરી ભૂલ થઈ. બાર નિરપરાધી વીર પુરૂષો વટના માર્યા મારી ફોજને હાથે હમણાં થઈ જાશે. યા અલ્લા ! મેં ખોટ ખાધી. મારે માથે હત્યા ચડશે. કોઈ આ આફત ઊગરવાનો ઈલાજ બતાવે ?'

'ઈલાજ છે ખુદાવંદ,' વજીર બોલ્યો : 'આપણો પડાવ ગામના ઝાંપા પાસેથી ઉપાડીને ગામની પછવાડેની દીવાલે લઈ જઈએ. વીસળ રાબો ઝાંપેથી નીકળવા જશે. એટલે એની પીઠ આપણી બાજુ થશે. બસ, એને આપણે સંભળાવી દેશું કે અમને તે પીઠ દેખાડી, હવે જંગ હોય નહિ.'

સુલતાનની ફોજ ગામની પછવાડેની દિશાએ જઈ ઊભી. અગિયારેય ભાઈબંધો





સગાંવહાલાંને જીવ્યા-મૂઆના જુહાર કરીને ડેલીએથી નીકળવા જાય છે ત્યાં વસ્તીએ અવાજ દીધો : 'વીસળભા ! વેરીની ફોજ ગામની પછીતે ઊભી છે. અને ઝાંપેથી જાશો તો અણનમ વીસળે ભારથમાં પારોઠનાં' પગલાં ભર્યાં કહેવાશે, હો !'

'પારોઠનાં પગલાં ! વીહળો ભરશે ?' વીસળભાની આંખોમાં તેજ વધ્યાં : 'ધાનરવ ભા! નાગાજણ ભા ! રવિયા ! લખમણ ! ખીમરવ ! દરબારગઢની પછીત તોડી નાખો. સામી છાતીએ બા'ર નીકળીએ.'

પછીત તોડીને અગિયાર યોદ્ધા, યજ્ઞના પુરોહિત જેવા, બહાર નીકળ્યા. સુલતાને હાથીના હોદ્દા ઉપરથી હુતાશણીના ઘેરૈયા જેવા ઉલ્લાસમાં ગરકાવ અગિયાર દોસ્તદારોને દેખ્યા.

'અલ્લાહ ! અલ્લાહ ! અલ્લાહ ! ઈમાનને ખાતર દુનિયાની મિટ્ટી ખંખેરીને મોતના ડાચામાં ચાલ્યા આવે છે. એની સમશેરના ઘા ઝીલશે કોણ ?'

એવે ટાણે વીસળ રાબાએ કેશવગરને સવાલ કર્યો:

વીહળ પૂછે બ્રાહ્મણા, સુણ કેશવ કંધાળા,
કણ પગલે સગ પામીએ, પશતક નૈયાળા ?

(અરે, હે કેશવગર મહારાજ, હે બ્રાહ્મણ, સાંભળ, હે પુસ્તક પોથીના નિહાળનાર જ્ઞાની, બોલ, આપણે કેવી રીતે મરીએ તો સ્વર્ગ પમાય ? એ જ્ઞાન બતાવનારૂં કોઈ પુસ્તક તેં નિહાળ્યું છે ?)

અંતરમાં જેને જ્ઞાનનાં અજવાળાં પ્રગટ થઈ ગયાં છે, જેની સુરતાના તાર પરમ દેવની સાથે બંધાઈ ગયા છે, વિદ્યા જેની જીભને ટેરવે રમે છે, તે કેશવગરે પોતાના કોઠાની અજાણી વાણી ઉકેલીને ઉત્તર દીધો કે હે વીહળભા ! –

કુંડે મરણ જે કરે, ગળે હેમાળાં,
કરવત કે ભેરવ કરે, શીખરાં શખરાળાં,
ત્રિયા, ત્રંબાસ, આપતળ જે મરે હઠાળા,
તે વર દિયાં વીહળા, સગ થિયે ભવાળા.

(વીહળભા, કાં તો માણસ કુંડાળે પડીને પ્રાણ છાંડે, કાં હેમાળો ગળે. કાં કાશીએ જઈ કરવત મેલાવે. કાં ગિરનારને માથે જઈ ભેરવ-જપ ખાય, કાં અબળા માટે, ગાય માટે કે પોતાના ગરાસ માટે જાન આપે: એટલી જાતનાં મોતમાંથી એકેય મોતના વ્રત ધારણ કરે. તેને જ આવતે ભવ અમરાપુરી મળે. હે ભાઈ વીહળ !)

સાંભળીને વીસળે સમશેર ખેંચી, સમશેરની પીંછીએ કરીને 'ખળાવા' જમીનમાં લીટો

દઈને કૂંડાળું કાઢ્યું.

'જુવાનો !' વીસળે વાણીનો ટંકાર કર્યો : 'જુવાનો ! આજ આપણાં અમરાપુરનાં ગામતરાં છે. અને કેશવગરે ગણાવ્યાં એટલા કેડામાંથી 'કૂંડાળે મરણ'નો કેડો આજ લગી દુનિયાને માથે કોરો પડ્યો છે. બીજે માર્ગે તો પાંડવો સરખા કંઈકનાં પગલાં પડ્યાં છે. પણ આજ આપણે સહુએ આ નવી વાટે હાલી નીકળવું છે. જોજો હો, ભાઈબંધો ! આજ ભાઈબંધીના પારખાં થાશે. આજ આખર લગી લડજો અને સાંજ પડે ત્યારે મોતની સેજડીએ એક સંગાથે સૂવા આ કૂંડાળે સહુ આવી પહોંચજો. કહો, કબૂલ છે ?'

'રૂડું વેણ ભણ્યું, વીહળભા !' દસેય જણાએ લલકાર દીધો.

'આકળા થાઓ મા, ભાઈ, સાંભળો ! કૂંડાળે આવવું તો ખરૂં, પણ પોતપોતાનાં હથિયાર પડિયાર, ફેંટાફાળિયા અને કાયાની પરજેપરજ નોખાં થઈ ગયાં હોય તેયે વીણીને સાથે આણવાં. બોલો, બનશે ?'

'વીહળભા !' ભાઈબંધો ગરજ્યા : 'ચંદર-સૂરજની સાખે માથે ખડગ મેલીને વ્રત લીધાં છે. આ કેસરિયા વાઘા પહેર્યાં છે. આ કંકુના થાપા લીધા છે અને હવે વળી નવી કબૂલાત શી બાકી રહી ? અમે તો તારા ઓછાયા, બાપ ! વાંસોવાંસ ડગલાં દીધ્યે આવશું.'

'જુઓ, ભાઈ ! અત્યારે આજ સાંજરે આપણામાંથી આંહીં જે કૂંડાળા બહાર, એ ઈશ્વરને આંગણેય કૂંડાળા બહાર; વીસરશો મા.'

દસેય જણાએ માથાં નમાવ્યાં.

'અરે, પણ આપણો તેજરવભા ક્યાં ?'

'તેજરવ પરગામ ગયો છે.'

'આ...હા ! તેજરવ રહી ગયો. હઠાળો તેજરવ વાંસેથી માથાં પછાડીને મરશે. પણ હવે વેળા નથી. ઓલે અવતાર ભેળાં થાશું.'

અગિયારેય જણાએ એકબીજાને બાથમાં લઈ ભેટી લીધું. જીવ્યા-મૂઆના રામરામ કર્યા. જુદા પડવાની ઘડી આવી પહોંચી.

સામે એક ખૂણામાં ઊભેલા હાથી સામે આંગળી ચીંધાડી વીસળ બોલ્યો : 'ભાઈ, ઓલી અંબાડીમાં પાતશા બેઠો છે. એને માથે ઘા ન હોય, હો કે ! પાતશા તો પચીસનો પીર કહેવાય. લાખુંનો પાળનાર ગણાય. એને તો લોઢાના હોદ્દામાં બેઠાં બેઠાં આપણી રમત જોવા દેજો, હો !'

'હો, ભાઈ !'





માથે પાણીનો ગોળો માંડીને નેસમાંથી માંજૂડી રબારણ હાલી આવે છે. આવીને એણે કૂંડાળા ઢૂકડો ગોળો ઉતાર્યો. 'વીહળ આપા ! આ પાણી !'

'માંજૂડી, બેટા, રંગ તને. ઠીક કર્યું. પાછા વળશું ત્યારે તરસ બહુ લાગી હશે. અમે વળીએ ત્યાં સુધી આંહીં બેસજે, બેટા !'

એટલું બોલીને અગિયાર યોદ્ધાએ 'જે ચંડી, જે જોગણી !' 'જે ચંડી, જે જોગણી !'ની હાકલો દીધી, દોટ કાઢી. અગિયાર જણા પગપાળા અને સામે –

હે જલંગા હંસલા કમંધ મકરાણી,<br>
શોપ કેઆડા મંકડા આરબ ખરસાણી,<br>
ગરવર જંગા ગોહણા પે પંથા પાણી,<br>
જાણ શશંગી ઝોપિયા સજકિયા પતશાણી,<br>
રેવતવંકા રાવતાં મખમલ પલાણી,<br>
સવરે વાજડે વાજતી ઘોડે ચડી પઠાણી.

ઝલંગા, હંસલા, મારવાડી, મકરાણી, ક્યાડા, માંકડા, અરબી, ખોરાસાની – એવા જાતજાતના પાણીપંથા અને પહાડને વીંધે એવી જાંઘોવાળા માથે મખમલના પલાણ માંડીને પઠાણો ઊતર્યા.

ઝાકાઝીકઃ ઝાકાઝીકઃ ઝાકાઝીકઃ સામસામી તલવારોની તાળીઓ પડવા મંડી. એક એક ભાઈબંધ સો-સો શત્રુના ઝાટકા ઝીલવા મંડ્યો. એક જણે જાણે અનેક રૂપ કાઢીને ઘૂમવા માંડ્યું. અને હાથીને હોદ્દેથી સુલતાન જોઈ જોઈને પોકાર કરવા લાગ્યો કે 'યા અલ્લાહ ! યા અલ્લાહ ! ઈમાનને ખાતર ઈન્સાન કેવી જિગરથી મરી રહ્યો છે !'

'વાહ, કેશવગર ! વાહ બાવાજી ! વાહ બ્રાહ્મણ, તારી વીરતા !' એવા ધન્યવાદ દેતો દેતો વીસળ રાબો કેશવગરનું ધીંગાણું નીરખે છે.

શું નીરખે છે ? કેશવગરના પેટ પર ઘા પડ્યા છે, માંહીથી આંતરડાં નીકળીને ધરતી પર ઢસરડાય છે, આંતરડાં પગમાં અટવાય છે, અને જંગ ખેલતો બાવો આંતરડાંને ઉપાડીને પોતાને ખભે ચડાવી લે છે.

'વીહળભા !' વીસળના નાનેરા ભાઈ લખમણે સાદ દીધો : 'વીહળભા, જીવતાં સુધી મારી સાથે અબોલા રાખ્યા, અને આજ મરતુક આવ્યાં તોય મને તારા મોઢાનો મીઠો સુખન નહિ ! વીહળ, કેશવગરને ભલકારા દઈ રિયા છો, પણ આમ તો નજર માંડો !'

ડોક ફેરવીને જ્યાં વીસળ પોતાના ભાઈની સામે મીટ માંડે ત્યાં તો જમણો પગ જુદો પડી

ગયો છે એને બગલમાં દાબીને એક પગે ઠેકતો ઠેકતો લખમણ વેરીઓની તલવાર ઠણકાવી રહ્યો છે. ભાઈને ભાળતાં જ જીવતરના અબોલા તૂટી પડ્યા. વીસળની છાતી ફાટફાટ થઈ રહી.

'એ બાપ, લખમણ, તું તો રામનો ભાઈ, તને ભલકારા ન હોય, તું શૂરવીરાઈ દાખવ એમાં નવાઈ કેવી ? પણ કેશવ તો લોટની ચપટીનો માગતલ બાવોઃ માગણ ઊઠીને આંતરડાંની વરમાળ ડોકે પહેરી લ્યે એની વશેકાઈ કહેવાય, મારા લખમણ જતિ !'

સાંજ પડી. ઝડવઝડ દિવસ રહ્યો. સુલતાનનું કાળજું ફફડી ઊઠ્યું. 'યા ખુદા ! આડહથિયારે આ બહાદુરો નહિ મરે. અને હમણાં મારી ફોજનું માથેમાથું આ અગિયારેય જણા બાજરાનાં ડૂંડાની જેમ લણી લેશે.'

'તીરકામઠાં ઉઠાવો ! ગલોલીઓ ચલાવો !' હાથીની અંબાડીમાંથી ફરમાન છૂટતાંની વાર તો હડુડુડુ ! હમમમમ ! ધડ ! ધડા ધડ! –

સીંગણ છૂટે ભારસું, હથનાળ વછદે,<br>
સાબળ છૂટે સોંસરા, સૂરા સભટ્ટે<br>
ત્રણ પ્રગટે ઘટ વચ્ચે, પટા પ્રાછટ્ટે,<br>
ત્રુટે ઝુંસણ ટોપતણ, ખાગે અવઝટ્ટે.

પાતશાહી ફોજની ગલોલીઓ છૂટી. ઢાલોને વીંધીને સીસાં સોંસરવાં ગયાં. છાતીઓમાં ઘા પડ્યા. નવરાતરના ગરબા બનીને અગિયાર ભાઈબંધો જુદ્ધમાંથી બહાર નીકળ્યાં. કોઈ એક પગે ઠેકતો આવે છે, કોઈ આંતરડાં ઉપાડતો ચાલ્યો આવે છે, કોઈ ધડ હાથમાં માથું લઈને દોડ્યું આવે છે. એમ અગિયાર જણા પોતાની કાયાનો કટકે કટકો ઉપાડીને કૂંડાળે પહોંચ્યા, પછી વીસળે છેલ્લી વારનો મંત્ર ભણ્યો, 'ભાઈબંધો, સુરાપરીનાં ધામ દેખાય છે. હાલી નીકળો !'

સહુ બેઠા. લોહીનો ગારો કરીને સહુએ અક્કેક બબ્બે પિંડ વાળ્યા. ઓતરાદાં ઓશીકાં કર્યાં. અને સામસામા રામરામ કરી, અગિયારેય જણા પડખોપડખ પોઢ્યા.

ટોયલી ભરી ભરીને માંજૂડી રબારણ અગિયારેય મોતના વટેમાર્ગુઓને પાણી પાય છે, પેટના દીકરા પ્રમાણે સહુના માથા ઉપર હાથ પંપાળે છે, ત્યાં તો અગિયારેયની ઓળખાણ કરવા સુલતાન પોતાના કૂકડિયા ચારણને લઈને કૂંડાળે આવ્યો.

આંગળી ચીંધાડીને પાતશાહ પૂછતો જાય છે કે 'આ કોણ ? આ કોણ ?' અને ભાલાની અણી અડાડી અડાડીને કૂકડિયો ઓળખાણ દેતો જાય છે કે 'આ વીસળ ! આ ધાનરવ ! આ લખમણ.'





'મારા પીટ્યા !' માંજૂડીએ કાળવચન કાઢ્યું : 'તને વાગે મારા વાશિયાંગનાં ભાલાં ! મારા સૂતેલા સાવઝને શીદ જગાડછ ? જીવતા હતા તે ટાણે ઓળખાવવા આવવું'તું ને ?'

માંજૂડીની આંખમાં આંસુ આવ્યા. શરમાઈને સુલતાન પાછો વળ્યો, ફોજ ઉપાડીને ચાલી નીકળ્યો.

ગાડું લઈને સાંજ ટાણે તેજરવ સોયો ગામમાં આવે છે. એને આજના બનાવની જરાય ગતાગમ નથી. પાદર આવીને એણે લોહીની નીકો ભાળી. એને આખી વાતની ખબર પડી. તેજરવ દોડ્યો. માથે ફાળિયું ઓઢી સ્ત્રીના જેવો વિલાપ કરતો દોડ્યો. આસમાને ઝાળો નાખતી અગિયાર શૂરાઓની એકસામટી ઝૂપી સળગી રહી છે. દેન દેવા આવેલું ગામનું લોક એ ભડકાનો તાપ ન ખમાવાથી છેટે જઈ બેઠું છે. દોડીને સહુએ તેજરવના હાથ ઝાલી લીધા. 'હશે ! તેજરવ આપા ! હરિને ગમ્યું તે સાચું. હવે ટાઢા પડો.'

'એ ભાઈ, મને રોકો મા. તે દી છોડિયું છબે નો'તી રમી, પણ મરદોએ કાંડાં બાંધ્યાં હતાં.'

છૂટીને તેજરવ દોડ્યો, છલંગ મારીને તેજરવ સોયા એ અગિયાર ભાઈબંધોની ચિતા સામે ઊભીને બોલ્યો : 'વીહળભા, તમું હાર્યે જીવસટોસટની બોલીએ હું બંધાણો હતો અને આજ મને છેતરીને હાલી નીકળ્યા ? મને છેટું પાડી દીધું ? પણ હે અગ્નિદેવતા ! મારો ફેર ભાંગી નાખજો. જોજો હો, અમરાપરીના ઓરડામાં વીહળભા મારી મોઢા આગળ દાખલ ન થઈ જાય.'

એટલું બોલીને અગિયાર ભાઈબંધોની ચિતા ઉપર તેજરવે આસન વાળ્યું, હાથમાં માળા લીધી અને બળતી ઝાળોની વચ્ચે બેસીને 'હર ! હર ! હર !'ના જાપ જપતો મણકા ફેરવવા લાગ્યો. આખીયે કાયા સળગી ઊઠી ત્યાર પછી જ એના હાથમાંથી માળા પડી.

(દુહો)

તેજરવે તન લે, હાડાં માથે હોમિયાં<br>
સોયે મરણ સટે, વિસળસું વાચા બંધલ.

(તેજરવે પોતાનું તન મિત્રોના હાડ ઉપર હોમ્યું. સોયા શાખના એ ચારણે પોતાના મિત્ર વીસળની સાથે મૃત્યુ સટોસટના કોલ દીધા હતા.)

અને અણનમ માથાંનો તે દિવસે જેજેકાર બોલાયો.

૦૦૦

આંબરડી પોગનો અસલ ટીંબો સાયલા તાબે હજી મોજૂદ છે. જ્યાં મૃત્યુનું 'કૂંડાળું' કાઢવામાં આવેલું ત્યાં એક દેરી છે. ઓટા ઉપર બાર પાળિયા છે. એ યુદ્ધમાં વીસા રાબાએ હાથીના દંતૂશળ પર પગ દઈને સુલતાનના શાહજાદા મહોબતખાનને હણેલો તેની એંધાણી તરીકે 'મહોબતખાન પીરની જગ્યા' છે. એક વાવ પણ ત્યાં દટાયેલી છે. અને લોકોકિત મુજબ એ વાવનું પાણી પીનારાઓ તમામ શૂરા થતા તેથી બાદશાહે જ વાવ બુરાવેલી હતી. વીસળ રાબો ચોર્યાસી જાતનાં વ્રત પાળતો અને શત્રુની તરવારની ધાર બાંધી જાણતો એમ મનાય છે.

'અણનમ માથાં'નું કથાગીત

(આ ઘટનાની સાક્ષી પૂરતું જામનગર તાબે જાંબુડા ગામના મીર કરમણ કૃષ્ણા ચોટાળાનું રચેલું 'નિશાણી' નામક પ્રાચીન ઐતિહાસિક ચારણી કાવ્ય, વાર્તામાં કેટલાંક અવતરણો પણ તેમાંથી લીધાં છે.)

ચૌદ સવંત પાંસઠ સરસ,
પ્રસધ વખાણે પાત્ર,
અણદન વીસળ અવતર્યો,
ચારણ વ્રણ કુળ સાત.

સુપ્રસિદ્ધ સંવત 1465માં ચારણોના સાત કુળમાં વીસળનો જન્મ થયો.

નિશાણી 1

દો કર જોડી શારદા વ્રણવાં વ્રગ વાણી
તું જગજણણી જોગણી પરમહુંત પરાણી
કોયલાપત કતિયાણી રવરજ રવરાણી !
દેવી દૈતવડારણી સાંભળ સરગાણી !
વદિયા હંસાવાહણી દે વેદક વાણી,
વીહળ નરસો વીનવાં, પડ ચાડણ પાણી,

(બે કર જોડીને, હે શારદા, હું વાણીમાં વર્ણવું છું. તું જગજનની જોગણી છો; પરમ (પ્રભુ)થી મોટી છો. હે તું કોયલા★ડુંગરની દેવી (હર્ષદી), હે રવરાઈ, દૈત્યોને વિદારનારી હે દેવી, હે સ્વર્ગીય, સાંભળ. હે હંસવાહિની વિદ્યાદેવી. તું મને વેદક વાણી દે. એટલે હું પોતાના કુળને પાણી ચડાવનાર વીસળ નામના નરા કુળના ચારણને વર્ણવું.)





નિશાણી 2

પ્રમ ડાડો જેરે હેક પખ, પખ બે પાનંગરા,
ગઢા પરઠે નવનગર ચોરાશી શકારા,
વાહણ નિગમ ભડ વગંબે પખ બે વડવારા,
ચારણ તારણ ખતરિયાં વેદગ વચારા,
ભલા સે ચારણ ભણાં દાતા સવચારા,
તંબર નાગ સવસંતે નરા અંધકારા.

(જેને એક પક્ષે (પિતૃપક્ષે) મહાદેવ દાદો છે, અને બીજે પક્ષે (માતૃપક્ષે) શેષનાગ પૂર્વજ છે, એવા નવે ગદરના અને ચોરાસી ગામના ગઢવીઓ; જેને વેદરૂપી વાહન છે, જેનાં બન્ને કુળો મોટાં છે; એવા ક્ષત્રિયોને તારનારા ચારણો; વેદને વિચારનારા; એવા ભલા એ ચારણોને વર્ણવું છું; એ દાતા છે; સુવિચારી છે; અને તંબર નાગ, ઇત્યાદિ એ નરા ચારણના વડવાઓ છે.)

નિશાણી 3

નવનગરે નરહા વડા ચૌં જગ લગ ચારણ,
વાહણ ફેરણ ગવરીવર, સગ લોગ સકારણ,
સાત દીપ વશ શુધ કળાં ત્રાગે કળ તારણ,
માથે ભારત, ત્રભે મન વડે વેર વડારણ,
તાય વડગણ વીનવાં નર ત્રે નારાયણ.

(એ નવેય નગરના ચારણોમાં નરહા કુળના ચારણો ચાર જુગ સુધી મોટા છેઃ પોઠિયાનું વાહન ફેરવે છે; સ્વર્ગલોકના કામી છે. સાતેય દ્વીપમાં એનું શુદ્ધ કુળ છે. યુદ્ધ મચે ત્યારે નિર્ભય મન રાખે છે. એટલા માટે હું એને વર્ણવું છું.)

નિશાણી 4

સરૂં સરાં જેમ માણસર, દણિયર દેવાળાં,
કળાં નવાં જેમ શેષફણ પાવસ પશવાળાં,
જેમ નરમળ ગંગજળ કોયણ ગરે અઠકળાં,
સાત સમંદ્રાં ખીરસર તવીએ ધ્રુવ તારાં,
રામ રઢાળાં રગવંશાં ગોરખ મેંદ્રાળાં.
એમ વરદાય વીહળ વડો ચારણ સકારાં.

(સરોવરમાં જેમ માનસરોવર, દેવોમાં જેમ સૂર્યદેવ, નવકુળ નાગમાં જેમ શેષનાગ, પશુપતિઓ જેમ ઇંદ્ર, નદીઓમાં ગંગા, આઠ કુળ ગિરિઓમાં જેમ મેરૂ (કોયણ), સાત સમુદ્રોમાં જેમ ખીરસાગર, તારાઓમાં જેમ ધ્રુવ, રઘુવંશમાં જેમ રામચંદ્ર, યોગીઓમાં જેમ ગોરખનાથ એમ ચારણોમાં શ્રેષ્ઠ ઈશ્વ વરદાન પામેલો વીસળ ગણાય.)

નિશાણી 5

વડ ચારણ ચવીએ વડો વરદાય વીહળ,
લખણ બત્રીસે લીળઘણ ચિત્ત ધ્રુવ અણચળ,
નરમળ નરહો નવનગર, જેડો ગંગાજળ,
ચોરાશી વ્રણ ચકવે વજિયો ડાડાવળ,
આફળ્યો સોઢે આંગમે દો માઝે મેળે દળ
આગળ રવિયો ધારઇં દિવાણે અણકળ.

(એવો ચારણોમાં શ્રેષ્ઠ, વરદાયી વીસળ, બત્રીસ લક્ષણો, ઘણો શોભીતો, અચલાયમાન ચિત્તવાળો, નવેય નગરના ચારણોમાં નિર્મળ એ નરસો. જેવું નિર્મળ ગંગાજળ, ચોરાસીયે વર્ણમાં જે ‘ડાડાવળો’ કહેવાયો જે અગાઉ સોઢાઓની સાથે લડેલો.)

નિશાણી 6

શાત્રવ શેન શનાયા, શબળા શરતાણા,
રા’ પંચાળા ઉપરે ચડિયા દિવાણા,
શેષ સળક્કે ભારસું, કોરંભ કચકાણા,
ધર અંબર રવ્ય ધ્રોંખળો ઠાર ચડે અઠાણા,
થાનકે વીહળ વાત થે નરહે નરહાણા,
દેવારિયા ડાડાવળે નરભે નિશાર્ણી

(શત્રુઓએ સૈન્ય સજ્યું. સબળ સુલતાન એ પાંચાળના રાજવી ઉપર ચડ્યો. એની સેનાના ભારથી શેષનાગ સળવળ્યા. કાચબો કચકચી ગયો. ધરતી, આકાશ અને રાત્રિ ધૂંધળાં બન્યાં, વીસળના થાનકમાં વાત થઈ, એટલે એ ડાડાવળે (વીસળે) યુદ્ધના નિર્ભય નિશાનો સામે દેખાડ્યાં.)

નિશાણી 7

પાંડવ વેશ પ્રગટિયાં હેંથાટે હેંદળ,
અભંગ અશપત ઉપરે બળિયારે સાબળ,





ધોડ કરે ખગ ધૂણિયા કાબળ અણકળ,
બતત પેખે બરબિયો વીરત ડાડાવળ,
વેરિયાં પડ તાણાવિયો વઢવા કજ વીહળ,
નરહો કોઈ ભાજે નૈ ભેળનાં નરા ભળ.

નિશાણી 8

વીહળ પૂછે વ્રાહ્મણાં સુણ કેસવ કંધાળા,
કણ પગલે સ્રગ પામીએ પશતક નૈયાળી ?
કૂંડે મરણ જે કરે, ગળે હેમાળાં,
કરવત ભેરવ કરે, શીખળ શખાળાં,
ત્રિયા ત્રંબાસ આપતળ જે મરે હઠાળા,
તે વર દિયાં વીહળા સગ થિયે ભવાળા.

(વીસળ (કેશવગરને) પૂછે છે, કે હે બ્રાહ્મણ, સાંભળ. હે શૂરવીર કેશવ, કયે પગલે સ્વર્ગ પમાય એવું કોઈ પુસ્તક નિહાળ્યું છે તેં ? (કેશવ કહે છેઃ) કૂંડાળે મરણ કરે, હિમાલયમાં ગાત્રો ગાળે, કાશીએ કરવત મુકાવે, ગિરનાર પર ભૈરવ જપ ખાય, સિંહની સામે લડી મરે, અબળા, ગાય કે પોતાના ગરાસ માટે જે હઠીલાઓ મરે, તે બધા સ્વર્ગે જાય, હે વરદાયી વીસળ!)

નિશાણી 9

વીહળ રાબો, રાબો ધાનરવ, સૂરાં ગર સાજણ,
નાગાજણ, રવિયો, નગડ, મૂળિયો, લખમણ,
રૈયણ, સોયો, તેજરવ, સાધે સાંબસણ,
હઠમલ જોગડો ખીમરવ, મરવા હેક લડણ,
આંબર લાંગો આલગો નરદેવ ત્રભે પણ,
સજડે પાલો વેરસલ કેસરિયા વઢ્ઢણ,
વીરત કેસવ વ્રામણું બરંબે બ્રદઘણ,
આડા ઊભા આંબલી રઢમલ માંડે રણ.

(એક વીસળ રાબો, બીજો ધાનરવ રાબો, ત્રીજો શૂરવીર સાજણગર, ચોથો નાગાજણ, પાંચમો રવિયો, છઠ્ઠો લખમણ, ત્રણેય મૂળિયા ચારણઃ સાતમો તેજરવ સોયો, સામસામાં બાણ સાંધે તેવો તીરંદાજઃ આઠમો ખીમરવ, મરવા માટે એકલો લડનારોઃ નવમો આલગો. નિર્ભય મનવાળો; પાલો અને વેરસલ, જે બંને કેસરિયા કહેવાતા, અને બારમો કેશવગર

બ્રાહ્મણ, જેને ઘણાં ઘણાં બિરૂદો હતાં. તે બધાએ આંબરડી ગામની આડે ઊભા રહીને રણસંગ્રામ માંડ્યો.)

### નિશાણી 10

ચાળ બંધે ચલ્લિયા લૂંવડ હઠાળા,
સાહંદા એ યારસું મુકલ મેહમંદા,
ખદાબદ ખેસખણ કરણ કહંદા,
જાવદા રેમાનજા વ્રત રોજ રહંદા,
પરિત્રિ-નંદા પરામખ વેરાગ વેહંદા,
ગાત્ર ગેહંદા ગજ્જણા લંક મેહંદા,
સગળા હંદા સારખા દરશણ દેહંદા.

(ચાળ બાંધીને એ લૂંવડ જાતના બારેય હઠીલા ચારણો ચાલ્યા. સામે મુગલો અને મોહમેદો છે, જેઓ સાદા રહેમાનનાં વ્રત રહેનાર છે. પરસ્ત્રીના ભોગી છે, પરાડમુખ છે, વૈરાગ્યવિહીન છે. હાથી જેવા અંગોવાળા ગઝનીઓ છે. લંકાના યોદ્ધા જેવા છેઃ એવા તમામ સરખા યવનોએ દેખાવ દીધો.)

### નિશાણી 11

મીર બચારા ત્રમખ્ખી જકે સવભ્રંખી,
કુંચ કુંવારી મોંયરખી મુંગલ અશમખ્ખી,
ધેધિંગર ધોમચખી જેરી વાણ વલંખી,
વાણ વલંખી વાત જે સરતાણ અસંખી
તાણે ટંક અદ્ધાર કી એહડા તીર નખી,
તે વરદાય વીહળાસું વેધે વધંખી.

(તામસી, સર્વભક્ષી, મોં પર દાઢી રાખનાર, અશ્વ જેવા મોંવાળા મુગલો; ધીંગા અને ધોમચખ આંખોવાળા, જેની વાણી વસમી છે એવા અસંખ્ય સુલતાનોઃ અદ્ધાર આયુધ બાંધનારા, તીર રાખનારા, એવા તમામ વીસળની સામે લડવા આવ્યા.)

### નિશાણી 12

સવાણી સનાયા ભારથ અબંગા,
મેરે બગતરા પાખરાં એહણાં લોહ અંગા,
હાથોડા રાંગાહળા ઝળંબા ઝંગા,





કંધ વ્રજ મેળાહકા સર ટોપ સચંગા,
જેડ લાહ જંજરિયા દીપે દોઅંગા,
જાણ કે મારગ મળિયા માલતાણ મલંગા.

### નિશાણી 13

દોહ કડે ખગ દાબિયા વામંગ કટારા,
હે હયડે હાથ કર પટા બે ધારા,
એડા નાખેડા અસે નાળે નળિયારા,
વઢવા કાજ ડાડાવળે કાબલ કંધારા,
ખાન અતંગા વંકડા હુવા હોહોકારા,
હેમર સા હણાયા હડા લાખ કંકડારા.

(કમ્મરની બન્ને બાજુ બબ્બે તરવારો દાબી, ડાભી ભેટમાં કટાર નાખી, બેધારા પટા સજ્યા. હોહોકાર થયો. ઘોડા હણહણવા લાગ્યા.)

### નિશાણી 14

હે જલંગા હંસલા કમંધ મકરાણી,
શોપ કેઆડા મંકડા આરબ ખરસાણી,
ગરવર જંગા ગોહણા પે પંથા પાણી,
જાય શશંગી ઝોપિયા સજકિયા પતશાણી,
રેવતવંકા રાવતાં મખમલ પલાણી,
સવરે વજડે વાજતી ઘોડે ચડી પઠાણી.

(જલંગા ઘોડા, હંસલા ઘોડા, મારવાડી, અરબી, ક્યાડા રંગના, માંકડા રંગના અને ખોરાસાની ઘોડા ગિરિવર ઉપર ચડી જાય તેવી જાંઘોવાળા; પાણીપંથા; તે સહુની ઉપર પાદશાહી પલાણો માંડ્યાં છે. જેવા રેવંતો (ઘોડા) છે, તેવા જ એના રાવતો (અશ્વપાળો) છે. મખમલનાં પલાણ માંડ્યાં છે એવા ઘોડા ઉપર પઠાણો ચડ્યા છે.)

### નિશાણી 15

વીહળ માઝી વંકડા છત્રપત છોગાળા,
કળગર જેડા કેશવા નર જે નેઠાળા,
કેસરિયા બે આલગો ભાણેજ શખાળા,

તરકા અણશું આપતલ મચવે મેતાળા,
અભંગ ઘાયે આવિયા વાયે રકમાળા.

નિશાણી 16

ધરે નતાળાં વાઘળાં બાંધે ખગાળાં,
સખ નપારાં સેહણાં રોશાળ રઢાળાં,
કુંત ઝબક્કે વીજળાં વજે ત્રંબાળાં,
બાણ વછૂટે સાવળાં ગાજે હથનાળાં,
રત વરશાળાં વાદળાં જાણે કે સખરાળાં,
વડેવધ વશધરા વડાં ભોપાળાં.

(નતાળ (તાળ વિનાનાં નગારાં) વાગ્યાં, તરવારો બંધાણી, ભાલાં ઝબૂક્યાં, ત્રંબાળ વાગ્યાં, બાણ વછૂટ્યાં, હાથનાળો (બંદૂકો) ગાજી.)

નિશાણી 17

સીંગણ છટે ભારસું હથનાળ વછટ્ટે
સાબળ ફૂટે સોંસરા સૂરા સભટ્ટે
વ્રણ પ્રગટે ઘટ વચ્ચે, પટા પ્રાછટ્ટે
ત્રુટે ઝંસણ ટોપતણ, ખાગે અવઝટ્ટે

(ગલોલીઓ જોરથી છૂટવા લાગી. હાથનાળો વછૂટવા લાગી. ઢાલો સોંસરવી વીંધાવા લાગી, શૂરવીરોનાં હૈયાં વચ્ચે જખમો પ્રગટવા લાગ્યા.)

રજિયતમલ કે રતનશી આગળ એમ અખે,
જે ખૂની પતશાવરા સો નરહો રખે,
અશપત ગજપત ઉપરે દજડો શંક દખે
સવણે વેઅણસે સાંભળે કાબલ વધંખે,
વીહળ કેમ વેણીએ ખાંગા કેમ પખે,
કેમ સૂરત મંગળી દળમળ અસંખે,
ચોટાળો કરમણ સરસ ભારી ગ્રંથ ભખે.
(આ કાવ્યના કેટલાક અર્થો સૂઝી શક્યા નથી.)





## એક તેતરને કારણે



પરશુરામે આ પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રી કરીને બ્રાહ્મણોને વહેંચી દીધી હતી. પણ એ વિનામહેનતે મળી ગયેલી ધરતીનું રક્ષણ બ્રાહ્મણો ન કરી શક્યા. અસુરો ધરણીમાતાની કાયાને ખૂંદવા લાગ્યા. પછી દેવતાઓએ ભેળા થઈને આબુ પર્વત ઉપર એક અગ્નિકુંડ પ્રગટાવ્યો. એ અગ્નિકુંડની ઝાળમાં ચાર મોટા દેવતાઓએ જવના દાણા છાંટ્યા, તે જ ઘડીએ એક પછી એક ચાર વીરો પ્રગટ થયા.

સોળે કળાએ શોભતો તેજસ્વી નર નીકળ્યો, તે સોલંકી કહેવાયો. ચારેય ભુજામાં હથિયાર ધારણ કરીને હાજર થયો, તે ચહુબાણ (ચૌહાણ) કહેવાયો. કુંડમાંથી નીકળતાં નીકળતાં પગમાં પોતાનું ચીર ભરાવાથી જે પડી ગયો તેનું નામ પઢિયાર પડ્યું. એ ત્રણેય તો હાથ જોડીને આજ્ઞા માગતા માગતા નીકળ્યા, એટલે દેવતાઓ નિરાશ થયા.

આખરે અગ્નિના ભડકામાંથી 'માર ! માર !' ની ત્રાડ દેતો જે બહાર આવ્યો, આવીને 'પર' કહેતાં રાક્ષસને જેણે સંહાર્યો, તે પરમાર નામે ઓળખાયો. આબુ, ઉજેણી અને ચિતોડ ઉપર એના વંશની આણ વર્તી ગઈ. ચિતોડગઢનાં તોરણ બાંધનાર આ પરમાર વંશનો જ એક પુરૂષ હતો. એ વંશનો એક વેલો સિંધના રણવગડામાં પણ ઊતરી આવ્યો. એ વેલો ચલાવનાર મૂળ પુરૂષ સોઢાજી. સોઢા પરમારોના હાથનો ઉમરકોટ તાલુકો એક વખત એની પડતી દશામાં છૂટી ગયો ને નગરપારકરનો નાનો તાલુકો રહ્યો. ત્યાંનું બેસણું પણ ગયું, ને થરપારકર રહ્યું. થરપારકરનું રાજ એટલે તો રેતીના રણનું રાજ: રાજધણીને રિદ્ધિ-સિદ્ધિમાં ઢોર સિવાય બીજું કાંઈ ન હોય. માલધારી રાજા પોતાનો માલ ચારીને ગુજારો કરતા; નેસડામાં રહીને રાજમહેલની મજા લેતા; રોટલો અને દૂધ આરોગીને અમૃતના ઓડકાર ખાતા; રૈયતની સાથોસાથ રહીને તેની જીવ સાટે રક્ષા કરતા. તેથી જ –

અંગ પોરસ, રસણે અમૃત, ભુજ પરચો રજભાર,
સોઢા વણ સૂઝે નહિ, હોય નવડ દાતાર.

(સોઢાઓનાં અંગમાં દાન દેવાની જેવી હોંશ આવે, જીભમાં જેવું અમી વરસે અને ભુજામાં



જેવું પાણી હોય તેવું બીજામાં નથી હોતું.)

બાપુ રતનુજી તો કૈલાસમાં પધારી ગયેલ, પણ મા જોમબાઈ હજુ બેઠાં હતાં. મા જોમબાઈને ચાર દીકરા હતા : આખોજી, આસોજી, લખધીરજી ને મૂંજોજી. મા અને દીકરા ગોડી પારસનાથજીનાં મોટાં ભક્ત હતાં.

સંવત 1474ની અંદર પારકરમાં કાળો દુકાળ પડયો, તાવડામાં જેમ ધાણી ફૂટે, તેમ માલધારીઓનાં ઢોર ટપોટપ મરવા માંડ્યાં. બે હજાર સોઢાઓ પોતાનાં ઢોર લઈને દુકાળ વર્તવા સોરઠમાં ચાલી નીકળવા જ્યારે તૈયાર થયા, ત્યારે ચારેય ભાઈઓને ચિંતા થઈ કે પારકા મુલકમાં આપણી વસ્તીની રક્ષા કોણ કરશે ? માટે આખોજી બોલ્યા કે ‘ભાઈ લખધીર તું ને મૂંજોજી સાથે જાઓ, હું ને આસો આંહીં રહેશું.’ લખધીરજી ને મુંજોજી પોતપોતાની હાંસલી ઘોડી ઉપર પલાણીને તૈયાર ઊભા. ત્યારે મા જોમબાઈ બોલ્યાં : ‘બાપ, આપણી વસ્તીને પરદેશમાં મા ક્યાંથી મળશે ! માટે હુંય સાથે ચાલીશ.’

માતાજી રથમાં બેઠાં. અને બે હજાર સોઢાઓ એના રથને વીંટી લઈને પોતપોતાના ઢોર હાંકતા હાંકતા. રસ્તે ચારતા ચારતા, દરમજલ મુકામ કરતા ચાલી નીકળ્યા.

પણ લખધીરજીને તો નીમ હતું કે રોજ પોતાના ઇષ્ટદેવ ગોડી પારસનાથનાં દર્શન કર્યા પછી જ અન્નપાણી ખપે. આ દેવતાની પ્રતિમા પારકરના પીલુ ગામમાં હતી. રોજ રોજ પ્રભાતે જ્યાં મોલણ પડ્યું હોય ત્યાંથી લખધીરજી પોતાની હાંસલી ઘોડી પાછી ફેંટીને પીલુ જઈ પહોંચે, દેવનાં દર્શન કરે, ત્યાર પછી અનાજ આરોગે. એ રીતે તો જેમ જેમ પલ્લો લાંબો થતો ગયો, તેમ તેમ પીલુ પહોંચવામાં મોડું થવા માંડ્યું. એક પહોરના, બે પહોર, ચાર પહોર, ને પછી તો બબ્બે દિવસના કડાકા થવા લાગ્યા. પછી એક રાતે લખધીરજીના સ્વપ્નમાં ઈષ્ટદેવ આવ્યા ને બોલ્યા : ‘બેટા, કાલ પ્રાગડના દોરા ફૂટતાં જ તને ગાયનું એક ધણ મળશે. એમાંથી એક કુંવારી કાળી ગાય મોખરે ચાલતી હશે. એ ગાય પોતાનો મોયલો પગ ઊંચો કરીને તારી સામે જોઈ જમીન ખોતરશે. ખોતરેલી જમીનમાં ખોદજે, તો તને એક પ્રતિમા જડશે. એ પ્રતિમાનાં દર્શન કરી રોજ જમજે, રથમાં પધરાવીને સાથે લઈ જજે, ને જ્યાં રથ ઊભો રહી





જાય, ચસકે નહિ, ત્યાં તારો મુકામ કરી રહેજે. તારી ફતેહ થશે.’

બીજે દિવસે પ્રભાતે સ્વપ્નની વાત સાચી પડી. પાંચાળ ભૂમિમાં માંડવ ડુંગરની ધાર ઉપર જ ગાય મળી, ને મૂર્તિ જડી. એ માંડવ રાજની પ્રતિમાને માતા જોમબાઈ ખોળામાં લઈને બેઠાં અને સોનાના થાળ સરખી પાંચાળ ભૂમિમાં મોતીના દાણા જેવા ડુંગરા જોતા જોતા અગ્નિપુત્ર પરમારો આગળ ચાલ્યા. હવે, કેવો છે એ પાંચાળ દેશ ?

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;
નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ. (1)

(એ પાંચાળની જમીન રાતી છે, સુંદર સાલેમાળ ડુંગર છે, અને એ દેવભૂમિમાં શૂરવીર પુરૂષો નીપજે છે.)

ગૂઢે વસ્તરે ગોરિયાં, પગની પિંડીનો તાલ;
પનઘટ ઉપર પરવરે, પડ જોવો પાંચાળ. (2)

(પાંચાળની સ્ત્રીઓમાં વિશેષે કરીને કાઠિયાણીઓ અને ચારણિયાણીઓ હોવાથી એમનો પહેરવેશ કાળા રંગનો છે, અને દેહનો વર્ણ ગોરો છે. એ રમણીઓ લચકાતે પગે નદીને તીરે પાણી ભરે છે.)

ઓદરથી ઉરે સરસ, નાક નેણનો તાલ;
ચાર હાથનો ચોટલો, પડ જોવો પાંચાળ. (3)

(જેવાં રૂપાળાં એ ગોરીઓના ઉદર, તેથી વધુ રૂપાળી એની છાતી છે. તેથીયે વધુ રળિયામણાં એનાં નાક અને નેણ છે. માથે લાંબા ચોટલા છે.)

નરનારી બન્ને ભલાં, કદી ન આંગણ કાળ,
આવેલને અદર કરે, પડ જોવો પાંચાળ. (4)

આછાં પાણી વીરડે, ધરતી લાંપડિયાળ,
સર ભર્યાં સારસ લવે, પડ જોવો પાંચાળ. (5)

(જેની ધરતી લાંપડ (કાંટાવાળા) ઊંચા ઘાસથી ઢંકાયેલી છે, જેની નદીઓના પટમાં વીરડા ગાળીને લોકો તેલ જેવાં નિર્મળ પાણી પીએ છે, જેનાં ભરપૂર સરોવરડાંમાં સારસ પક્ષીઓ કિલ્લોલ કરતાં હોય છે, એવી એ દેવભૂમિ પાંચાળ છે.)

નદી ખળકે નિઝરણાં, મલપતાં પીએ માલ;
ગાળે કસૂંબા ગોવાળિયા, પડ જોવો પાંચાળ. (6)

(જ્યાં નદીઓ અને ઝરણાંઓ ખળખળ વહી રહેલ છે, જ્યાં માલધારીના માલ (ગાય-ભેંસો) ભરપૂર પાણીમાં મલપતાં મલપતાં નીર પીએ છે. જ્યાં ગોવાળ લોકો અફીણના કસુંબા ગાળીને ગટગટાવે છે. એવો એ પાંચાળ દેશ છે.)

ઠાંગો માંડવ ઠીક છે, કદી ન આંગણ કાળ;
ચારપગાં ચરતાં ફરે, પડ જોવો પાંચાળ. (7)

(જ્યાં ઠાંગો અને માંડવ જેવા વંકા ડુંગરા છે, દુષ્કાળ કદી પડતો નથી, ચોપગાં જાનવરો ફરે છે એવો એ પાંચાળ દેશ છે.)

તાતા તોરિંગ મૃગકૂદણા, લીલા પીળા લાલ;
એવા વછેરા ઊછરે, પડ જોવો પાંચાળ. (8)

(જ્યાં હરણ જેવી ફાળ ભરનારા પાણીદાર, રંગરંગના ઘોડા નીપજે છે.)

કૂકડકંધા મૃગકૂદણા, શત્રુને હૈયે સાલ;
નવરંગ તોરિંગ નીપજે, પડ જોવો પાંચાળ. (9)

(જ્યાં કૂકડાના જેવી ઊભી ગરદનવાળા, અને દુશ્મનોના હૃદયમાં શલ્ય સમ ખટકનારા નવરંગી ઘોડા નીપજે છે, એવો એ પાંચાળ દેશ છે.)

કળ કોળી ફળ લીંબોળી, વનસપતિ હરમાળ;
(પણ) નર પટાધર નીપજે, બોંય દેવકો પાંચાળ. (10)

(કુળમાં જુઓ તો ઘણુંખરૂં કોળીના જ કુળ વસે છે. (કોળીની સંખ્યા બહુ મોટી છે.) ફળમાં લીંબોળી બહુ થાય છે, અને વનસ્પતિમાં હરમાળ વધુ નીપજે છે. એમ છતાં ત્યાં મનુષ્યોમાં તો વીર પુરૂષો પાકે છે, એવી એ દેવભૂમિ પાંચાળ છે.)

ચાલતાં ચાલતાં એક દિવસ એ રૂપાળા પ્રદેશની અંદર, એક નાની નદીની બરાબર વચમાં દેવનો રથ ઊભો રહ્યો. ઘણા બળદ જોડીને ખેંચ્યો, પણ પૈડાં ચસક્યાં નહિ. નાડાં બાંધી બાંધીને રથ તાણ્યો, પણ નાડાં તૂટી ગયાં. લખધીરજીએ પોતાની પાઘડીનો છેડો ગળે વીંટી, પ્રતિમાની સામે હાથ જોડી કહ્યું : 'હે ઠાકર ! તે દિવસ સ્વપ્નામાં તમે મને કહેલું યાદ છે કે જ્યાં રથ થોભે ત્યાં મારે ગામ બાંધીને રહેવું. પણ આ નદીને અધગાળે કાંઈ ગામ બંધાશે ? સામે કાંઠે પધારો





તો ત્યાં જ આપની સ્થાપના કરૂં.'

એટલું બોલીને પોતે જરા પૈડાને હાથ દીધો, ત્યાં તો આરસપા'ણની ભોં હોય તેમ રથ દડવા લાગ્યો. સામે કાંઠે જઈ ઉચાળા છોડ્યા, નાનાં ઝૂંપડાં ઊભાં કરી દીધાં અને ચોપાસના નિર્જન મુલક ઉપર પરમારોની સિંધી ગાયો, ભેંસો, બકરાં, ઘેટાં ને ઊંટ, બધાં પોતાને ગળે બાંધેલી ટોકરીનો રણકાર ગજવતાં ગજવતાં લહેરથી ચરવા લાગ્યાં. જે નેરામાં રથ થંભી ગયો હતો તે અત્યારે પણ 'નાડાતોડિયું' એ નામથી ઓળખાય છે.

પારકી ભૂમિમાં ધણીની રજા વિના કેમ રહેવાય ? પરમારનો દીકરો – અને વળી પ્રભુનો સેવક – લખધીરજી તપાસ કરવા મંડ્યા. ખબર પડી કે વઢવાણના રાજા વીસળદેવ વાઘેલાનો એ મુલક છે. નાના ભાઈ મુંજાજીના હાથમાં આખી વસ્તીને ભળાવી લખધીરજી વઢવાણ આવ્યા. દરબારગઢની ડેલીએ બેઠા બેઠા વીસળદેવ ચોપાટ રમે છે, ત્યાં જઈને પરમારે ઘોડીએથી ઊતરી. ઘોડીના પગમાં લોઢાની તાળાબંધ નેવળ નાખી, બગલમાં લગામ પરોવીને વાઘેલા રાજાને રામરામ કર્યા. કદાવર શરીર, પાણીદાર છતાં ભક્તિભાવભીની બે મોટી આંખો, અને હજુ તો ગઈ કાલે જ આબુના અગ્નિકુંડમાંથી 'માર ! માર !' કરતો પ્રગટ થયો હોય એવો દેવતાઈ તેજસ્વી ચહેરો જોતાં તો એક જુગની જૂની ઓળખાણ હોય તેમ તે પરમારપુત્ર વીસળદેવજીના હૈયામાં વસી ગયો. મહેમાન ક્યાં રહે છે, કેમ આવેલ છે, નામ શું છે, એવું પૂછ્યા વિના પાધરો રાજાએ સવાલ કર્યો કે

'ચોપાટે રમશો ?'

'જેવી મરજી.'

'ઘોડી બાંધી દ્યો.'

'ના, રાજ! ઘોડી મારી હેવાઈ છે. બીજે નહિ બંધાય. એક તરણુંયે મોંમાં નહિ લ્યે. હું બેસીશ ત્યાં સુધી ઊભી જ રહેશે.'

હાંસલી પણ જાણે વાતચીત સમજી હોય તેમ તેણે એક કાનસૂરી માંડીને હણહણાટી દીધી. વીસળદેવજીના હૈયામાં વધુ પ્રેમ પુરાયો; અને ચોપાટ ખેલવામાં લખધીરજીનો સાધેલ હાથ જોઈને તો વીસળદેવ પૂરો મોહ પામી ગયા.

સાંજ પડી એટલે વીસળદેવે ઓળખાણ પૂછી. લખધીરજીએ બધી વાત કહી સંભળાવી કે 'દુકાળ વર્તવા વસ્તીને લઈને પારકરથી આવ્યો છું, રજા આપો તો માલ ચારીએ.'

વીસળદેવ બોલ્યા : ''એ ભોં તો ઉજ્જડ પડી છેઃ તમે પચાવી પડ્યા હોત તોપણ બની શકત; પણ તમે નીતિ ન તજી તેથી હું એ આખી ધરતી તમને સોંપું છું. સુખેથી ગામ બાંધો. પણ ઊભા રહો, એક શરત છે. રોજેરોજ આંહીં ચોપાટ રમવા આવવું પડશે.'

લખધીરજીએ શરત કબૂલ કરી. હાંસલીના મોયલા પગમાંથી નેવળ છોડી, રાંગ વાળી, પોતાના પડાવ તરફ ચડી ગયા. ડાયરો જોઈ રહ્યો : 'વાહ રજપૂત ! કાંઈ વંકો રજપૂત છે ! રાજપૂતી આંટો લઈ ગઈ છે!'

ડાયરાની આંખમાં એ વેણ બોલતી વખતે લાલ લોહી ભર્યું હતું. પેટમાં પાપ ઊગ્યું હતું.

★★ ★

એક દિવસ સાંજે લખધીરજી વઢવાણથી ચોપાટે રમીને પડાવ ઉપર પાછા ફર્યા ત્યારે મૂંજાજીએ એને વાત કહી : 'ભાઈ, આજ તો હું પૂજા કરતો હતો ત્યારે માંડવરાજ બે વાર મારી સામે જોઈને હસ્યા !

ચતુર લખધીરજીએ વાત રોળીટોળી નાખી, પણ અંતરમાં એને ફાળ પડી ગઈ કે નક્કી મૂંજાજીને માથે ભાર છેઃ તે વગર પ્રતિમા હસે નહિ.

'માડી, સાંભળ્યું કે?'

'શું છે, છોડી ?'

'આ ઓલ્યો રજપૂત રોજ રોજ મારા બાપુ પાસે ચોપાટે રમવા આવે છે, એની ખબર છે ને ?'

'હા, એ રોયો આવે છે ત્યારથી દરબારે ઓરડે આવવાનુંય ઓછું કરી નાખ્યું છે. કોણ જાણે શું કામણ કરી મેલ્યું છે એ બોથડ સોઢાએ.'

'મા, તમે બહુ ભોળાં છો. સાચી વાત કહું ? એ રજપૂત આવ્યો છે સિંધમાંથી. એને એક જુવાન બે'ન છે. મારા બાપુને વિવા કરવા છે એટલે આ રજપૂતને જમીન કાઢી આપી છે. ને રોજ આંહીં ચોપાટ રમવા બોલાવે છે. પોતે પણ ત્યાં જાય-આવે છે.'

ઠાકોર વીસળદેવનાં ઠકરાણી અને એની વડારણ વચ્ચે એક દિવસ આવી વાત થઈ. લખધીરજીની લાગવગ વીસળદેવજી ઉપર એટલી બધી જામી ગયેલી કે એના વિના ખાવું ન ભાવે. આ રાજપ્રીતિ વઢવાણના દરબારી નોકરોથી નહોતી ખમાતી. લખધીરજીનો પગ કાઢવા માટે વાઘેલાઓએ રાણીવાસમાં આવી ખટપટ ઊભી કરી હતી.





રાણીને હાડોહાડ વ્યાપી ગઈ કે નક્કી રાંડ શોક્ય આવશે. એનાં રૂંવાડાં સડસડ બળવા લાગ્યાં. એનું પિયર સાયલે હતું. પિયરિયાં ચભાડ જાતનાં રજપૂત હતાં. પોતાના ભાઈ-ભત્રીજાને બોલાવીને કાળી નાગણ જેવી રાણી ફૂંફાડી ઊઠી કે 'મારૂં ચલણ છે ત્યાં લગી તમે ઊભે ગળે વઢવાણમાંથી ખાવા પામો છો... રાજા નવી લાવશે એટલે તમારો પગદંડો પણ આંહીંથી નીકળી જશે. માટે મારા ભાઈઓ હો તો જાઓ, એ કાળમુખા રજપૂતોના લબાચા વીખી નાખો, અને મારી મારીને પાછા પારકરને રસ્તો પકડાવો.'

★★★

જંગલ તેતર ઊડિયો, આવ્યો રાજદુવાર,<br>ચભાડ સહુ ઘોડે ચડ્યા, બાંધી ઊભા બાર.

'તેતર ઘવાણો, બરાબર ઘવાણો !' તીરંદાજોએ ચાસકા કર્યા. 'કિયો ! કિયો ! કિયો !' એવી કિકિયારી કરતું એક નાનું તેતર પક્ષી પાંખો ફફડાવી રહ્યું. પાંખ તૂટી પડવાથી ઊડી શકતું નથી. પગ સાબૂત છે તેથી દોટાદોટ કરવા લાગ્યું. વનનાં બીજાં પક્ષીઓએ કળેળાટ મચાવી મૂક્યો.

'હાં, હવે ધ્યાન રાખજો, ભાઈઓ ! જોજો, તેતર બીજે જાય નહિ. હાંકો આ પરમારોના ઉચાળામાં. કજિયો જગાવવાનું બરાબર બહાનું જડશે.'

એમ બોલતાં એ સાયલા ગામના ચભાડ તીરંદાજોએ ઘાયલ થયેલા તેતરને ઘેરી લઈ સોઢા પરમારોના પડાવ તરફ હાંક્યો.

ચીસો પાડતો તેતર પડાવમાં દોડ્યો ગયો, અને બરાબર જ્યાં માતા જોમબાઈ પોતાના ઈષ્ટદેવ માંડવરાજની પ્રભાતપૂજા કરે છે ત્યાં જ પહોંચી દેવમૂર્તિના બાજઠની નીચે લપાઈ ગયો. મા જોમબાઈએ કિકિયાટા સાંભળ્યા ને આંહીં શરણાગત તેતરના શરીરમાંથી રૂધિર ટપકતું દીઠું. પ્રભુજાપની માળા પડતી મૂકીને એમણે બાજઠ હેઠળથી હળવે હાથે તેતરને ઝાલી લીધો. એ લોહીતરબોળ પંખીને હૈયાસરસું ચાંપીને પંપાળવા માંડ્યું. માની ગોદમાં છોકરૂં લપાય તેમ તેતર એ શરણ દેનારીના હૈયામાં લપાઈ ગયો. મા તેતરને પંપાળતાં પંપાળતાં કહેવા લાગ્યાં કે : 'બી મા, મારા બાપ ! હવે આંહીં મારે હૈયે ચડ્યા પછી તને બીક કોની છે ? થરથર મા હવે, આ તો રજપૂતાણીનો ખોળો છે, મારા બચ્ચા !'

ત્યાં તો બહાર ઝાંપે ધકબક બોલી રહી. ચભાડોનાં ઘોડાં હમચી ખૂંદતાં હતાં અને ચભાડો ચાસકે ચાસકા કરતા હતા : 'આંહીં ગયો. એલા, અમારો ચોર કાઢી આપો. કોના છે આ

ઉચાળા ?'

સોઢાઓ બધા પોતપોતાના ડેરામાંથી બહાર નીકળ્યા. પૂછવા લાગ્યા : 'કોણ છો તમે સહુ, માડુ ? આટલા બધા રીડિયા શીદ કરો છો? આંહીં બચરવાળોના ઉચાળા છે એટલું તો ધ્યાન રાખો, ભાઈઓ !'

'અમારો ચોર કાઢી આપો જલદી. ચોરી ઉપર શિરજોરી કરો મા.' ચભાડોએ તોછડાઈ માંડી.

'કોણ તમારો ચોર ?'

'અમારો શિકાર : જખમી તેતર.'

સોઢાઓમાં હસાહસ ચાલી : 'વાહ ! રંગ છે તમને ! એક તેતર સારૂ આટલી બહાદુરી !'

ત્યાં તો ઝાંપે જોમબાઈ દેખાણાં. ગોદમાં તેતર છે. પડછંદ રજપૂતાણીએ પ્રતાપભેર પૂછ્યું : 'શું છે, બાપ ?'

'ઈ જ ! ઈ જ અમારો ચોર ! ઈ જ તેતર ! લાવો પાછો.'

'તેતર પાછો અપાય કાંઈ ? એ તો મારો શરણાગત ઠર્યો, ભાઈ ! વળી એ તો મારા ઠાકરના બાજઠ હેઠળ બેઠેલ હતો. એ ભગવાનનો શરણાગત મારાથી પાછો કેમ અપાય ?'

શરણ ગયો સોંપે નહિ, રજપૂતાંરી રીત;
મરે તોય મેલે નહિ, ખત્રી હોય ખચીત.

'અને પાછા તમે તો બધા રજપૂત લાગો છો, બચ્ચાઓ !'

'હા, અમે ચભાડો છીએ.'

'ત્યારે હું તમને શું શીખવું ? શરણે આવેલાને રજપૂત ન સોંપી દે, એટલુંય શું તમારી જનેતાએ તમને ધાવણમાં નથી પાયું, બાપ ?'

ચભાડો કોપ્યા : 'હવે એ બધી વાત મૂકીને ઝટ અમારો ચોર સોંપી દ્યો.'

'ભાઈ ! તમે ઘર ભૂલ્યા.' કહીને મા જોમબાઈએ તેતરને છાતીએ દાબ્યો, તેતરના માથા પર હાથ પંપાળ્યો.

'તો અમે તમારા લબાચા ફેંદી નાંખશું. આંહીં પરદેશની માટી ઉપર તમે ભૂંડાં લાગશો.'

જોમબાઈએ કહ્યું : 'શીદ ઠાલા ઝેર વાવો છો ? અમને પરદેશીઓને શા સારૂ સંતાપો





છો? કહો તો મારાં ઘેટાં આપું, ગાય-ભેંસ દઉં, પણ શરણાગત કેમ સોંપ્યો જાય મારાથી ?'

ચભાડોને તો કજિયો જોઈતો હતો. બહાનું જડી ગયું. સમશેર ખેંચાઈ. એ મામલો દેખીને માતાએ જુવાન બેટા મૂંજાજીને પડકાર્યો :

મૂંજાને માતા કહે, સુણ સોઢાના શામ;
દળમાં બળ દાખો હવે, કરો ભલેરાં કામ.
મૂંજા તેતર માહરો, માગે દૂજણ સાર;
ગર્વ ભર્યા ગુરજરધણી, આપે નહિ અણવાર.

'બેટા, એક ચકલ્યું છે, તોપણ એ આપણું શરણાગત ઠર્યું. આજ આપણે મર્યામાર્યા વગર છૂટકો નથી : ભલે આજ ચભાડો પારકરા પરમારની રાજપૂતી જોતા જાય.'

'વાહ, મારી જનની !' કહી મૂંજોજી તેગ લઈને ઊઠ્યો : 'હું તો પરમારને પેટ ધાવ્યો છું ના !'

ધ્રુવ ચળે મેરૂ ડગે, ગમ મરડે ગિરનાર;
(તોય) મરડે કયમ મૂળીધણી, પગ પાછા પરમાર ?

(ધ્રુવનો તારો ચળે, મેરૂ પહાડ ડગમગે, ગિરનાર પોતાનું પડખું ફેરવે, તો પણ પરમાર પાછો પગ કેમ માંડે ?)

પછી તો તે દિવસે –

સંવત ચૌદ ચુમોતરે, સોઢાનો સંગ્રામ;
રણઘેલે રતનાવતે, નવખંડ રાખ્યું નામ.

(સંવત **1474**માં સોઢાએ સંગ્રામ જમાવ્યો. રણઘેલા રતનજીના પુત્રે નવેય ખંડમાં નામ રાખ્યું.)

વાર શનિચર શુદ્ પખે, ટાઢા પૂરજ ત્રીજ;
રણ બાંધે રતનાવતો, ધારણ મૂંજો ધીજ.

(ફાગણ મહિનાના શુક્લ પક્ષની ત્રીજ ને શનિવારના રોજ રતનજીના પુત્રે રણતોરણ બાંધ્યું.)

મા જુએ છે ને બેટો ઝૂઝે છેઃ એવું કારમું ધીંગાણું મંડાઈ ગયું. ચભાડોનાં તીરભાલાં વરસ્યાં, પરમારોની ખાંગોએ ખપ્પર ભર્યાં, અને દિવસ આથમતે તો –

પડ્યા ચભાડહ પાંચસેં, સોઢા વીસું સાત,

એક તેતરને કારણે, અળ રાખી અખિયાત.

(પાંચસો ચભાડો કપાઈ ગયા, સાત વીસું (140) સોઢા કામ આવ્યા. એમ એક તેતરને કારણે સોઢા પરમારોએ પૃથ્વી પર પોતાની ઈજ્જત આબાદ રાખી.)

વિ.સં. 1215 માં પારકરથી સોઢાઓએ, આવી ભોગાવાને કિનારે છાવણી નાખી ત્યાં શરણે આવેલા તેતરને પાછું ન સોંપવા માટે રાજપૂત્રનો શરણાગત ધર્મ સાચવી, ચભાડ જાતિના રાજપૂતો સામું મહાન યુધ્ધ કર્યું. તેમાં પાંચસો સભાડોને મારતાં પોતાના 140 (સાતવીસુ) સુભટો કામ આવ્યા તેનો હિસાબ છે કે 45 પરમાર રાજપૂતો, 20 ખુરશાળી આરબો, 12 ભટી રાજપૂતો અને તેના 3 રતનું ચારણો, 24 રબારીઓ, 16 સીપાઈઓ પાંચ પટેલ ઓડખના વાણીયાઓ, 7 સુતારો અને 8 વજીર (લાડક) મળી કુલ 140 સાથે રતનસિંહજીના કુમારશ્રી મુંજોજી કામ આવ્યા.

★★★

લખધીરજી તો તે વખતે વીસળદેવની ડેલીમાં ચોપાટ રમવામાં તલ્લીન હતા. એમને આ દગાની ખબર નહોતી. રાણીએ લખધીરજીને પણ તે જ દિવસે ત્યાં ને ત્યાં ટૂંકા કરવાનું કાવતરૂં રચેલું. સાંજ પડી એટલે વીસળદેવને રાણીએ બોલાવી લીધા; કહ્યું કે 'હવે આંહીં બેસો.'

'પણ મહેમાન એકલા બેઠા છે.'

'મહેમાનને એકલા નહિ રાખું; હમણાં એના ભાઈયુંની હારે જ સરગાપુરીનો સાથ પકડાવી દઈશ.'

'રાણી, આ શું બોલો છો ?'

'ઠીક બોલું છું. એ વાઘરાની દીકરી હારે તમારે પરણવું છે, કાં ?'

'તમે આ શી વાત કરો છો ?'

'હું બધુંય જાણું છું, પણ આજ તો મારા ભાઈઓએ એ તમામને જમપુરીમાં પહોંચતા કર્યા હશે !'

વીસળદેવ બધો ભેદ સમજ્યો : દોડતો દોડતો ડેલીએ આવ્યો. લખધીરજીને કહે કે 'ભાઈ, જલદી ભાગ. તારે માથે આફત છે, ફરી આંહીં આવીશ મા !'

છબ દઈને લખધીરજી ઘોડી ઉપર પલાણ્યો : પણ ગઢ વળોટવા જાય ત્યાં તો રાણીના કાવતરાબાજો આડા ફર્યા.





'મને કોઈ રીતે જવા ધો ?'

'હા, તારી હાંસલી દેતો જા.'

'ખુશીથી, પણ દરવાજે. આંહીં બજારમાં હું ગરાસિયો ઊઠીને ભોંયે ચાલીશ તો મારી આબરૂ જાશે.'

દરવાજે પહોંચીને જ્યાં હાંસલીના ડેબામાં પગની એડી મારી, ત્યાં હાંસલી ઊડીને એક નાડાવા જઈ ઊભી, લખધીરજી બોલ્યો કે 'લ્યો બા, રામરામ ! રજપૂતનાં ઘોડાં ને ડોકાં બેય એકસાથે જ લેવાય એટલી વાત હવેથી ભૂલશો નહિ.'

હાંસલીને જાણે પાંખો આવી; ઘણુંય દોડવા જાય, પણ શું કરે ? પગમાંથી લોઢાની નેવળ કાઢતાં લખધીરજી ભૂલી ગયો હતો, પાછળ વઢવાણની વાર હતી એટલે ઊતરીને નેવળ છોડાય તેમ નહોતું. પછી તો હાંસલીને છલાંગો મારવાનું જ રહ્યું. હાંસલી ધરતી ઉપર ચાલે તે કરતાં ત્રણગણું તો હવામાં ઊડવા લાગી. એમ કરતાં રસ્તામાં અઢાર વીસ હાથનો એક વોંકળો આવ્યો. પાણી ભરપૂર હતું. જે ઘડીએ હાંસલી ટપીને બીજે કાંઠે પહોંચી તે ઘડી નેવળ તૂટી ગઈ.'

રસ્તામાં લખધીરજીને ફાળ પડી ગઈ હતી. મુકામ ઉપર આવીને જુએ, તો મા મૂંજાજીના શબનું માથું ખોળામાં લઈને બેઠાં હતાં. એક તેતરને કારણે મૂંજો મરે, એ વાત સાંભળીને લખધીરજીની છાતી સવા વેંત ઊંચી ચડી. માને કહે કે 'મા, આજ રોવાનું ન હોય. આજ તો ધોળમંગળ ગાવાનો દિવસ છે, આજ તમારી કૂખ દીપાવીને મૂંજો સ્વર્ગે ગયો. જુઓ મા, જોયું મૂંજાનું મોં ? હમણાં ઊઠીને તમને ઠપકો દેશે ! આવું મોત તો તમારા ચારેય દીકરાને માટે માગજો, માડી !'

'બાપ લખધીર, તારો બાપ સ્વર્ગે સિધાવ્યા તે દી આ મૂંજો પેટમાં હતો, એટલે મારાથી એની સંગાથે જવાણું નહિ. આજ તારા બાપની ને મારી વચ્ચે વીસ વીસ વરસનું છેટું પડી ગયું. હવે તો મૂંજાને સથવારે જ મને રાજી થઈને જાવા દે.'

ચેહ ખડકાવીને માતાજી દીકરાનું શબ લઈને સતી થયાં. આજ પણ એ જગ્યાએ જોમબાઈ માતાનો પાળિયો છે. આજ પણ જે બાઈને છાતીએ ધાવણ ન આવતું હોય તે આ પાળિયાને પોતાનું કાપડું અડાડી આવે તો ધાવણની શેડો છૂટે એવી લોકવાયકા છે.

મા અને ભાઈને સ્વર્ગે વળાવીને લખધીરજી શોકમાં નહોતો પડી ગયો. એણે એ ઠેકાણે ગામ બાંધ્યું. એક રબારણ રોજ દૂધ આપી જતી તેને લખધીરજીએ બહેન કહેલી. એનું નામ મૂળી હતું. મૂળીની મમતાથી પરમારે ગામનું નામ મૂળી રાખ્યું. એ રીતે આજનું મૂળી સોઢા પરમારોની રાજધાની બન્યું.

# સિંહનું દાન



મૂળીની પાટ ઉપર સાતમી પેઢીએ ચાંચોજી થઈ ગયા. એક વખત હળવદના રાજરાણા માનસિંહજી, ધ્રોળના રાજા અને ચાંચોજી એકસાથે ગોમતીજીમાં નાહવા ગયા હતા. ગોમતીજીમાં સ્નાન કરતી વખતે ધ્રાંગધ્રાના તથા ધ્રોળના દરબારે કાંઈક વ્રતો લીધાં; પણ ચાંચોજીએ તો એવું વ્રત લીધું કે 'મારી પાસે જે કાંઈ હશે તે હું મારા જાચનારને આપીશ.'

ત્રણેય જાત્રાળુઓ ઘરે આવ્યા. બે મોટા દરબારોનાં વ્રત થોડે વખતે છૂટી ગયાં, પણ ચાંચોજીની પ્રતિજ્ઞા તો જીવસટોસટની હતી.

હળવદ દરબારે પોતાના દસોંદી ચારણને ઉશ્કેર્યા. વચન આપ્યું કે પરમારનું નીમ છોડાવ તો તું જે માગે તે તને આપું.

ચારણ કહે : 'પરમારનો પુત્ર હું માથું માગીશ તો માથુંયે વધેરી દેશે.'

દરબાર કહે : 'એવું કંઈક માગ કે પરમારને ના પાડવી પડે.'

ચારણ મૂળી આવ્યો. ભરકચેરીમાં દેવીપુત્ર અને અગ્નિપુત્ર ભેટીને મળ્યા. ચાંચોજી કહે : 'કવિરાજ, આશા કરો.'

'બાપ ! તમથી નહિ બને.'

'શા માટે નહિ ? માંડવરાજ જેવો મારે માથે ધણી છે. આ રાજપાટ ઉપર તો એની ધજા ફરકે છે, મારી નહિ. કોઈ દિવસ આ રાજપાટનાં ગુમાન કર્યાં નથી; માંડવરો ધણી એની લાજ રાખવા જરૂર આવશે.'

'અન્નદાતા, મારે તારી રિદ્ધિસિદ્ધિની એક પાઈયે નથી જોતી. તારા લાખપશાવ પણ ન ખપે. તારા માથાનો પણ હું ભૂખ્યો નથી.'

'જે માગવું હોય તે માગો.'

ચારણે ગોઠણભર થઈને દુહો કહ્યો કે:





અશ આપે કે' અધપતિ, દે ગજ કે દાતાર,
સાવઝ દે મું સાવભલ' પારકરા પરમાર !

(કોઈ રાજા ઘોડાનાં દાન કરે, તો કોઈ હાથી આપે. પણ હે સહુથી ભલા રાજા, તું મને જીવતો સાવજ આપ.)

'સાવજ !' સભાનો અવાજ ફાટી ગયો.

'હા, હા, જીવતો સાવજ !' ચારણે લલકાર કર્યો:

જમીં દાન કે દે જબર, લીલવળું લીલાર,
સાવઝ દે મું સાવભલ, પારકરા પરમાર !

(કોઈ જબરા રાજાઓ જમીનનાં દાન આપે, કોઈ પોતાનાં લીલાં માથાં ઉતારી આપે, પણ, હે પરમાર, તારી પાસે તો હું સાવજ માગું છું.)

હાહાકાર કરીને આખી કચેરી તાડૂકી ઊઠી : 'ગઢવા, આવું માગીને પરમારની આબરૂ પાડવામાં વડાઈ માનો છો કે ?'

ચારણે તો બિરદાવળ ચાલુ જ રાખી:

ક્રોડપસાં દે કવ્યંદને, લાખપસાં લખવાર,
સાવઝ દે મું સાવભલ, પારકરા પરમાર !

તું બીજા કવિઓને ભલે ક્રોડપસાવ અને લખપસાવનાં દાન દેજે પણ મને તો, હે પારકરા પરમાર, સાવજ જ ખપે.

'ગોઝારો ગઢવો !' સભામાં સ્વર ઊઠ્યો. ગઢવીએ ચોથો દુહો ગાયો:

દોઢા રંગ તુંને દઉં, સોઢા, બુદ્ધિ સાર,
મોઢે ઊજળે દે મને, પારકરા પરમાર !

(હે સારી બુદ્ધિવાળા સોઢા પરમાર, હસતું મોં રાખીને મને સાવજ દેજે, એટલે હું રાજાઓની કચેરીમાં તારાં દોઢાં વખાણ કરતો કરતો જ કસુંબો લઈશ.)

ચાંચોજીના મુખની એકેય રેખા બદલી નહિ. મોં મલકાવીને એણે કહ્યું : 'કવિરાજ, આવતી કાલે પ્રભાતે તમને સાવજનાં દાન દેશું.'

મધરાતે માંડવરાજના થાનકમાં જઈને ચાંચોજીએ અરજ ગુજારી : 'એ સૂરજદેવ ! જીવતો સાવજ શી રીતે દઉં? તારી ધજા લાજે નહિ એવું કરજે, દેવ !'

દેવળના ઘુમ્મટમાંથી ધણધણાટી દેતો અવાજ આવ્યો : 'હે ક્ષત્રી ! એમાં મારી પાસે શું આવ્યો ? મારા ડુંગરમાં આટલા આટલા સાવજ ડણક દઈ રહ્યા છે; તું ક્ષત્રી છો, તો એમાંથી એકાદને ઝાલી લે !'

બીજો દિવસ થયો. પ્રભાતે આખી કચેરીને લઈને ચાંચોજી ચોટીલાના ડુંગરમાં ગયા. ચારણને કહ્યું : 'ચાલો, કવિરાજ, સાવજ આપું.'

પરમારના ચારણોએ બિરદાવળ ઉપાડી :

પાંચાળી ચીર પૂરિયાં, વીઠલ, તેં વણપાર,<br>શરમ રાખ્યા ચાંચાતણી, જગદીશણ ગજતાર !

ત્યાં તો ત્રાડ દેતો એક સિંહ નીકળ્યો, દોટ કાઢીને ચાંચોજીએ એના કાન ઝાલ્યા. બકરી જેવો બનીને સિંહ ઊભો રહ્યો. પરમારે બૂમ પાડી : 'લ્યો કવિરાજ, આ સાવજનાં દાન.'

ચારણ પાછે પગે ભાગવા લાગ્યો ત્યારે ચાંચોજીએ સાદ કર્યો : 'ગઢવા! નવ લાખ લોબડિયાળીઓ લાજે છે. અરે ! તું કોઈકનો શીખવ્યો મારી લાજ લેવા આવ્યો, ને હવે ભાગ્યો ?'

સાવઝ ભાળી સામહો,' ભડક્યા કેમહી ભાગ,<br>પાંથું પાછા પાગ, ભરવા ન ઘટે ભડ જને !

(સિંહને સામો ઊભેલો જોઈને ભડકીને કેમ ભાગો છો ? ઓ ચારણ ! મર્દને પાછાં પગલાં માંડવાં ન શોભે.)

દાન માગતી વખતે ગઢવી એ વાત ભૂલી ગયેલો કે દેવા કરતાં લેવું ભારે પડશે. અને એક વાર માગેલું દાન સ્વીકાર્યા વિના તો બીજો ઉપાય નહોતો, ચારણનો વંશ લાજે. શું કરવું ? ચારણે ચતુરાઈ કરીને આઘે ઊભાં ઊભાં કહ્યું કે:

ચાંચે સિંહ સમર્પિયો, કેસર ઝાલિયો કાન,<br>(હવે) રમતો મેલ્યે રાણા, પોચ્યો પરમારા ધણી !

(ઓ બાપ ચાંચા, તેં કેસરી સિંહને કાન ઝાલીને મને સમર્પણ કર્યો, એ હું કબૂલી લઉં છું. મને દાન પહોંચી ગયું. હવે તું તારે એને રમતો મૂકી દે, હે રાણા !)

સાવજને માથે હાથ ફેરવીને રાજા બોલ્યો : 'જાઓ, વનરાજ ! મારી લાજ આજે તમે રાખી છે.' સાવજ ચાલ્યો ગયો. લોકો કહે છે કે એ માંડવરાજ પોતે જ હતા.





# એક અબળાને કારણે

સિંધમાં તે સમયે એક સૂમરો રાજા રાજ કરતો હતો. સૂમરાના દરબારમાં હેબતખાન નામના એક જતની નોકરી હતી. સૂમરાના કાનમાં કોઈએ મોહિની રેડી કે હેબતખાનના ઘરમાં સૂમરી નામની પદ્મણી જેવી કન્યા છે. કામદેવના ભૂવા સરખા ગાંડાતૂર સૂમરાએ હેબતખાનની કન્યાનું માગું મોકલાવ્યું.

હેબતખાને ના પાડી; જવાબ વાળ્યો : 'રાજાના હીરામોતીના હારની બેડીઓ કરતાં તો મારી સૂમરીને હું કોઈ મારા જેવા ગરીબના ઘરની ઘરવાળી બનાવીશ.'

સૂમરાએ નકાર સાંભળીને હુકમ કર્યો : 'નાસવા માંડ, છ મહિને જબરજસ્તીથી તારી છોકરી ઝૂંટવી લઈશ.'

હેબતખાન પોતાના કબીલાને લઈ પોતાના રસાલા સાથે ભાગવા મંડ્યો. ભૂજમાં આવીને એણે રાવનું શરણું માગ્યું. રાવે તો પોરસમાં આવી જઈ આશરો દીધો, પણ રાવના અમીર-ઉમરાવોએ ને કામદારે સિંધ તરફ આંગળી ચીંધીને બતાવ્યું : 'સૂમરાનાં ભાલાં આવીને હમણાં ભૂજને રોળી નાખશે.' કામદારે હેબતખાનને કહ્યું : 'ચાલ્યો જા.' ભરકચેરીમાં હેબતખાને રાવને પૂછ્યું : 'આ હુકમ આપનો છે ?'

રાવની આંખો ભોંયમાં ખૂંતી ગઈ. એણે માથું ઊંચું કર્યું નહિ. 'યા અલ્લાહ!' કહીને હેબતખાન પોતાનાં બાળબચ્ચાં લઈ ચાલતો થયો.

બધા જતો જામનગરમાં રોકાઈને આશરો માગવા ગયા. જામનગરે સંભળાવ્યું : 'ભૂજે ન સંઘર્યો, તો મારૂં શું ગજું ?' નગરનાં બારણાં બંધ જોઈને જતો ધ્રોળ રાજમાં ગયા. ધ્રોળથી જાકારો સાંભળીને આખો કબીલો મોતની તૈયારી કરી ચાલી નીકળ્યો.

માર્ગે મૂળી ગામનો ટીંબો આવ્યો. પાદરમાં જ જુવાન સોઢાઓ રમતા-ખેલતા હતા. જુવાનોએ આ જતોનાં બાળકોને રોતાં સાંભળ્યાં, લીંબુની ફાડ જેવી આંખોમાંથી બોર બોર જેવડાં પાણી પાડતી જતાણીઓને જોઈ. મૂળીને પાદરથી એક વટેમાર્ગુ પણ પોરો ખાધા વગર જાય નહિ, અને આ રોતાં કકળતાં દોઢ હજાર મુસાફરો કાં સીધાં ચાલ્યાં જાય ?

સોઢાઓએ જતને પૂછ્યું : 'ભાઈ, ક્યાં જવું?'

'જાવું તો દરિયામાં.'

'કેમ એમ ?'

'ધરતી અમને બધેયથી જાકારો દે છે, એને અમારો ભાર આકરો થઈ પડ્યો છે.'

'આમ આડું કેમ બોલો છો, ભા?'

'આડું નથી બોલતા, ભાઈ ! સાચું જ કહીએ છીએ. પરશુરામે એકેય રજપૂત ક્યાં રહેવા દીધો ?'

'પણ, ભાઈ, બોલો તો ખરા, શી આફત છે ?'

હેબતખાને બધી વાત કહી સંભળાવી. પરમારોમાં વાત પ્રસરી ગઈ. મૂળીને ટીંબે મોટા લખધીરજીથી ચોથી પેઢીએ લખધીર બીજાનું પાટ તપતું હતું. એણે જઈને પોતાની વૃદ્ધ માતાને પૂછ્યું : 'માડી, જતોને આશરો આપું ?'

પરમાર માતા બોલ્યાં : 'દીકરા, આજ એક વાત મને સાંભરી આવે છે: તું નાનો હતો. એક વખત હું નાહવા બેઠી હતી, ત્યારે તું રોતો હતો. હું આવીને જોઉં, ત્યાં તો તને વડારણ ધવરાવતી હતી. મેં તને ઊંધે માથે લટકાવીને વડારણનું ધાવણ ઓકાવી નાખેલું. પણ આજ લાગે છે કે એકાદ ટીપું તારા પેટમાં રહી ગયું હશે, નહિ તો પરમારનો દીકરો નિરાધારને આશરો દેવાને ટાણે રજા લેવા આવે નહિ.' એટલું બોલતાં તો માની મોટી મોટી આંખોમાંથી આંસુડાં ચાલ્યાં ગયાં.

'માડી! તમારે અક્કેક આંસુએ મારો અક્કેક અવતાર ઓળઘોળ કરૂં.' એટલું કહી માને પાયે માથું અડાડી જુવાન લખધીરજી ઊપડતે પગે ચાલ્યો ગયો. આખો ડાયરો લઈને જતોની આડો ફર્યો : 'જવાય નહિ, મૂળીના કૂબામાં જેટલી જગ્યા હશે તેટલી તમને કાઢી દેશું; અને રક્ષણ નહિ કરી શકાય, તોય મરશું તો ખરા !'

હેબતખાન બોલ્યો : 'હું પારકાને રક્ષણે જીવવાના લોભે નથી આવ્યો, પરમારો! હું તો ફક્ત આટલી જ શાંતિથી મરવા માગું છું કે આખરે અમને સંઘરનારા રજપૂત મળ્યા ખરા.'

પરમારોએ જતોને ઓરડા કાઢી આપ્યા. જતના ઉચાળાને વીંટીને રાતદિવસ પરમારીનો પહેરો બેસી ગયો. ત્યાં તો સૂમરાની ફોજના પડઘા બોલ્યા.

મૂળીની ભોં થાળી જેવી સપાટ છે. થોડે માણસે એ ભોંમાં બચાવ થઈ શકે નહિ. તેથી જત અને પરમારોએ માંડવના વંકા ડુંગર ઉપર આશરો લીધો. સૂમરાની ફોજ ડુંગરાની તળેટીમાં ઓડા લગાવી બેઠી. પણ ઉપર જવાનો લાગ આવતો નથી. ઉપર ચડવાની એ વિકટ કેડીએ જનાર શત્રુ કાં તો પલભરમાં ઉપરની ગોળી ખાઈને મરે છે, કાં તો તે નીચેનાં ઊંડાં કોતરોમાં ઊડી





પડે છે. એમ છ મહિના વીત્યા. એક દિવસ પરમારોના મુકામમાં કુંવર હાલાજીએ વેલા નામના હજામને કાંઈક આકરાં વેણ કહ્યાં હશે, તે ન સંખાવાથી વેલો ભાગીને સૂમરા બાદશાહની છાવણીમાં આવ્યો. આવીને કહ્યું : 'શું કામ મરો છો ? તમને એક દિવસમાં જિતાડું.'

બાદશાહ કહે : 'શાબાશ ! હું તને ગામગરાસ આપીશ.'

વેલાએ ઈલાજ બતાવ્યો. ડુંગરની પાછળના ભાગમાં એક બહુ જ વંકી છૂપી જગ્યાએ પરમારોને પાણી પીવાનો એક કૂવો હતો. એ એકના એક જળાશયમાં વેલા હજામે સૂમરાઓને હાથે બે ગાયો કપાવી નખાવી.

સાંજે આવીને પરમારોના પખાલીઓએ કૂવાને ભ્રષ્ટ થયેલો જોયો. પરમારોએ પોતાનું મોત સામે ઊભેલું દીઠું અને જતોને જણાવી દીધું : 'ભાઈઓ, સવારે ઊઠીને અમે તો ઝાડીમાંથી નીકળીને કેસરિયાં કરશું; પણ તમે મુસલમાન કોમ છો; તમને એ પાણી પીવામાં વાંધો નથી, તમે સુખેથી જિવાય ત્યાં લગી જીવજો. અમારા છેલ્લા રામરામ છે !'

હેબતખાને જવાબ વાળ્યો : 'શું એકલા પરમારો જ મરી જાણે છે ? આજે જુઓ તો ખરા, જતના લોહીમાં પરમારના લોહી જેટલી જ ક્ષાત્રવટ ભરી છે કે નહિ ?'

રાત પડી ત્યાં તો જતાણીઓમાં કાળો કકળાટ થઈ રહ્યો : 'અરેરે ! દૂધિયા દાંતવાળા પરમારોને આવતી કાલે તો જારનાં ડૂંડાંની જેમ વાઢી નાખશે. અને હજી તો માની ગોદમાંથી ચાલી આવતી રંભા જેવી રજપૂતાણીઓ કાલે પ્રભાતે ચિતા ઉપર ચડશે. હાય રે પાપણી દીકરી, સૂમરી ! હાય ડાકણી ! તું કેટલાને ભરખી લઈશ !'

સૂમરીએ એક ખૂણામાં બેઠાં બેઠાં આ મે'ણાં સાંભળ્યાં. અધરાત ભાંગી અને સહુ જતાણીઓની આંખ મીંચાઈ, તે વખતે સૂમરી કિલ્લાના ચોગાનમાં આવીને ઊભી રહી. આકાશમાં ટમટમ ઝબૂકતાં ચાંદરડાં સામે જોઈ રહી. એના હૈયામાંથી નિસાસો નીકળી ગયો : 'રે ખુદા ! મારો શો ગુનો ? મને આવડું બધું રૂપ કાં દીધું ?

સવારને પહોરે સૂર્ય મહારાજે જ્યાં ઉદયાચળને માથે કોર કાઢી, ત્યાં તો કેસરિયા વાઘા સજીને પરમારો નીકળ્યા. જતો પણ સાથે જ નીકળ્યા. સૂમરા સાથેના એ સંગ્રામમાં હેબતખાનનો એકનો એક જુવાન દીકરો કામ આવી ગયો. રાંડેલ ભાભીએ સૂમરીને સંભળાવ્યું: 'ચુડેલ ! તારા સગા ભાઈનેય તેં આજ ભરખ્યો ?'

સૂમરીને કાળજે જાણે છેલ્લું તીર ભોંકાવાનું હતું તે ભોંકાઈ ગયું. રાતે સોપો પડી ગયો તે વખતે છાનીમાની બહાર નીકળી, એક ગોવાળિયાના છોકરાને સાથે લઈ સૂમરી સાંઢ્ય ઉપર

ચડી, અને ખુદા બતાવે તે માર્ગે પંથ કાપવા માંડ્યો. એ વાતની ખબર પડતાં જ એની પાછળ સૂમરાઓ ચડ્યા. બરાબર બગબગું થયું તે ટાણે સૂમરી વણોદ ગામને પાદર પહોંચી. પાછું વાળીને જુએ ત્યાં તો સૂમરાના ઘોડા આડા ફરી વળેલ જોયા !

'હે અમ્મા, મારગ દેજે !' એટલું કહીને સૂમરીએ સાંઢ્ય ઉપરથી પડતું મેલ્યું. ધરતી ફાટી, અને મા જેમ રોતા બાળકને પોતાને થાનોલે વળગાડીને ઉપર પાલવ ઢાંકે, તેમ ધરતીએ પણ સૂમરીને અંદર લઈ પોતાનું પડ ઢાંકી દીધું. સૂમરી જે ઠેકાણે સમાઈ ગઈ ત્યાં એની ચૂંદડીનો એક છેડો બહાર રહી ગયો હતો. અત્યારે ત્યાં 'સૂમરી બીબીનું તળાવ છે' ને કબર છે. એ કબરની માનતા ચાલે છે.

અહીં માંડવના ડુંગર ઉપર તો જુવાનડાઓ હોળી ખેલતા હોય તેમ લોહીની શેડો છૂટતી હતી. ઈસાજી નામનો એક જત દુશ્મનની કારમી ગોળી ખાઈને કંડોળાની ટેકરી ઉપર પડ્યો હતો, અને એનાથી થોડે આઘે લખધીરનો કાકો આસોજી પણ ઘાયલ થઈને સૂતો હતો. બેયનાં અંગમાંથી ખળળ ખળળ લોહીની રેલ ચાલતી હતી. ઈસોજી પડ્યો પડ્યો પોતાના લોહીના રેલા આડે માટીની પાળ બાંધતો હતો. મોતની પીડામાં કષ્ટાતો આસોજી પૂછવા મંડ્યો : 'ભાઈ ઈસા! મરતી વખતે શું તને ચાળો ઊપડ્યો ? માટી શીદ ફેંકી રહ્યો છો ?'

ઈસો જવાબ આપે છેઃ 'હે ભાઈ, આ ચાળો નથી. આ મારૂં મુસલમાનનું લોહી છેલ્લી ઘડીએ તારા લોહીમાં ભેળાઈને તને ભ્રષ્ટ ન કરે, ને તારૂં મોત ન બગાડે, માટે હું આડી પાળ બાંધું છું !'

'એ ઈસા ! મ બોલ, મ બોલ ! મોત બગડતું નથી, સુધરે છે. આજ છેલ્લી પથારીએ સૂતાં સૂતાં આભડછેટ ન હોય. ન અટકાવ, ન અટકાવ. આપણાં લોહીને ભેળાવા દે.'

ઈસા સુણ, આસો કહે, મરતો પાળ મેં બાંધ,<br>
જત પરમારા એક જો, રાંધ્યો ફરી મ રાંધ

એ સાંભળીને ઈસાજીએ પોતાના લોહીને વહેવા દીધું. બેયનાં લોહી ભેળાં રેલ્યાં. ત્યારથી જત અને પરમાર પરસ્પર પરણે છે. એ લોહીનાં આલિંગન અમર રહી ગયાં છે.

ત્યાં તો વણોદથી વળી આવેલા સવારોએ ખબર આપ્યા કે જેને માટે વેર મંડાયું હતું તે તો ધરતીમાં સમાઈ ગઈ. પોતાની દીકરી જીવતી દુશ્મનોના હાથમાં ન ગઈ, અને મોત વહાલું ગણ્યું, તે જોઈને જતો પ્રસન્ન થયા. પણ પરમારોને તો એ સ્ત્રીની આત્મહત્યા સ્ત્રી હત્યા જેટલી જ વસમી લાગી. પરમારો હતાશ થઈ ગયા. સૂમરાએ તો પરમારોની કતલ કરી નાખી હતી. તે



પડ જુઓ પાંચાળ (ભાગ-૨ મૂળી)

ઉપરાંત એણે હાલાજીને કેદ કરીને લખધીરજીને કહ્યું : 'મારા લશ્કરને સિંધમાંથી આવવાનું ખર્ચ નહિ આપ, તો હાલાજીને ઉપાડી જઈ મુસલમાન કરીશ.'

લખધીરજીએ અમદાવાદના બાદશાહ મહમ્મદ બેગડાની સહાય માગી. બેગડાએ વચ્ચે પડી લશ્કરનું ખર્ચ લખધીરજી ચૂકવશે એવી બાંયધરી દીધી, અને ખર્ચ પરમારો ન ભરે ત્યાં સુધી હાલાજીને પોતાના કબજામાં રાખવાનું ઠરાવ્યું.

૦૦૦

હાલોજી પરમાર મહમ્મદશાહની સાથે અમદાવાદ જઈ રહ્યો. બાદશાહની ઉમેદ હતી કે હાલાજીને મુસલમાન બનાવવો; પણ જોરજુલમથી નહિ એને ઇસ્લામનું સાચું નૂર બતાવીને. તેથી બાદશાહે ચાર મરજાદી બ્રાહ્મણોને બોલાવીને હાલાજીના રસોડા ઉપર મૂક્યા. હાલાજી જરાય ન દુભાય તેવી રીતે બાદશાહે બંદોબસ્ત કરાવ્યો. બીજી તરફ એને ઈસ્લામ ધર્મનાં રહસ્યો સમજાવવા મૌલવીઓ રાખ્યા. પણ હાલાજીનું મન પલળ્યું નહિ. સૂમરાની ખંડણી પૂરી થયે હાલોજી પોતાના ભાઈની પાસે મૂળી ચાલ્યો ગયો.

પાંચમે જ દિવસે મારતે ઘોડે હાલોજી પાછો અમદાવાદ આવ્યો. ભરકચેરીમાં હાંફતી છાતીએ હાલોજી આવીને બોલી ઊઠ્યો : 'બાદશાહ સલામત ! મને મુસલમાન બનાવો, જલદી મને મુસલમાન બનાવો.'

બાદશાહ તાજુબ બની ગયા. એમણે બધી હકીકત પૂછી. હાલાજીએ હકીકત કહી. 'હું મારે ઘેર ગયો, આપે આંહીં મને કેવી રીતે પવિત્ર રાખ્યો તેની વાત મેં મારાં ભાઈ-ભાભીને કહી સંભળાવી. ત્યાર પછી મને તરસ લાગવાથી હું પાણિયારે જવા ઊઠ્યો, ત્યાં તો મારી ભાભી આડી ફરીને ઊભી રહી. ભાભીએ કહ્યું: 'તમે પાણીને ગોળે અડશો મા.'

મેં કહ્યું : 'ભાભી, હાંસી કરો છો કે શું ?' ભાભી બોલ્યાં : 'ના, હાંસી નથી, ખરૂં છે.' તોય હું હાંસી સમજ્યો, ચૂલા પાસે જવા ચાલ્યો, પણ ભાભીએ ક્રોધ કરીને કહ્યું: 'તમે તો મુસલમાનની ભેળા રહી આવ્યા છો. હવે તમે ચોખ્ખા ન ગણાઓ.' જહાંપનાહ, જો હિન્દુ ધર્મ આવો સાંકડો હોય તો મુસલમાન જ કાં ન થઈ જવું? મને મુસલમાન જ બનાવો.'

હાલોજી મુસલમાન બન્યો; બાદશાહે લખધીરજીને મૂળીથી અમદાવાદ બોલાવ્યા, અને હુકમ દીધો કે રાણપુરની ચોવીસી હાલાને આપો. બાદશાહે પોતે બીજાં ચાર ગામ પણ હાલાજીને મસાલમાં આપ્યાં; એ રીતે હાલાજીને રાણપુરની ગાદી પર મોકલ્યા. સાથે મોગલ, શેખ, સિપાઈ, લોદી અને બલમલા રાઠોડ એમ ચાર અમીરો આપ્યા, એક મસાલ આપી.

એક દિવસ હાલોજી પરમાર રાણપુરથી જમાબંધી ભરવા માટે ધંધુકા ગયા છે. તે જ દિવસે કાઠીઓએ ધંધુકાની ગાયો વાળી. ગામમાં વસ્તીનાં કલ્પાંત સાંભળીને હાલાજીનું હૃદય હલમલી ઊઠ્યું. મનમાંથી અંતર્યામી દેવ બોલ્યા : 'હાલાજી, તારી કાયા ભલે વટલી, પણ રૂદિયો તો ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળનો રહ્યો છે ને ! આજ તું બેઠાં કાઠી ગાયો વાળી જશે ? હે અગ્નિપુત્ર ! બાપદાદાના બિરદ સંભાર!'

એકલ પંડ હાલોજી ગાયોની વહારે ચડ્યા. ધંધુકાની દક્ષિણે એક ગાઉ ઉપર કાઠીઓની સાથે ભેટો થયો, અને ધીંગાણામાં હાલોજી કામ આવ્યા. આજ સરવરશા પીરની જગ્યામાં એમની પાંચેક હાથ લાંબી કબર મોજૂદ છે.

હાલાજીનાં રાણી પોતાના દીકરા હાંસુજીને તેડી બાદશાહની પાસે ગયાં. રાણીની અરજથી, જે જગ્યાએ ગાયોને કારણે હાલોજી કામ આવ્યા તે આખી જગ્યા બાદશાહે ગૌચરમાં આપી દીધી.

હાલાજીના માથામાં બાદશાહે હાંસુજીને ભૂતિયા, ભહરિયા, દાંતિયા ને જાંબુડિયા નામનાં ચાર ગામડાં પણ આપેલાં. તે ગામ આજે ઉજ્જડ થઈ ધંધુકાની સીમમાં ભળી ગયાં છે. હજુયે એનાં ઢોરાં એંધાણીઓ તરીકે મોજૂદ છે, અને એ ગામો ઉપરથી મારગોનાં નામ પણ પડેલાં છે.

## રામપરડા રાજ્ય

રામપરડા એ ઝાલાવાડ જિલ્લામાં આવેલું એક અલગ ખંડણી ભરનારૂ (Tribute-Paying) રાજ્ય છે, અને તે ચોટીલા થાણા હેઠળ આવે છે. તે કરપડા કાઠીઓની જાગીર (Holding) છે. તે ચોટીલાથી અઢાર માઈલ ઉત્તર-પૂર્વમાં અને મૂળીથી સાત માઈલ પશ્ચિમમાં આવેલું છે. 1872ની વસ્તીગણતરી પ્રમાણે રામપરડાની વસ્તી 56 હતી, અને 1881ની વસ્તીગણતરી પ્રમાણે 423 માણસો હતી. ગીરાસના ગામોની સંખ્યા. 2

રામપરડા છઠ્ઠા વર્ગનો અખત્યાર ધરાવતો કરપડા કાઠી દરબારોનો તાલુકો હતો. અહીંના રાજવી તાલુકદાર દરબારશ્રી રાજાબાપુ અને દરબારશ્રી ગોદડબાપુ કરપડા હતા. આ તાલુકા નીચે 1 ગામ રામપરડા આવેલ હતું.

ખમીરવંતા શૌર્યવાન વીર જવામર્દ કરપડા રાજવીઓ સદા અણનમ રહ્યાં છે. 1947 સુધી શાસન ચલાવેલ છે. રામપરડા અને કરપડા કાઠી દરબારોની શૌર્યગાથાનો ઈતિહાસ પ્રસિધ્ધ છે.





## જેઠુભા-જીવુભાનું અમર બલિદાન

અઢારમી સદીના સૌરાષ્ટ્રનું મૂળી પરગણું, જ્યાં ભોગાવો નદીના કાંઠે પ્રકૃતિ સોળે કળાએ ખીલી હતી. એ ધરતી પર મોરી પરિવારનો વટ અને વફાદારીની સુવાસ ચારેકોર પ્રસરેલી હતી. એંશી વસંતો નિહાળી ચૂકેલા વૃદ્ધ છતાં તેજસ્વી જેઠુભા અને તેમનો જુવાનજોધ પુત્ર જીવુભા. બાપ-દીકરાની આ જોડી જાણે કોઈ વીરતાના પ્રતીક સમાન હતી.

એક દિવસ જ્યારે સીમમાં કોહ (કોશ) હાંકીને તેઓ પરસેવો પાડી રહ્યા હતા, ત્યારે કાળનો પોકાર સંભળાયો. દૂરથી ધૂળની ડમરીઓ ઉડતી દેખાઈ. મૂળીના ઠાકોર વખતસિંહના અતિ પ્રિય અને પવિત્ર ગૌધનને લૂંટારાઓ હંકારીને લઈ જઈ રહ્યા હતા. રાજના બળદ લૂંટાય, એ મોરી પરિવાર માટે પોતાના કુળની આબરૂ લૂંટાવા જેવું હતું. જેઠુભાની નસેનસમાં રાજપૂતી લોહી ધબકી ઉઠ્યું. તેમણે ઘોડી પલાણી અને પુત્રને હૂંકાર કર્યો : 'બેટા જીવા ! આજે જો આ ગૌધન પાછું નહીં આવે, તો આપણી પેઢીઓનું નામ કલંકિત થશે. માતૃભૂમિ અને ઠાકોરની આબરૂ બચાવવી એ જ ક્ષત્રિયનો પરમ ધર્મ છે.'

પિતાના શબ્દો સાંભળતા જ જીવુભાની આંખોમાં અંગારા ઝરવા લાગ્યા. એક જ ઘોડી પર સવાર થઈને બાપ-દીકરો કાળના મુખમાં ઝંપલાવવા નીકળી પડ્યા. સીધસરની સીમમાં જ્યારે લૂંટારાઓ સાથે મુકાબલો થયો, ત્યારે આકાશ પણ થંભી ગયું. એક તરફ અસંખ્ય દુશ્મનો અને બીજી તરફ બે વીર મોરી રાજપૂતો ! રપટાની રાંપ (ખેતીનું સાધન) જ્યારે હવામાં વીંઝાતી, ત્યારે સૂર્યના કિરણો તેના પર પડીને જાણે વીજળીના કડાકા કરતા હોય તેમ લાગતું.

યુદ્ધ અત્યંત ભીષણ હતું. જીવુભાએ પોતાની વીરતાના જોરે દુશ્મનોના દાંત ખાટા કરી નાખ્યા. અસંખ્ય ઘા ઝીલ્યા છતાં જીવુભા લડતા રહ્યા, અંતે તે માતૃભૂમિ માટે વીરગતિને પામ્યા. પુત્રને શહીદ થતો જોઈ જેઠુભાનું હૈયું દ્રવી ઉઠ્યું, પણ આંખમાં એક ટીપું આંસુ ન આવ્યું. તેમણે દુશ્મનોને એવી રીતનો પાઠ ભણાવ્યો કે તેઓ રણમેદાન છોડીને ભાગી છૂટ્યા. બળદોને સુરક્ષિત મૂળી તરફ હાંકી, પોતે પણ અસંખ્ય ઘા સાથે ઘોડી પર મૂળી તરફ નીકળ્યા.

જ્યારે તેઓ માંડવરાય મંદિરના પ્રાંગણમાં પહોંચ્યા, ત્યારે તેમનું શરીર લોહીથી તરબતર હતું. પેટ પર પડેલો ઊંડો ઘા ભયાનક હતો, જે તેમણે બુકાની બાંધીને દબાવી રાખ્યો હતો. મંદિરના ઉગમણા દ્વારે આવીને જેઠુભા ઘોડી પરથી નીચે ઉતર્યા. ઈષ્ટદેવ માંડવરાયના ચરણોમાં નમસ્કાર કર્યા અને ધરતી પર ઢળી પડ્યા. તેમનો ચહેરો શાંત હતો, જાણે કોઈ યુદ્ધ જીતીને વિજેતા સૈનિક નિદ્રાધીન થયો હોય !

આજે પણ મૂળીમાં એ વીર બાપ-દીકરાના પાળિયા ઊભા છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ ધર્મ અને ટેક પર સંકટ આવ્યું છે, ત્યારે મોરી પરિવારના દીવાઓએ પોતાની આહુતિ આપીને ધરતીને પાવન કરી છે. આજે એ બલિદાનની યાદમાં માંડવરાય મંદિરે ધૂળેટીના દિવસે બાવનગજની ધજા ચઢે છે અને મોરી પરિવારની વીરતાના ગાન ગવાય છે. આ ગાથા માત્ર ઈતિહાસ નથી, પણ આત્મસમર્પણ અને ટેકની એક અવિરત ચાલતી ગાથા છે.

# કણબાઈ માતાજીનો ભવ્ય ઈતિહાસ



આઈ કણબાઈ માતાજીના ઈતિહાસ બાબતે ધાંગધ્રાના બાવળી ગામે ગઢવી સોયા બાટીના ઘરે 7 પુત્રીઓ હોય છે. તેમાં ક્રમશઃ જોઈએ તો પ્રથમ પીઠડ, રખાઈ, કાત્રોડી, કણબાઈ, હેમશ્રી, ધોધશ્ર, સુંદરી નામે 7 પુત્રીઓ હતાં. જેમાંથી આઈ પીઠડનાં અનેક સ્થાનકો સૌરાષ્ટ્રમાં જોવા મળે છે ત્યારે કણબાઈ ગામના સિમાડા પર પણ સ્થાનક આઈ પીઠડનો ઓરડો તરીકે પ્રખ્યાત છે. જ્યારે આઈ રખાઈનું સ્થાનક રખઈ ધાંગધ્રા ગામે આવેલું છે.

આઈ કાત્રોડીનું સ્થાનક કાત્રોડી કુંતલપુર મુળી ગામે આવેલું છે. અને આઈ કણબાઈનું સ્થાનક અને મંદિર સોલંકી શૈલીનું કણબાઈ કળમાદ ગામે આવેલુ છે. હેમશ્રી અને ધોધશ્રીના સ્થાનકો અને મંદિર પણ ઝાલાવાડમાં આવેલા છે. આઈ સુંદરીનું મંદિર સુંદરી ગામે સુંદરી ભવાની હળવદમાં આવેલું છે તે મંદિર પણ પુરાતત્વ વિભાગ હેઠળ આરક્ષિત સ્મારક છે. મોટા બહેન આઈ પીઠડ સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત છે.




**જય શેખવાહાપીરની જગ્યા, લીમલી**





# એક ઐતિહાસિક ગામ કુંતલપુર



મૂળી તાલુકાનાં કણેકણમાં ઈતિહાસ, શૂરવીરતા તેમજ દાનવીરતાની વાતો ધરબાયેલ છે. ગામોમાં કાંઈને કાંઈ ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ જોવા મળે છે. ત્યારે આજે આપણે વાત કરવી છે તે મૂળીથી આથમણી દિશાએ 30 કિમી દૂર આવેલા કુંતલપુર ગામની.

કુંતલપુર ગામનો ઈતિહાસ જોતા સંવત 1500-1600નાં સમયનું પૌરાણિક ગામ છે. પાંડવોનાં સમય આ ગામ નગરી હતી અને કુંદનપુર નામ હતું. આ નગરી કુંતામાતાને તેમના પિતા પાસેથી મળી હોવાનું માનવામાં આવે છે. રાજાશાહીમાં ખાચર રાજા રાજ કરતા હતા. સમય જતા કરપડા અને મકવાણા ઝાલા ખવડજીને કરપડાએ આપેલ, જ્યાંથી ખવડ અટકનાં કાઠીની શરૂઆત થયેલ હોવાનું માનવામાં આવે છે.

આ ગામ ચારણોનું ગામ હોવાનું અને ગામનું નામ પણ કાતરોડીમાતાનાં નામ પરથી હાલ કુંતલપુર થયું હોવાનું મનાય છે. જ્યારે કેટલાક ઈતિહાસકારો આ ગામ કુંતામાતાનું પિયર હોવાનું માને છે. વર્ષો પહેલા આસપાસમાં પથ્થર માટીમાંથી સોના જેવી ચળકાટ ધરાવતી ધાતુ તેમજ લોખંડ ગાળવાનો ઉદ્યોગ ખૂબ જ વિકસેલો હોવાનું માનવામાં આવે છે.

રામપરાના માર્ગે દલખાણો હતી. અને 900થી વધુ લુહારની ધમણો હતી. હાલ પણ એ ખાણો છે. જેને દલખાણથી ઓળખવામાં આવે છે. તેમજ લોખંડમાંથી હથિયારો અને સાધનો બનાવતા હતા. જેનાં પુરાવા આજે પણ ગામની પૂર્વ દિશામા બળેલા કોલસા સાથે ઓગળી ગયેલ ધાતુને લોકો 'કાંટોળા' તરીકે ઓળખે છે. તેમજ આસપાસમાં ખોદકામ કરે તો પણ ઇંટોની ભઠ્ઠી પણ મળી આવે છે. મિનળદેવીનાં સમયમાં અહીં વિશાળ તળાવ બાંધવામાં આવેલ જે હાલ જોવા મળે છે. હાલ કુંતલપુર ગામે અંદાજે ચાર હજારના વસતિ રહે છે. જેમાં પટેલ, લુહાર, રબારી, કોળી સહિતનો સમાવેશ થાય છે.

## સેવાનું પવિત્ર ધામ-શ્રી નિર્દોષાનંદજી નિરાંતઘર



ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના સોમાસર ગામમાં આવેલું શ્રી નિર્દોષાનંદજી નિરાંતઘર માનવસેવાનું એક અનોખું અને પ્રેરણાદાયી કેન્દ્ર છે. આ સંસ્થા નિરાધાર, અસહાય, વૃદ્ધ, બીમાર અને ત્યજાયેલા લોકોને પ્રેમ, આશ્રય અને સન્માનપૂર્ણ જીવન પ્રદાન કરવાના પવિત્ર ધ્યેય સાથે કાર્યરત છે.

નિરાંતઘર એટલે સેવા, સંવેદના અને સહઅસ્તિત્વનું નિવાસસ્થાન. નિરાંતઘર એટલે એક છત, એક ભાવ, એક માનવતા. નિરાંત ઘર એટલે, મૌનમાં બોલતી માનવતા.

આ સંસ્થાનું સંચાલન અનુબંધ સંસ્થા દ્વારા કરવામાં આવે છે, જેના સ્થાપક નિરૂપાબહેન છે. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ સમાજના એવા લોકોની સેવા કરવાનો છે, જેમની સંભાળ લેવા માટે કોઈ પરિવાર કે આધાર નથી.

નિરાંતઘરમાં રહેવાસીઓને નિવાસ, પૌષ્ટિક ભોજન, દૈનિક જરૂરિયાતોની સુવિધા, આરોગ્યની સંભાળ અને હૂંફભર્યો પારિવારિક માહોલ મળે છે. હાલ 125 વૃદ્ધ નિરાંત ઘરમાં નિરાંતે નિવાસ કરી રહ્યાં છે.

શ્રી નિર્દોષાનંદજી નિરાંતઘર માત્ર આશ્રયસ્થાન નથી, પરંતુ કરૂણા, સેવા અને માનવતાના મૂલ્યોનું જીવંત પ્રતીક છે. અહીં દરેક રહેવાસીને આત્મિયતા અને સન્માન સાથે જીવન જીવવાની તક આપવામાં આવે છે. સેવા એ જ પરમ ધર્મ છે. આ ભાવના સાથે કાર્યરત સંસ્થા અનેક નિરાધાર જીવનોમાં નવી આશા જગાવી રહી છે.

આ સંસ્થાના સેવાકાર્યોમાં સમાજના દાતાશ્રીઓ, સેવાભાવી વ્યક્તિઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓ સતત સહયોગ આપી રહી છે. સુરેન્દ્રનગર રોટરી ક્લબ, અમદાવાદની રાહી ફાઉન્ડેશન સહિત અનેક સંસ્થાઓ સમયાંતરે જરૂરી સામગ્રી અને આર્થિક સહાય પૂરી પાડી માનવસેવાના આ યજ્ઞમાં સહભાગી બને છે.

શ્રી નિર્દોષાનંદજી નિરાંતઘર માત્ર એક વૃદ્ધાશ્રમ નથી, પરંતુ માનવતા, કરૂણા અને નિઃસ્વાર્થ સેવાનું પ્રેરણાદાયી કેન્દ્ર છે. સમાજના સહયોગ અને સેવાભાવી કાર્યકરોના સમર્પણથી





આ સંસ્થા ભવિષ્યમાં પણ અસંખ્ય જરૂરિયાતમંદ લોકોના જીવનમાં આશા અને આત્મ-વિશ્વાસનો પ્રકાશ ફેલાવી રહી છે.

નિરાંત ઘરની શરૂઆત 2022 માં સુરેન્દ્રનગરમાં ભાડાના મકાનમાં કરવામાં આવી હતી. આજે પાંચ એકરના પરિસરમાં પોતાના ઘરમાં સ્થાઇ થયા છીએ.

નિરાંત ઘરની રચના કરવા પાછળ આપણી સંસ્કૃતિમાં રહેલી વસુધૈવ કુટુંબકમની ભાવના માત્ર છે. જેમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી, ખોટ ખાંપણ, બીમાર, રોગ, કોઇપણ ઉંમર, નાના મોટા સહુ, દરેક જાતિના સૌ સભ્યો સાથે રહેતા હોય, જયાં એકબીજા વિશે સંવેદના, કાળજી, હુંફ, પ્રેમ વરસતો હોય, કોઇને ભાઇ મળે, કોઇને બહેન, વળી કોઈને માતા-પિતા, દાદા-દાદી મળે, નોખા નોખા સૌ કોઇ ભેગા થાય ને સાચા અર્થમાં પરિવાર બને.

કોઈ સાજા, કોઇ બીમાર, કોઇ પ્રજ્ઞાચક્ષુ, તો કોઇ મનોદિવ્યાંગ એક પરિવારમાં સૌ કોઇનું પ્રેમભર્યુ સ્વાગત હોય.

સમાજના દરેક તકવંચિત લોકોને પણ સમાજ સાથે જોડવા, આ છેવાડાના લોકોના જીવનમાં પરિવર્તન આવે અને છેલ્લી ઘડી સુધી શાતા પામે એમ સાચવી લેવા એ જ હેતુ છે.

**સંદર્ભ સાહિત્ય :**


- સૌરાષ્ટ્રની રસધાર
- શ્રી સ્વામિનારાયણ જીવનચરિત્ર, મૂળીધામ
- પરમાર વંશ સાગર
- ધન્ય ધરા દૂધઈધામની
- શ્રી સદ્‌ગુરૂ જીવનદર્શન
- દિવ્ય ભાસ્કર (સુરેન્દ્રનગર આવૃત્તિ)
- કાઠિયાવાડ ડીરેક્ટરી
- કાઠીઓ અને કાઠિયાવાદ - ડૉ. પ્રધ્યુમન ખાચર
- સૌરાષ્ટ્રનાં ઝાલા શાસનનો ઈતિહાસ - ડૉ. ઈન્દ્રવદન આચાર્ય
- કાઠિયાવાડ સર્વસંગ્રહ
- કાઠિયાવાડના વાળા અને કાઠી રાજવંશો - નાજભાઈ વાળા
- The Ruling Prince of India
- Indian Princely State Website

## કાઠિયાવાડનું પરગણું : પાંચાળ પ્રદેશ

કાઠિયાવાડનું એક પરગણું પાંચાળ પ્રદેશના નામે જૂના કાળથી જાણીતું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ થાનગઢ, ચોટીલા, મૂળીએ બધો વિસ્તાર પાંચાળ ગણાય છે. સ્કંદપુરાણ અને પદ્મપુરાણમાં પાંચાળનો ઉલ્લેખ મળે છે. સૂર્યદેવળને મધ્ય માનીને તેની પૂર્વે મૂખી-માંડવરાય (માર્તંડદેવ-સૂર્ય) પશ્ચિમે મહીકુ, ઉત્તરે સરામાથક અને દક્ષિણમાં ચોટીલા અને આણંદપર એમ 196 માઈલના ઘેરાવામાં આ પરગણું પથરાયેલું હતું. અહીંની પ્રજા એને 'દેવકો પાંચાળ દેશ' પણ કહે છે.

આ પંથકનું નામ પાંચાળ શાથી પડયું હશે એનું અનુમાન કરતાં માયાશંકર પંડયા નોંધે છે કે આ ભૂમિનું નામ કણ્વઋષિનાં વખતમાં પાંચાળ બોલાતું હતું તેમ જણાય છે. 'થાનમહાત્મ્ય'ના બારમા અધ્યાયમાં આપેલ હકીકત મુજબ રામચંદ્રજીએ ગુરૂ વશિષ્ટને પૂછ્યું, 'હે મુનિવર ! મેં રાવણાદિક રાક્ષસોને માર્યા એ વખતે અગસ્ત્ય ઋષિએ કહ્યું કે રાવણ તો વિપ્ર બ્રાહ્મણ હતો, એટલે તમને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું. પાપના નિવારણ અર્થે દેવભૂમિ પાંચાળમાં જાઓ. ત્યાં કણ્વ, ગાલવ, ઓતિથ્ય, અંગીરા અને ભ્રેસપતિ આદિ પાંચ ઋષિઓના તપથી પાવન થયેલી ભૂમિ છે. પાંચ ઋષિઓના વસવાટ પરથી આ પ્રદેશ પાંચાળ દેશના નામે જાણીતો છે. થાન પાસે આવેલા તરણેતરમાં તરણેતરિયો મેળો આજે ય ભરાય છે.

અમૃત પંડયા નોંધે છે કે પાંચાલ નામ સૌરાષ્ટ્રમાં શી રીતે આવ્યું તે સમજાતું નથી. પાંચાલી પાંડવોના વખતમાં થઈ ગયાં. રામચંદ્રજી એના પહેલાં ઘણા વરસે થયા. કેટલાક માને છે પંચાળ નામ પાંચાલ દેશ પરથી આવ્યું છે. મૂળ પાંચાલ ઉત્તર ભારતમાં હાલ બરેલી અલિગઢ છે ત્યાં હતું. દ્રોપદીનો પિતા તેનો રાજા હતો. કિંવદંતી અનુસાર પાંડવો આ ભૂમિ પર આવેલા. અર્જુને અહીં મત્સ્યવેધ કરેલો. દ્રોપદી અર્થાત્ પાંચાલીના નામ પરથી પંચાળ પ્રદેશ કહેવાયો હોવાનું અનુમાન છે. આ કંકુવરણી (રતુંબડી) ધરતીના પટાધર પુરૂષો, નમણી નારીઓ, નવરંગ તોરિંગ (અશ્વો). કિલ્લોલતા સારસ અને મૃગલા વખણાય છે. એ દુહા કહે છે:

આછા પાણી વીરડે, ધરતી લાંપડી આળ
સરતીયાં સારસ લવે, પડ જુઓ પાંચાળ,

ગૂઢે વસ્તર ગોરિયાં, પગ પીંડીનો તાલ,
પનઘટ ઉપર પરહરે પડ જુઓ પાંચાળ,

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ,
નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ.





## પડ જુઓ પાંચાળ (ભાગ-૨ મૂળી) લેખન કાર્યશિબિર





શ્રી જોમબાઈ માતાજીનું મંદિર, ટીડાણા રોડ, મૂળી
તારીખ ૦૧લી જુલાઈ, ૨૦૨૬ને બુધવાર

## મૂળી તાલુકો








# મૂળી તાલુકાના ગામોની યાદી

- આંબરડી
- આસુન્દ્રાળી
- ભવાનીગઢ
- ભેટ
- ચાંદરેલીયા
- ચાણપર
- દાધોળીયા
- દાણાવાડા
- દેવપરા
- ધર્મેન્દ્રગઢ
- ધોળીયા
- દિગસર
- દૂધઇ
- ગઢાદ
- ગઢડા
- ગૌતમગઢ
- ગોદાવરી
- હેમતપર
- જસાપર
- જેપર
- કળમાદ
- કરસનગઢ
- ખાખરાથળ
- ખંપાળીયા
- ખાટડી
- કુકડા
- કુંતલપુર
- લીમલી
- લીયા
- મહાદેવગઢ
- માનપર
- મૂળી
- નાડધ્રી
- નળિયા
- નળખંભા
- નવાણીયા
- પલાસા
- પાંડવરા
- રામપર
- રામપરડા
- રાણીપાટ
- નવા રાયસંગપર
- જુના રાયસંગપર
- સાંગધ્રા
- સરા
- સરલા
- શેખપર
- સીધ્ધસર
- સોમાસર
- સુજાનગઢ
- ટીડાણા
- ટીકર (પરમાર)
- ઉમરડા
- વડધ્રા
- વગડીયા
- વેલાળા (ધ્રાં.)
- વેલાળા (સા.)
- વીરપર